ICE®

# MIRACLES

EXCLUSIVE FOR GPSC

(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 12 | 01 to 15 OCT - 2020





PAGE 28 **નેશનલ સ્ટાર્ટ અપ પુરસ્કાર - 2020**




PAGE 22

**શૌર્ય મિસાઈલ**




PAGE 33

**અટલ ટનલ**

# INDEX


## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1

- ભારતીય સંઘવાદ અને ઉભરતા પડકારો.......01
- પોલીગ્રાફ અને નાર્કો ટેસ્ટ.........................02
- ઓફિશ્યિલ સિક્રેટ એક્ટ..........................03
- વિરોધ પ્રદર્શન અંગે સર્વોચ્ચ અદાલતનો નિર્ણય..............................................04
- સહાયક પ્રજનન તકનીક (નિયમન) બિલ, 2020..............................................05
- ચુંટણી પ્રચાર પ્રસારણ સમયમાં વધારો.........05

## 2. અર્થતંત્ર.............................06

- ઓદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો..................06
- નિર્ણય પ્રક્રિયા અને મહિલાઓની ભાગીદારી...07
- CACPનો ખરીફ માર્કેટીંગ સિઝન પર અહેવાલ.............................................07
- દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત..........09
- ભારતીય અર્થવ્યવસ્થામાં સંકોચન...............09
- RBI અને RTGS(Real Time Gross Settlement System)............................10

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ....11

- બિજિંગ ઘોષણા અને લિંગ સમાનતા...........11
- બોન્ગોસાગર.......................................12
- ન્યુ કેલેડોનીયા લોકમત............................12
- FinCEN અને FIU-IND.........................13
- ક્વાડ દેશોના વિદેશમંત્રીઓની બેઠક.......14
- એલાયન્સ ફોર ઇનોવેશન્સ ઈન એપીડેમિક પ્રેપરેશન............................................14
- ભારત-અમેરિકા સંબંધ............................14
- પરમાણુ હથિયાર અને ભારત.....................15
- ભારત-જાપાન વચ્ચે વ્યુહાત્મક સંવાદ..........16
- UNCDF અને મહિલાઓનુ આર્થિક સશક્તિકરણ ..................................................17

## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....19

- બ્રાહ્મોસમિસાઇલ(BrahMosMissile).........19
- એસ્ટરોઇડ માઇનિંગ રોબોટ......................19
- ભારતમાં કોવીડ-19 રસીના ઉત્પાદનમાં વૃદ્ધિ..19
- વિજ્ઞાન અને તકનીકી સૂચકાંકો..................21
- વિજ્ઞાન અને તકનીકી પર મંત્રીસ્તરીય ઓનલાઇન સંમેલન..................................22
- શૌર્ય મિસાઇલ.......................................22
- સુપરસોનિક મિસાઈલ અસિસ્ટેડ રિલીઝ ઓફ ટોરપિડો...............................................22
- ભૌતિકશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર...........23
- વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક(VAIBHAV) સમિટ, 2020..............................................23
- રસાયણશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર................24
- DNA બારકોડીંગ..................................24
- એન્ટી-રેડિયેશન મિસાઇલઃ રુદ્રમ.................25
- કેલ્શિયમ નાઈટ્રેટ અને બોર્નેટેડકેલ્શિયમ નાઈટ્રેટ ..................................................25

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........26

- આંબેડકર સામાજિક ઇનોવેશન અને ઇન્ક્યુબેશન મિશન (Ambedkar Social Innovation & Incubation Mission)......26
- વિશ્વાસ યોજનાઃ એક વ્યાજ સબવેંશન યોજના ..................................................26
- ડેટા ગવર્નન્સ ક્વોલિટી ઇન્ડેક્સ................27
- પર્યટન સંજીવની યોજના..........................27
- નેશનલ સ્ટાર્ટઅપ પુરસ્કાર, 2020.........28
- પ્રાણી સંગ્રહાલયોને સુધારવા અને વિસ્તૃત કરવાની યોજના...................................28
- સસ્ટેનેબલ રાઇસ પ્લેટફોર્મ (SRP) અને ઈકોલેબલ..........................................29
- ગરીબી પર વિશ્વ બેંકનો રીપોર્ટ..................29

- વૈજ્ઞાનિક જ્યોતિ અને 'એંગેજ વીથ સાયન્સ'....31
- સ્વામિત્વ યોજના અને સંપત્તિ કાર્ડ....31

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ....33

- આર્કિટ્ક ક્ષેત્રમાં આગની ઘટનાઓનું બદલાતું સ્વરૂપ....33
- અટલ ટનલ....33
- કોરલ રીફ માટે વૈશ્વિક ફંડ....34
- કોઝિકોડ-વાયનાડ ટનલ પ્રોજેક્ટ....35
- POP(Persistent Organic Pollutants)અને સ્ટોકહોમ સંમેલન....36
- અર્થશોટ એવોર્ડ....37
- અર્બોર્ટીલ્કુસા નામદર્ફેસિસ....37
- દિલ્હી પ્રદુષણ નિયંત્રણ....38

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ....39

- ભારતી લિપિ....39
- મહાત્માગાંધીઅનેલાલબહાદુરશાસ્ત્રી....39

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો....41

- વૃદ્ધ વ્યક્તિઓનો આંતરરાષ્ટ્રીય દિવસ....41
- વિશ્વ શિક્ષક દિવસ....41
- મેડિસિન અથવા ફિઝિયોલોજી માટેનું નોબેલ પુરસ્કાર....41
- એંટી એર પ્રદૂષણ અભિયાનનો પ્રારંભ....42
- સ્ટારલિંક મિશન....42
- વર્લ્ડ હેબિટેટ દિવસ....42
- ભારતીય સાંકેતિક ભાષા....43
- વિશ્વ કપાસ દિવસ, 2020....43
- ભારતીય વાયુસેના દિવસ (8 ઓક્ટોબર)....44
- SBI ના નવા અધ્યક્ષ....44
- પ્રસાર ભારતી અને ઇફ્કો વચ્ચે સમજૂતી પત્ર...45
- સાહિત્ય માટે નોબલ પુરસ્કાર....45
- ગોવા: 'હર ઘર જલ' ધરાવતું પ્રથમ રાજ્ય....45
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ....45
- સાગર કવચ....46
- નોબલ શાંતી પુરસ્કાર....46



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## ભારતીય સંઘવાદ અને ઉભરતા પડકારો

- તાજેતરમાં ભારતના અનેક રાજ્યોએ ભારતીય સંઘવાદ અંગે વધતા જતા સંકટ અંગે ફરિયાદ કરી છે. તેમણે કેન્દ્ર સરકાર દ્વારા લાવેલા વટહુકમો અને ખરડાઓ અંગે દલીલ કરી છે કે આ વટહુકમો અને ખરડાઓ તેમના કાયદાકીય ક્ષેત્રોનું ઉલ્લંઘન કરે છે જે બંધારણના સંઘીય માળખા માટે કટોકટીની પરિસ્થિતિ પેદા કરે છે.

### ભારતીય રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવેલ સંઘીય મુદ્દાઓ

- ગુડઝ અને સર્વિસ ટેક્સ (GST)ની ઘટાડેલી આવક માટેના કાનૂની પ્રતિબદ્ધતાથી કેન્દ્ર સરકાર દ્વારા ઈનકાર. તાજેતરમાં રાજ્યોને GST અધિનિયમ અંતર્ગત આપવામાં આવતી રકમને COVID-19ની સ્થિતિ અને કેન્દ્રની આવક ઓછી થવાને લીધે આપવાની મનાઈ કરી હતી.
- કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે ઓછી આવક એ 'એક્ટ ઓફ ગોડ'નું પરિણામ છે, જેના માટે તેને જવાબદાર ઠેરવી શકાય નહીં.
- GST અધિનિયમ મુજબ, રાજ્યોને 2022 સુધીમાં પૂરા થતાં પ્રથમ પાંચ વર્ષ માટે 14% વૃદ્ધિની નીચે કોઈપણ આવક ઘટાડા માટે વળતરની ખાતરી આપવામાં આવે છે.

### કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારની સત્તાઓમાં ફેરફાર

- કૃષિ ઉપજ બજાર સમિતિ (APMC)ની બહાર ખેડુતોને તેમનું ઉત્પાદન વેચવાની મંજૂરી આપે છે અને આંતર–રાજ્ય વેપારને પ્રોત્સાહન આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, આ બાબતો એ રાજ્ય યાદીનું અતિક્રમણ કર્યું છે.
- ભારતીય બંધારણની સંયુક્ત યાદીના 33 નંબરના વિષય અંતર્ગત ઉદ્યોગના ઘરેલુ અને આયાત કરેલા ઉત્પાદનોના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ, તેલીબિયાં અને તેલ સહિતની ખાદ્ય ચીજો, પશુઓનો ખોરાક, કાચી કપાસ અને શણનો ઉલ્લેખ છે. આ બાબત પર વિવાદ છે કારણ કે અહી સરકાર દ્વારા ખરડા એ આધાર પર રજુ કરવામાં આવ્યા કે ખોરાક અને કૃષિ સમાન છે.
- જો ખોરાકને કૃષિનો પર્યાય માનવામાં આવે છે, તો પછી બંધારણમાં વિગતવાર સૂચિબદ્ધ થયેલ કૃષિ સંબંધિત રાજ્યોની તમામ સત્તાઓને નિરર્થક થઈ જશે.
- સંસદ બંધારણની સાતમી સૂચિ હેઠળ કૃષિ પેદાશો અને બજારોના સંબંધમાં કાયદો બનાવી શકતી નથી કારણ કે કૃષિ અને બજારો રાજ્યના વિષય છે.
- આ ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની દેખરેખ હેઠળ સહકારી બેંકોને લાવીને બેંકિંગના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો જેનાથી રાજ્ય સરકારોની સત્તામાં ફેરફાર થયો છે.

### સંઘવાદ/સમવાયતંત્રને લગતી જોગવાઈઓ

- રાષ્ટ્રોને 'ફેડરલ' અથવા 'એકમ' તરીકે વર્ણવવામાં આવે છે, જે હેઠળ શાસન લાગુ કરવામાં આવે છે.
- 'સમવાયતંત્ર/સંઘવાદનો આવશ્યક અર્થ એ છે કે કેન્દ્ર અને રાજ્યો બંનેને એકબીજા સાથે સંકલન કરીને તેમના ફાળવેલ ક્ષેત્રોમાં કામ કરવાની સ્વતંત્રતા છે.
- 'એકતંત્રી પ્રણાલી'માં સરકારની તમામ સત્તા કેન્દ્ર સરકાર પાસે હોય છે.
- પશ્ચિમ બંગાળ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા રાજ્યમાં (1962), સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ભારતીય બંધારણ સંઘીય/સમવાયતંત્રી નથી.
- જો કે, 'એસ.આર બોમ્માઇ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા' (1994)માં સુપ્રીમ કોર્ટની 9 ન્યાયાધીશોની ખંડપીઠે સંઘીયતાને ભારતીય બંધારણની મૂળભૂત રચનાનો એક ભાગ માન્યો હતો.
- તેમાં જણાવાયું છે કે સાતમી અનુસૂચિમાં ન તો કાયદાકીય પ્રવેશો છે કે ન તો યુનિયન દ્વારા નાણાકીય નિયંત્રણ, જે બંધારણ એકતંત્રી હોવાનું પુરવાર કરે છે. રાજ્યો અને કેન્દ્રની સંબંધિત ધારાકીય સત્તાઓ અનુચ્છેદ 245 થી 254 અંતર્ગત ઉલ્લેખિત છે.
- સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું છે કે ભારતીય સંઘ, યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાથી તદ્દન અલગ છે. ભારતની સંસદ પાસે નવા રાજ્યોમાં પ્રવેશ કરવાની મંજૂરી (અનુચ્છેદ 2), નવા રાજ્યો બનાવવાની, તેમની સીમાઓ અને તેમના નામ બદલવાની અને રાજ્યોમાં વિલય અથવા વિભાજન કરવાની સત્તા છે (અનુચ્છેદ 3).
- તાજેતરમાં જમ્મુ–કાશ્મીર રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ–કાશ્મીર અને લદાખમાં ફેરવવામાં આવ્યા હતા.
- રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની રચના માટે રાજ્યોની સંમતિ જરૂરી નથી.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે બંધારણની અનેક જોગવાઈઓની હાજરીની નોંધ લીધી કે જે કેન્દ્રને સહવર્તી સૂચિના વિષય પર રાજ્યોની વિધાનસભાની સત્તાઓને ઓવરરાઈડ અથવા રદ કરવાની મંજૂરી આપે છે.
- તેમ છતાં રાજ્યો તેમના નિર્ધારિત કાયદાકીય ક્ષેત્રમાં સાર્વભૌમ હોય છે અને તેમની કારોબારી સત્તા તેમની

કાયદાકીય શક્તિઓ સાથે સહ–વ્યાપક હોય છે, તેમ છતાં, તે સ્પષ્ટ છે કે રાજ્યોની સત્તાઓ સંઘ સાથે સુમેળમાં નથી. આથી જ ભારતીય બંધારણને ઘણીવાર 'અર્ધ–સમવાય તંત્રી' તરીકે વર્ણવવામાં આવે છે.

## પોલીગ્રાફ અને નાર્કો ટેસ્ટ

➢ ઉત્તર પ્રદેશ સરકારના પ્રવક્તાએ તાજેતરમાં સ્પષ્ટ કહ્યું છે કે હાથરસ બળાત્કાર કેસમાં તપાસના ભાગ રૂપે પોલીગ્રાફ અને નાર્કો પરીક્ષણો કરવામાં આવશે.

➢ સરકારના મતે, આ કેસમાં સામેલ પોલીસ અધિકારીઓ સિવાય તમામ આરોપીઓ અને તમામ પીડિતોના પોલિગ્રાફ અને નાર્કો ટેસ્ટ કરવામાં આવશે.

### પોલીગ્રાફ અને નાર્કો ટેસ્ટ શું છે?

■ **પોલીગ્રાફ ટેસ્ટ**

➢ પોલિગ્રાફ ટેસ્ટ એ ધારણા પર આધારિત છે કે જ્યારે કોઈ વ્યક્તિ જૂઠું બોલે છે, ત્યારે તે પરિસ્થિતિમાં તેની શારીરિક પ્રતિક્રિયાઓ સામાન્ય પરિસ્થિતિમાં ઉદભવતા શારીરિક જવાબોથી અલગ હોય છે.

➢ આ પ્રક્રિયા દરમિયાન, કાર્ડિયો–કફ અથવા સેન્સેટીવ ઈલેક્ટ્રોડ જેવા અત્યાધુનિક ઉપકરણો વ્યક્તિના શરીર સાથે જોડાયેલા હોય છે અને તેના દ્વારા બ્લડ પ્રેશર, ધબકારા, શ્વસન, પરસેવો ગ્રંથિમાં ફેરફાર અને લોહીના પ્રવાહને માપવામાં આવે છે. ઉપરાંત, આ સમય દરમિયાન તેમને સવાલો પણ પૂછવામાં આવે છે.

➢ આ પ્રક્રિયા દરમિયાન, દરેક વ્યક્તિના શારીરિક પ્રતિભાવને કેટલાક આંકડાકીય મૂલ્ય આપવામાં આવે છે, જેથી તે મૂલ્યાંકનના આધારે નિષ્કર્ષ કાઢી શકાય કે વ્યક્તિ સત્ય બોલે છે કે ખોટું બોલે છે.

■ **નાર્કો ટેસ્ટ**

➢ પોલીગ્રાફ પરીક્ષણથી વિપરીત, નાર્કો ટેસ્ટ સોડિયમ પેન્ટોથલ જેવી દવાઓનું વ્યક્તિને ઈન્જેકશન આપવામાં આવે છે, જે વ્યક્તિને હિપ્નોટિક અથવા બેભાન અવસ્થા તરફ દોરી જાય છે. આ સમય દરમિયાન, જેના પર આ પરીક્ષણ કરવામાં આવે છે તેની કલ્પના શક્તિ તટસ્થ અથવા બેઅસર બને છે અને તેનાથી સાચી સુચના પ્રાપ્ત કરવા કે જાણકારી સાચી હોવાની અપેક્ષા રાખવામાં આવે છે.

➢ તાજેતરના વર્ષોમાં તપાસ એજન્સીઓ દ્વારા તપાસ દરમિયાન નાર્કો પરીક્ષણ કરવામાં આવ્યું છે અને મોટાભાગના લોકો તેને શંકાસ્પદ ગુનેગારો પાસેથી જ સાચી માહિતી મેળવવા અને ત્રાસ આપવાનો વિકલ્પ અને 'થર્ડ ડિગ્રી' તરીકે જોવામાં આવે છે.

➢ જો કે, આ બંને પદ્ધતિઓ વૈજ્ઞાનિક ધોરણે 100 ટકા સફળતા દર પ્રાપ્ત કરી નથી અને તબીબી ક્ષેત્રમાં પણ, આ પદ્ધતિઓ વિવાદિત રહે છે.

### ભારતીય બંધારણ અંતર્ગત પોલિગ્રાફ અને નાર્કો ટેસ્ટ સંબંધિત જોગવાઈ

➢ ભારતમાં પોલીગ્રાફ અને નાર્કો પરીક્ષણને લગતા કાયદાને સમજવા માટે, બંધારણ અનુચ્છેદ 20(3)નું વિશ્લેષણ કરી શકાય છે.

➢ બંધારણના અનુચ્છેદ 20(3) અનુસાર, ગુના માટે શંકાસ્પદ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી રાખવા દબાણ કરી શકાતું નથી.

➢ આમ, બંધારણના અનુચ્છેદ 20 (3)માં મુખ્યત્વે ત્રણ ઘટકો છે:

1. તે આરોપીને લગતા અધિકાર છે.
2. તે સાક્ષી બનવાની મજબૂરી સામે રક્ષણ પૂરું પાડે છે.
3. તે આવી મજબૂરી સામે રક્ષણ પૂરું પાડે છે જેના પરિણામરૂપે વ્યક્તિને પોતાની સામે પુરાવા રજૂ કરવા પડતા હોય.

➢ નોંધનીય છે કે, 2010માં સેલ્વી વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક રાજ્ય મામલામાં સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની બેંચે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે, આરોપીની સંમતિ વિના કોઈપણ પ્રકારનો લાઈ ડિટેકટર ટેસ્ટ (Lie Detector Test) કરી શકાતો નથી.

➢ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જે લોકો સ્વૈચ્છિક રીતે આ પ્રકારના પરીક્ષણની પસંદગી કરે છે, તેઓને તેમના વકીલને મળવા દેવા જોઈએ અને વકીલ અને પોલીસ દ્વારા તે વ્યક્તિને આવા પરીક્ષણની તમામ શારીરિક, ભાવનાત્મક અને કાનૂની અસરો સમજાવવી જોઈએ.

➢ સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની ખંડપીઠે વર્ષ 2000માં રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ દ્વારા પ્રકાશિત 'લાઈ ડિટેકટર ટેસ્ટ વહીવટ સંબંધી દિશા–નિર્દેશો'નું કડક પાલન કરવા જણાવ્યું હતું.

### લાઇ ડિટેકટર ટેસ્ટ માટે માર્ગદર્શિકા

➢ નેશનલ હ્યુમન રાઈટસ કમિશન દ્વારા વર્ષ 2000માં પ્રકાશિત 'લાઈ ડિટેકટર ટેસ્ટ માટે માર્ગદર્શિકા' અનુસાર નીચેની બાબતો ધ્યાનમાં રાખવી પડે છે

➢ આરોપીઓની સંમતિ વિના કોઈ લાઈ ડિટેકટર ટેસ્ટ કરાવવું જોઈએ નહીં.આરોપીને પરીક્ષણ કરાવવું છે કે નહીં તે વિકલ્પ આપવો જોઈએ.

➢ જો આરોપી સ્વૈચ્છિક લાઈ ડિટેકટર ટેસ્ટ કરાવવાનું પસંદ કરે છે, તો પછી તેને તેના વકીલની ઉપલબ્ધતા આપવી જોઈએ અને પોલીસને અને વકીલની જવાબદારી છે કે આરોપીઓને આવા ટેસ્ટની શારીરિક, ભાવનાત્મક અને કાનૂની અસરો વિશે માહિતી આપે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ સુનાવણીના સંબંધમાં આરોપીની સંમતિ ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવી જોઈએ. ઉપરાંત, મેજિસ્ટ્રેટ સમક્ષ સુનાવણી દરમિયાન, આરોપીની કાયદેસર વકીલ દ્વારા રજૂઆત કરવી જોઈએ.

➤ સુનાવણી દરમિયાન આરોપી દ્વારા અપાયેલા નિવેદને 'કબૂલાતનું નિવેદન' માનવામાં આવશે નહીં અને લાઈ ડિટેક્ટર ટેસ્ટની તપાસ આરોપીના વકીલની હાજરીમાં સ્વતંત્ર એજન્સી (દા.ત. હોસ્પિટલ) દ્વારા કરવામાં આવશે.

# ઓફિસ્યલ સિક્રેટ એક્ટ

➤ તાજેતરમાં, દિલ્હી પોલીસે ચીની સરહદ પર ભારતીય સૈન્ય તૈનાત કરવા જેવી માહિતી જાહેર કરવા બદલ ઓફિશિયલ સિક્રેટ એક્ટ, 1923 હેઠળ વ્યૂહાત્મક બાબતોના વિશ્લેષકની ધરપકડ કરી છે.

## ઓફિસિયલ સિક્રેટ એક્ટ(OSA) વિશે

➤ OSA બે પાસાઓ સાથે સંબંધિત છે. જાસૂસી અને સરકારની ગુપ્ત માહિતીની જાહેરાત.

➤ જોકે, OSA અંતર્ગત ગુપ્ત માહિતીની વ્યાખ્યા આપવામાં આવી નથી.તેમ છતાં, દસ્તાવેજને ગુપ્ત દસ્તાવેજ તરીકે વર્ગીકૃત કરવા માટે સરકાર વર્ષ 1994ના વિભાગીય સલામતી નિર્દેશોની મેન્યુઅલનું પાલન કરે છે.

➤ ગુપ્ત માહિતીમાં સામાન્ય રીતે સત્તાવાર કોડ, પાસવર્ડ, સ્કેચ, યોજના, મોડેલ, લેખ, નોંધ, દસ્તાવેજ અથવા માહિતી શામેલ હોય છે.

➤ જો કોઈ વ્યક્તિ દોષી સાબિત થાય છે, તો તેને 14 વર્ષની સજા, દંડ અથવા બંને થઈ શકે છે. માહિતીનો સંચાર કરનાર વ્યક્તિ અને માહિતી મેળવનાર વ્યક્તિને OSA હેઠળ સજા થઈ શકે છે.

## ઓફિસિયલ સિક્રેટ એક્ટની(OSA) પૃષ્ઠભૂમિ

➤ OSAનામૂળબ્રિટીશવસાહતીયુગમાંછે.વર્ષ1889નીસાલમાં રજૂ કરાયેલ ઓફિશિયલ સિક્રેટ એક્ટનો(એક્ટ–XIV) હેતુ ઘણી ભાષાઓમાં મોટી સંખ્યામાં પ્રકાશિત થતા અખબારોના અવાજને દબાવવાનો હતો જે બ્રિટીશ નીતિઓનો વિરોધ કરી રહ્યા હતા.

➤ લોર્ડ કર્ઝનના વાઈસરોયના કાર્યકાળ દરમિયાન અધિનિયમ–XIV માં સુધારો કરવામાં આવ્યો હતો અને તેને 'ભારતીય ઓફિશિયલ સિક્રેટ એક્ટ, 1904' તરીકે વધુ કડક બનાવવામાં આવ્યો હતો.

➤ વર્ષ 1923માં, ઓફિસિયલ સિક્રેટ એક્ટ(1923 નો એક્ટ XIX)નું નવું સંસ્કરણ સૂચિત કરવામાં આવ્યુ હતુ. તેનો પ્રભાવ દેશમાં સત્તાવાર ગુપ્તતાની તમામ બાબતો સુધી વધારવામાં આવ્યો હતો.

## ઓફિસિયલ સિક્રેટ એક્ટ(OSA) સાથે સંબંધિત મુદ્દાઓ

**1. માહિતી અધિકારના કાયદા સાથે વિરોધાભાસ**

➤ ઘણી વખત એવી દલીલ કરવામાં આવે છે કે OSA એ માહિતી અધિકાર એક્ટ, 2005 સાથે સીધો સંઘર્ષ કરે છે.

➤ RTI એક્ટની કલમ–22, OSA સહિતના અન્ય કાયદાઓને સમાન જોગવાઈઓ હેઠળ પ્રાધાન્ય આપે છે. તેથી, જો માહિતી આપવાના સંબંધમાં OSAમાં કોઈ વિસંગતતા હોય તો, તેવી માહિતી પણ RTI એક્ટ દ્વારા આપવામાં આવશે.

➤ જો કે,RTI એક્ટની કલમ 8 અને 9 હેઠળ સરકાર માહિતી આપવાનો ઈનકાર કરી શકે છે. અસરકારક રીતે જો સરકાર OSA હેઠળ કોઈ દસ્તાવેજને ગુપ્ત તરીકે વર્ગીકૃત કરે છે, તો તે દસ્તાવેજને RTI એક્ટના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખી શકાય છે અને સરકાર કલમ–8 અથવા કલમ–9 લાગુ કરી શકે છે.

**2. રાષ્ટ્રીય સુરક્ષા ઉલ્લંઘનનુ ખોટુ અર્થઘટન**

➤ OSAની કલમ 5, જે રાષ્ટ્રીય સુરક્ષાના સંભવિત ઉલ્લંઘનો સાથે સંબંધિત છે, ઘણીવાર ખોટી રીતે અર્થઘટન કરવામાં આવે છે.

➤ આ વિભાગ દુશ્મન રાજ્યને સહાય કરવા દંડનીય અપરાધની માહિતી વહેંચણી કરે છે.

➤ જ્યારે પત્રકારો દ્વારા આવી માહિતી ફેલાવવામાં આવે છે જેના કારણે સરકાર અથવા સશસ્ત્ર દળોને પસંદ આવતું નથી, તો આ સ્થિતિમાં આ કૃત્ય દ્વારા તેમની વિરુદ્ધ કાર્યવાહી થઈ શકે છે.

## OSA માટે ભલામણ

➤ વર્ષ 1971 માં આ કાયદાનું અવલોકન કરતી પહેલી સંસ્થા કાયદા પંચ હતી. કમિશને કહ્યું હતુ કે, 'માત્ર કોઈ પરિપત્ર ગુપ્ત અથવા ગોપનીય હોવાના કારણેતેને આ કાયદાની જોગવાઈઓ હેઠળ લાવવો જોઈએ નહીં' જો કે, કાયદા પંચે આ કાયદામાં કોઈ ફેરફાર કરવાની ભલામણ કરી નથી.

➤ વર્ષ 2006માં, બીજા વહીવટી સુધારણા આયોગે સરકારની ગુપ્તતાને લગતી જોગવાઈઓ સમાવવા 'ઓફિસિયલ સિક્રેટ એક્ટ રદ કરવાની અને રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમના તે પ્રકરણમાં સુધારો કરવાની ભલામણ કરી હતી જેમાં સરકારી ગોપનીયતા સંબંધિત જોગવાઈ કરવામાં આવી છે. કમિશને આ કાયદાને લોકશાહી સમાજમાં પારદર્શક શાસન માટે અવરોધ ગણાવ્યો હતો.

➤ માહિતી અધિકાર અધિનિયમ, 2005ના સંદર્ભમાં સરકારના ગોપનીયતા અધિનિયમ, 1923ની સમીક્ષા માટે કેન્દ્ર સરકારે

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

વર્ષ 2015 માં એક ઉચ્ચ શક્તિવાળી સમિતિની રચના કરી હતી. સમિતિ એ 16 જૂન,2017ના રોજ કેબિનેટ સચિવાલયને પોતાનો અહેવાલ આપ્યો હતો, જેમાં 'ઓફિસિયલ સિક્રેટ એક્ટને વધુ પારદર્શક અને RTI એક્ટની સાથે સુસંગત બનાવવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી.

## વિરોધ પ્રદર્શન અંગે સર્વોચ્ચ અદાલતનો નિર્ણય

- તાજેતરમાં, એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે જાહેર રસ્તાઓ અથવા સ્થળનો વિરોધ કરવા માટે કબ્જો લઈ શકાય નહીં.

### રસ્તા પર વિરોધ પ્રદર્શન વિશે

- સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની ખંડપીઠે 'નાગરિકતા(સુધારા) અધિનિય'ના વિરોધમાં દિલ્હીના શાહીન બાગમાં વિરોધીઓ દ્વારા જાહેર માર્ગનો કબ્જો લેવાની ઘટનાને અસ્વીકાર્ય ગણાવી હતી.
- સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે શાહીન બાગ ખાતે યોજાયેલ પ્રદર્શન જાહેર માર્ગની નાકાબંધી છે જેના કારણે મુસાફરોએ ભારે અસુવિધાનો સામનો કરવો પડે છે.

### શા માટે મુદ્દો વિવાદમાં હતો

- રાજધાની દિલ્હીના શાહીન બાગમાં વિરોધીઓને હટાવવાની માંગણી કરતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો આવ્યો હતો.
- દિલ્હીના શાહીન બાગ વિસ્તારમાં ડિસેમ્બર,2019 થી માર્ચ,2020ની વચ્ચે નાગરિકતા(સુધારો) અધિનિયમ, 2019 સામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.
- 14 જાન્યુઆરી, 2020ના રોજ આ કેસમાં દાખલ કરેલી અરજીની સુનાવણી કરતાં દિલ્હી હાઈકોર્ટે કોઈ ચોક્કસ આદેશ આપ્યા વિના કેસ બંધ કરી દીધો હતો.
- દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે દિલ્હી પોલીસ પાસે કોઈપણ વિરોધ કે આંદોલનની સ્થિતિમાં જનહિતને ધ્યાનમાં રાખીને ટ્રાફિકને નિયંત્રિત કરવાની તમામ સત્તાઓ છે.
- સુપ્રીમ કોર્ટના નિર્ણયના મુખ્ય પાસાઓ નીચે મુજબના હતા.

### નેતૃત્વના અભાવ વિશે

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દેશમાં કોવીડ–19 રોગચાળો શરૂ થયા પછી પણ પ્રદર્શનકારીઓ વિરોધ સ્થળ પર રહ્યા હતા. કોર્ટના જણાવ્યા મુજબ, એ વાતની પણ સંભાવના છે કે પ્રદર્શનકારીઓને કોવીડ–19 ની ગંભીરતાનો અંદાજો ન હતો.
- સુપ્રીમ કોર્ટે આ વિરોધમાં નેતૃત્વના અભાવને રેખાંકીત કર્યુ હતું.
- સુપ્રીમ કોર્ટે આટલા મોટા પ્રદર્શન અને તેની આડઅસરમાં સોશિયલ મીડિયા અને ટેકનોલોજીની ભૂમિકાને પણ દોરી હતી.
- ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉપયોગ દ્વારા હાલમાં ખૂબ જ ટૂંકા ગાળામાં કોઈ હિલચાલને અત્યંત વિશાળ બનાવી શકાય છે.

### અધિકાર મર્યાદા વિશે

- સુપ્રીમ કોર્ટે કહ્યું કે મૂળભૂત અધિકારો સમાજથી અલગ નથી. મુસાફરોના હક્કો સાથે વિરોધ કરનારાઓના હકનું સંતુલન રાખવું જરૂરી છે. બંનેએ પરસ્પર આદર સાથે જીવવું પડશે.
- આવા વિરોધ પ્રદર્શન માટે જાહેર રસ્તાઓનો કબજો સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને આવા કિસ્સાઓમાં અતિક્રમણ અથવા અવરોધ દૂર કરવા માટે વહીવટીતંત્રએ જરૂરી પગલાં ભરવા જોઈએ.

### વહીવટ અને હાઇકોર્ટની ભૂમિકા અંગેના પ્રશ્નો

- સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતુ કે, આ અરજીને મળ્યા બાદ દિલ્હી હાઈકોર્ટે સકારાત્મક હસ્તક્ષેપ કરવો જોઈતો હતો, કેસને આ રીતે છોડવો જોઈએ નહી, વહીવટીતંત્રે પણ વિરોધીઓ સાથે વાત કરવી જોઈતી હતી.
- સુપ્રીમ કોર્ટે કહ્યું કે જાહેર સ્થળોએ અતિક્રમણ બંધ કરવું એ પ્રશાસનની સંપૂર્ણ જવાબદારી છે અને તે માટે અદાલત કોઈ યોગ્ય આદેશ પસાર કરે તેની રાહ જોવી જોઈએ નહીં.

### લોકશાહી અને મતભેદ વિશે

- સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં કહ્યું હતું કે લોકશાહી અને મતભેદ સાથે સાથે ચાલે છે. પરંતુ અસંમતિ વ્યક્ત કરનારા વિરોધ પ્રદર્શન ફક્ત નિયુક્ત સ્થળોએ જ યોજવામાં આવવા જોઈએ.
- બંધારણ અંતર્ગત દરેકને વિરોધ અને અસંતોષ વ્યક્ત કરવાનો અધિકાર છે, પરંતુ આ સાથે આપણા અમુક કર્તવ્યો પ્રત્યેની(ગ્રેવ એક્સેંટ) કેટલીક ફરજ છે.
- બંધારણના અનુચ્છેદ–19 હેઠળ નાગરિકોને બે મહત્વપૂર્ણ અધિકાર આપવામાં આવ્યા છે–
- અનુચ્છેદ–19 (1) (A): હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર.
- અનુચ્છેદ–19 (1) (B): હેઠળ શસ્ત્ર વિના કોઈ જગ્યાએ શાંતિથી ભેગા થવાનો અધિકાર.
- સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકશાહીમાં ભાષણની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ વિરોધનો હક મૂલ્યવાન માનવામાં આવે છે. તેથી, તેમને પ્રોત્સાહન અને આદર આપવો જોઈએ.પરંતુ આ અધિકારો પણ સાર્વભૌમત્વ, અખંડિતતા અને જાહેર હિત માટે અનુચ્છેદ–19 (2) હેઠળ લાદવામાં આવેલા યોગ્ય પ્રતિબંધોને આધિન છે.

## સહાયક પ્રજનન તકનીક(નિયમન) બિલ, 2020

➤ તાજેતરમાં લોકસભામાં સહાયક પ્રજનન તકનીક (નિયમન) બિલ, 2020 રજૂ કરવામાં આવ્યું હતું.

### સહાયક પ્રજનન તકનીક(Assisted Reproductive Technology- ART) વિશે

➤ સહાયક પ્રજનન તકનીકનો ઉપયોગ વંધ્યત્વની સમસ્યાનું સમાધાન કરવા માટે થાય છે. આમાં વંધ્યત્વ માટેની સારવાર શમાવેશ થાય છે. જેમાં મહિલાઓના અંડાણુ અને પુરુષોના શુક્રાણુ બંનેનો ઉપયોગ કરવામાં આવે છે.

➤ આમાં, અંડાણુ સ્ત્રીઓના શરીરમાંથી મેળવીને ભ્રુણ બનાવવા માટે શુક્રાણુ સાથે જોડવામાં આવે છે. આ પછી, ભ્રુણને ફરીથી સ્ત્રીના શરીરમાં મૂકવામાં આવે છે.

➤ 'ઈન વિટ્રો ફર્ટીલાઈઝેશન(IVF) એ ARTનો સૌથી સામાન્ય અને અસરકારક પ્રકાર છે.

### 'સહાયક પ્રજનન તકનીક(નિયમન) બિલ,2020'નો ઉદ્દેશ

➤ ART બેંકો અને ક્લિનિક્સનું નિયમન.

➤ ARTની સલામત અને નૈતિક પ્રથાને મંજૂરી આપવા માટે.

➤ મહિલાઓ અને બાળકોને શોષણથી બચાવવા.

### શા માટે બિલ રજુ કરવામાં આવ્યું છે ?

➤ તેને સરોગસી (રેગ્યુલેશન) બિલ(SRB), 2019ના પૂરક તરીકે રજૂ કરવામાં આવ્યું હતું, જેનો હેતુ ભારતમાં વ્યાપારી સરોગસી પર પ્રતિબંધ મૂકવાનો છે.

➤ આ બિલ ART માટે સલાહકાર સંસ્થાઓ તરીકે કામ કરવા માટે SRB હેઠળ સરોગસી બોર્ડને નોમિનેટ કરે છે.

## ચુંટણી પ્રચાર પ્રસારણ સમયમાં વધારો

➤ ભારતીય ચૂંટણી પંચ એ બિહાર વિધાનસભા ચૂંટણી,2020ના ચુંટણી પ્રચારમાં સહાય માટે દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો પર માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો માટેના પ્રસારણ સમયમાં વધારો કર્યો છે.

### પ્રસારણ સમય વિશે

➤ બિહારમાં દૂરદર્શન નેટવર્ક અને 'ઓલ ઈન્ડિયા રેડિયો નેટવર્કના પ્રાદેશિક કેન્દ્રો પર દરેક રાષ્ટ્રીય પક્ષ અને બિહારમાં માન્યતા પ્રાપ્ત રાજ્ય કક્ષાના પક્ષોને 90 મિનિટનો સમાન સમય આપવામાં આવશે.

➤ કોઈ પણ રાજકીય પક્ષને એક જ પ્રસારણ સત્રમાં 30 મિનિટથી વધુ સમય આપવામાં આવશે નહીં.

➤ કોઈપણ પક્ષને વર્ષ 2015ની વિધાનસભાની ચૂંટણીમાં તેમના ચૂંટણી પ્રદર્શનના આધારે વધારાનો સમય (મૂળ સમયના 90 મિનિટ સિવાય) આપવામાં આવશે.

### પ્રસારણ/પ્રચાર સમયગાળા વિશે

➤ નામાંકન ભરવાની છેલ્લી તારીખ અને બિહારમાં મતદાનની તારીખના બે દિવસની વચ્ચેનો સમય પ્રસારણનો સમયગાળો રેહશે.

➤ પ્રસારણ અને પ્રચાર માટેની વાસ્તવિક તારીખ અને સમય 'પ્રસાર ભારતી કોર્પોરેશન' દ્વારા ભારતના 'ચૂંટણી પંચ'ની સલાહ સાથે નક્કી કરવામાં આવશે.

➤ પક્ષકારોએ અગાઉથી ટેપ અને રેકોર્ડિંગ સબમિટ કરવું જરૂરી રહેશે.

➤ પક્ષો દ્વારા પ્રસારણ ઉપરાંત પ્રસાર ભારતી નિગમ દૂરદર્શન/ઓલ ઈન્ડિયા રેડિયોના કેન્દ્ર/સ્ટેશન પર મહત્તમ ચાર પેનલ સાથે ચર્ચાનુ આયોજન કરશે.

➤ દરેક પાત્ર પક્ષ આવા કાર્યક્રમમાં એક પ્રતિનિધિની નિમણૂક કરી શકે છે.

### Back to basics : રાજકીય પક્ષોના પ્રકાર વિશે

➤ ભારતીય ચૂંટણી પંચ રાજકીય પક્ષોને 'રાષ્ટ્રીય પક્ષો', 'રાજ્ય કક્ષાના પક્ષો' અથવા 'નોંધાયેલ (બિન–માન્યતા પ્રાપ્ત) પક્ષો' તરીકે સૂચિબદ્ધ કરે છે.

➤ રાષ્ટ્રીય અથવા રાજ્ય કક્ષાના પક્ષો તરીકે સૂચિબદ્ધ થવા માટેની શરતો 'ચૂંટણી ચિહ્ન(અનામત અને ફાળવણી) હુકમ, 1968 હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવી છે.

### રાષ્ટ્રીય રાજકીય પક્ષ તરીકેની માન્યતા માટેની શરતો

➤ જો કોઈ રાજકીય પક્ષ નીચેની કોઈપણ લાયકાતોને પૂર્ણ કરે તો તે 'રાષ્ટ્રીય પક્ષ' તરીકે માન્યતા પ્રાપ્ત કરશે–

1. લોકસભાની ચૂંટણીમાં કુલ લોકસભા બેઠકોમાંથી 2%(11 બેઠકો) જીતે છે અને આ બેઠકો ઓછામાં ઓછા ત્રણ જુદા જુદા રાજ્યોની હોવી જોઈએ.
2. લોકસભા અથવા રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓમાં જુદા જુદા 4 રાજ્યોના કુલ માન્ય મતોના 6% મેળવ્યા હોય અને વધુમાં 4 લોકસભા બેઠકો જીતે.
3. જો કોઈ પક્ષને ચાર કે તેથી વધુ રાજ્યોમાં રાજ્ય કક્ષાની પાર્ટી તરીકે માન્યતા આપવામાં આવે છે.

### રાજ્ય કક્ષાના રાજકીય પક્ષ તરીકે માન્યતા માટેની શરતો

➤ રાજકીય પક્ષને 'રાજ્ય કક્ષાની પાર્ટી' તરીકે માન્યતા આપવામાં આવશે જો તે નીચેની કોઈપણ લાયકાતોને પૂર્ણ કરે છે–

1. રાજ્યની વિધાનસભાની યોજાનારી ચૂંટણીમાં પાર્ટીએ કુલ બેઠકોમાંથી 3% અથવા 3 બેઠકો, જેમાંથી વધારે હોય તે મેળવી હોય.
2. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં પાર્ટીએ રાજ્ય માટે નિર્ધારિત દર 25 લોકસભા બેઠકોમાં 1 બેઠક જીતી હોય.
3. રાજ્યમાં યોજાયેલી લોકસભા અથવા વિધાનસભાની ચૂંટણીઓમાં પાર્ટીએ કુલ માન્ય મતોના 6% મત મેળવ્યા હોયઅને આ ઉપરાંત, તેણે 1 લોકસભા બેઠક અથવા 2 વિધાનસભા બેઠકો જીતી લીધી હોય.
4. રાજ્યમાં લોકસભા અથવા વિધાનસભાની યોજાનારી ચૂંટણીઓમાં પક્ષને કુલ માન્ય મતોના 8% મત પ્રાપ્ત કર્યા હોય.

# 2. અર્થતંત્ર

## ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો

➢ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે તાજેતરમાં જાહેર કરેલા આંકડા મુજબ, ભારતમાં મુખ્ય ક્ષેત્રના ઉત્પાદનમાં ઓગસ્ટ મહિનામાં 8.5%નો ઘટાડો જોવા મળ્યો છે.

### ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડોની અન્ય બાબતો

➢ જુલાઈ, 2020માં આ બધાજ 8 ઉદ્યોગોમાં વિસ્તારોમાં જુલાઈ મહિનામાં કોલસો (3.6%) અને ખાતર (7.3%) સિવાય બધાં ક્ષત્રોમાં 8%નો ઘટાડો જોવા મળ્યો હતો.

➢ મહત્ત્વની બાબત એ છે કે છેલ્લાં 6 મહિના દરમિયાન સ્ટીલ, રિફાઈન્ડ પ્રોડકટસ અને સિમેન્ટ ઉત્પાદનમાં સતત ઘટાડો નોંધાયો છે.

➢ ઓગસ્ટમાં સૌથી વધુ ઘટાડો રિફાઈન્ડ વસ્તુઓ (19.1%), સિમેન્ટ (14.6%) અને નેચરલ ગેસ (9.5%)માં નોંધાયો હતો.

➢ એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે , 8 મુખ્ય ઉદ્યોગોએ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 17.8% નો ઘટાડો નોંધાવ્યો હતો.

➢ એપ્રિલ 2020માં, આ 8 મોટા ક્ષેત્રોના ઉત્પાદનમાં સૌથી વધુ 37.9%નો ઘટાડો થયો હતો.

### અન્ય ક્ષેત્રોના આંકડા

➢ ઓગસ્ટ 2020માં ક્રૂડ તેલના ઉત્પાદનમાં 6.3% અને કુદરતી ગેસ ઉત્પાદનમાં 9.5% ઘટાડો (ઓગસ્ટ 2019ની તુલનામાં) નો ઘટાડો જોવા મળ્યો.

➢ ઓગસ્ટ 2020માં વીજ ઉત્પાદનમાં 2.7%નો ઘટાડો જોવા મળ્યો.

### 8 મુખ્ય ક્ષેત્રોમાં ઘટાડાના મુખ્ય કારણો

➢ માંગમાં ઘટાડો એ COVID-19 ને આભારી છે અને લોકડાઉન અને આર્થિક પ્રવૃતિઓ બંધ થવી મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રોના ઉત્પાદનમાં ઘટાડા તરફ દોરી જાય છે.

➢ આ સાથે, નવા ઉત્પાદન એકમો સ્થાપવા માટે જરૂરી ઉપકરણોની ઉપલબ્ધતા ન હોવાને કારણે ઉત્પાદનની ગતિ પણ પ્રભાવિત થઈ હતી.

➢ લોકડાઉન દરમિયાન આ 8 ઉદ્યોગોને છૂટછાટ આપવા છતા તેમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

➢ પરંતુ લોકડાઉન દરમિયાન પરિવહન પરના નિયંત્રણોને લીધે માંગમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

➢ આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા પોતાના મૂડી ખર્ચ (Capital Expenditure) માં ઘટાડો કરવાની અસર આ ઉદ્યોગો પર પડી છે.

### Back to Basics : આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો

➢ 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગમાં કોલસો, કાચું તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી વસ્તુઓ, ખાતર, પોલાદ (સ્ટીલ), સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.



➢ ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (Index of Industrial Production) અંતર્ગત આ 8 ઉદ્યોગો, 0.27% ભાર (Weight) ધરાવે છે. જેના ભારનું વર્ગીકરણ નીચે મુજબ છે.

| ઉદ્યોગ | ભાર (ટકામાં) |
|---|---|
| રિફાઈનરી વસ્તુઓ | 28.04 |
| વીજળી | 19.85 |
| પોલાદ (સ્ટીલ) | 17.92 |
| કોલસો | 10.33 |
| કાચું તેલ (Crude Oil) | 8.98 |
| કુદરતી ગેસ | 6.88 |
| સિમેન્ટ | 5.37 |
| ખાતર | 2.63 |

### Back to basics : આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો અને ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક વિશે

➢ IIP એ સૂચક છે જે આપેલ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનોના જથ્થામાં થયેલા ફેરફારને માપે છે.

➢ IIP દર મહિને 'રાષ્ટ્રીય આંકડાકીય કચેરી' (National Statistical Office) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

➢ IIPનું આધાર વર્ષ 2011-12 છે.

➢ IIP અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો, 0.27% ભાર ધરાવે છે.

➢ નાણા મંત્રાલય, ચખય અને સરકારની અન્ય એજન્સીને નીતિ–વિષયક નિર્ણયો લેવામાં IIP મદદરૂપ બને છે.

➢ GDPના અનુમાન માટે પણ IIPમાં થયેલ ફેરફાર ઉપયોગી નિર્દેશક બને છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## નિર્ણય પ્રક્રિયા અને મહિલાઓની ભાગીદારી

- આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, જાહેર પ્લેટફોર્મ પર ઉપલબ્ધ ડેટાનું વિશ્લેષણ બતાવે છે કે 85% મોટી સલાહકારી સંસ્થાઓ વિશ્વના વિવિધ દેશોમાં કોરોના વાયરસ (COVID-19) રોગચાળાના સંચાલનથી સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણયો લે છે. આ સંસ્થાઓમાં મોટાભાગે પુરુષો હોય છે.
- અધ્યયન દરમિયાન 87 દેશોની 115 નિર્ણય લેતી અને મુખ્ય સલાહકાર સંસ્થાઓના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે 85%થી વધુ સંસ્થાઓ મુખ્યત્ત્વે પુરુષો પર અથવા સંપૂર્ણ રીતે પુરુષો પર વર્ચસ્વ ધરાવે છે, જ્યારે 11% સલાહકારી સંસ્થાઓ સ્ત્રીઓમાં પ્રબળ ભૂમિકા ધરાવે છે, જ્યારે ફક્ત 3.5% સંસ્થાઓ એકમાત્ર એવી જગ્યાઓ છે જ્યાં લિંગ સમાનતા જોવા મળે છે.
- અભ્યાસ મુજબ આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાઓમાં સ્ત્રી પ્રતિનિધિત્વની સ્થિતિ ખૂબ ખાસ નથી, ઉદાહરણ તરીકે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન–WHOની કટોકટી સમિતિની પ્રથમ, બીજી અને ત્રીજી બેઠકોમાં ક્રમશઃ મહિલાઓની ભાગીદારી 23.8%, 23.8% અને માત્ર 37.5% જ હતી

### શા માટે નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીની જરૂરિયાત છે ?

- રોગચાળાને લગતી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતી સંસ્થાઓમાં મહિલાઓની ઓછી ભાગીદારીને લીધે, રોગચાળા દરમિયાન મહિલાઓને લગતી સમસ્યાઓનું ધ્યાન દોરવામાં આવતું નથી, તેથી પ્રક્રિયામાં મહિલાઓને સમાવિષ્ટ કરીને, તેમનાથી સંબંધિત મુદ્દાઓને યોગ્ય રીતે ધ્યાન આપી શકાય છે.
- ઘણા નિષ્ણાતો માને છે કે કોરોના વાયરસ રોગચાળો મહિલાઓ પર લાંબા ગાળાના સામાજિક–આર્થિક પ્રભાવ પાડશે, તેથી જો આ મુદ્દાઓને હમણાં ધ્યાન આપવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઘાતક પરિણામો આવી શકે છે.
- અગાઉના ઘણા રોગચાળા જેવા કે ઝિકા અને ઈબોલા સ્ત્રીઓ પર વિપરીત અસરો દર્શાવે છે, જે મોટેભાગે માતૃત્ત્વ મૃત્યુ દરમાં વધારો અને રોગચાળા પછી અસુરક્ષિત ગર્ભપાત તરફ દોરી જાય છે.

### નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીનું મહત્ત્વ

- અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં વધુ મહિલાઓને શામેલ કરવાથી કોરોના વાયરસ (COVID-19) રોગચાળા સામે લડવાનો નવો અભિગમ મળશે, અને રોગચાળાનું નિરીક્ષણ અને તેના જોખમ સંચાલન વધુ અસરકારક રહેશે.
- કેટલાક અન્ય અધ્યયનોએ એ પણ બતાવ્યું છે કે જે દેશોએ રોગચાળાના નિયંત્રણમાં વધુ સારું કામ કર્યુ છે, તેઓ એક મહિલા દ્વારા નેતૃત્ત્વ કરવામાં આવી રહ્યા છે, તેમજ આ દેશોમાં કોરોના વાયરસથી ઓછા મૃત્યુઓ પણ થાય છે.

### મહિલાઓની ભાગીદારીના અભાવના કારણો

- મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓ અને લિંગ લઘુમતીઓનો સમાવેશ ન કરવાના મુખ્ય કારણોમાં લિંગ પૂર્વગ્રહ, ભેદભાવ અને કાર્યસ્થળની સંસ્કૃતિ જેવા અન્ય પરિબળો શામેલ છે.
- તેમ છતાં વૈશ્વિક આરોગ્ય કર્મચારીઓમાં મહિલાઓનો આશરે 70% હિસ્સો છે, પરંતુ વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રે નિર્ણય લેવાની ભૂમિકામાં ફક્ત 25% મહિલાઓ છે.
- આમ, નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓને શામેલ ન કરીને, એક વિશિષ્ટ અભિગમ પર ધ્યાન આપવામાં આવતું નથી, અને આ મર્યાદિત અભિગમથી સમય જતાં નવા પડકારોનો સામનો કરવો મુશ્કેલ બની શકે છે.

### આગળનો માર્ગ શું હોઈ શકે છે ?

- લિંગ–આધારિત કવોટા જાહેર ક્ષેત્રમાં અસમાનતાઓને દૂર કરવા અને લિંગ સમાનતા દ્વારા અસરકારક નિર્ણયો લેવાની ક્ષમતા વધારવા માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન હોઈ શકે છે.
- જોકે મહિલાઓની રજૂઆત વધારવી એ લૈંગિક અસમાનતાને દૂર કરવા માટે અનિવાર્ય પગલું હોઈ શકે છે, પરંતુ લૈંગિક અસમાનતાને દૂર કરવા માટેનું તે એકમાત્ર પગલું નથી.
- નેતૃત્ત્વમાં મહિલાઓની ભાગીદારીને સુનિશ્ચિત કરવાથી એ જરૂરી નથી કે સ્ત્રીઓ સાથેના લિંગ પૂર્વગ્રહમાં ઘટાડો થાય.
- નિષ્ણાંતો માને છે કે મહિલાઓ પ્રત્યેના આ વલણને દૂર કરવા માટે, રોજગાર કાયદામાં પરિવર્તન અને સકારાત્મક ભેદભાવની નીતિ જેવા ઔપચારિક માધ્યમો સાથે, અનૌપચારિક માધ્યમો જેમ કે કાર્યસ્થળ પર મહિલા–વિશિષ્ટ પ્રતિબંધોને દૂર કરવા પર ધ્યાન આપવાની જરૂર છે જે મહિલાઓની ભાગીદારીને અસર કરે છે.

## CACPનો ખરીફ માર્કેટીંગ સિઝન પર અહેવાલ

- તાજેતરમાં, આર્થિક વર્ષ 2020-21 માટે ખરીફ માર્કેટિંગ સીઝન માટે CACP(Commission for Agricultural

Costs and Prices) દ્વારા એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે.

## CACPના અહેવાલ વિશે

- CACPના રિપોર્ટ અનુસાર, 2 એપ્રિલ, 2020 સુધીમાં કેન્દ્ર સરકારના રીઝર્વમાં કુલ 73.85 મિલિયન ટન અનાજનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.
- આ અહેવાલમાં ખાદ્ય વખારોમાં અનાજના વધુ પ્રમાણને કારણે ઉત્પન્ન સમસ્યાઓ વિશે રૂપરેખા આપવામાં આવી છે.
- આ અહેવાલમાં, સરકાર પાસે સંગ્રહિત ચોખાના સરપ્લસ સ્ટોકને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અને અન્ય કલ્યાણ યોજનાઓ હેઠળ વધુ ફાળવણી દ્વારા ખાલી કરવા સૂચવવામાં આવ્યું છે.

## ખાદ્ય પ્રાપ્યતા આંકડા વિશે

- CACPના અહેવાલ મુજબ, કુલ સંગ્રહિત 73.85 મિલિયન ટન અનાજમાંથી 24.7 મિલિયન ટન ઘઉં અને 49.15 મિલિયન ટન ચોખા છે.
- આ સંગ્રહ આજ સુધીનો સૌથી મોટો સ્ટોક હોવાની સાથે વ્યૂહાત્મક અને ઓપરેશનલ રિઝર્વ ધોરણ (21.04 મિલિયન ટન) કરતા 300% વધારે છે.
- કેન્દ્રિય પૂલમાં ઉપલબ્ધ ઘઉંનો સ્ટોક જરૂરી વ્યૂહાત્મક બફરથી ત્રણ ગણો અને ચોખાનો સ્ટોક ચાર ગણો વધારે છે.
- આ સાથે કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ, આગામી ખરીફ પાકમાં ઐતિહાસિક વધારા સાથે 140.57 મિલિયન ટન અનાજ ઉત્પાદનનો અંદાજ છે.

## અનાજના સાથે જોડાયેલા પડકારો વિશે

- વધુ અનાજની ખરીદીને લીધે, સુરક્ષિત સંગ્રહસ્થાનની અછતની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, જે અનાજને વધુ પડતું નુકસાન પહોંચાડે છે.
- જો સરકારી સ્ટોર્સમાં રાખેલા અનાજને બજારમાં એક સાથે વેચવામાં આવે તો તેનાથી અનાજના ભાવોમાં ભારે ઘટાડો થઈ શકે છે અને તેના કારણે ખેડુતોને તેમની પેદાશ પર યોગ્ય ભાવ નહીં મળે.
- અનાજ, કઠોળ, તેલીબિયાં, ખાદ્યતેલો, ડુંગળી અને બટાટા વગેરેને આગામી સત્રમાં બજારમાં સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરાયેલ 'આવશ્યક ચીજવસ્તુઓ (સુધારો) બિલ, 2020' હેઠળ આવશ્યક ચીજવસ્તુઓની સૂચિમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. તેઓ અતિશય કિંમતે હોઈ શકે છે.
- સંસદ દ્વારા તાજેતરમાં પસાર કરાયેલા કૃષિ બિલને કારણે સરકારે દેશના ઘણા રાજ્યોમાં ખેડૂતોના ભારે વિરોધનો સામનો કરવો પડયો છે, આવી સ્થિતિમાં સરકાર તરફથી ખેડૂતો પાસેથી વધુ અનાજ ખરીદવાનું મોટો પડકાર હશે.
- આ અહેવાલ મુજબ, હાલમાં પંજાબમાં 95% થી વધુ અને હરિયાણાના 70% જેટલા ખેડૂત સરકારી ખરીદી પદ્ધતિથી લાભ મેળવે છે જ્યારે ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા અન્ય મોટા ડાંગર ઉત્પાદક રાજ્યોમાં તેની પહોંચ અનુક્રમે માત્ર 3.6% અને 1.7 % છે.

## કૃષિ સુધારણા બિલની અસર

- કેન્દ્ર સરકાર દ્વારા જૂન,2020માં કૃષિ સુધારણા સંબંધિત ત્રણ વટહુકમો લાગુ કર્યા હોવાથી, છેલ્લા ત્રણ મહિનામાં (જૂન–ઓગસ્ટ) નવા ખાદ્ય વ્યવસાયો માટેની અરજીઓમાં અગાઉના વર્ષની તુલનામાં 65%નો વધારો થયો છે.
- જૂન અને ઓગસ્ટની વચ્ચે, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, 2007 હેઠળ લાઈસન્સ/નોંધણી માટે 6.86 લાખ નવી અરજીઓ મળી હતી, જે દર્શાવે છે કે આ સુધારા પછી, કૃષિ વ્યવસાય અને ગ્રામીણ અર્થતંત્રમાં ખાનગી કંપનીઓની રુચિ વધી છે.
- આ વટહુકમ હેઠળ, મંડી પરિસરની બહારના કૃષિ વેપાર પરની ડ્યુટી હટાવી દેવામાં આવી છે, જેથી મોટાભાગના વેપારીઓ મંડળોની બહાર કૃષિ ખરીદીને પસંદ કરશે.

## સરકારના પ્રયત્નો

- તાજેતરમાં નાણાકીય વર્ષ 2020-21માં વેચાયેલ છ રવી પાક માટે આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા ન્યૂનત્તમ ટેકાના ભાવોમાં વધારાની જાહેરાત કરવામાં આવી છે.
- પ્રાઈસ ઈન્ટેલિજન્સ સિસ્ટમ સુધારવા માટે ખાનગી ક્ષેત્રના સહયોગથી કેન્દ્ર સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે, જેથી સૂચિત મંડીઓની બહાર પણ કૃષિ પેદાશોના ભાવોનું મોનિટરિંગ સરળ થઈ શકે.

## Back to basics :- CACP(Commission for Agricultural Costs and Prices)વિશે

- CACP ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય સાથે સંલગ્ન એક કાર્યાલય છે.
- CACPની સ્થાપના જાન્યુઆરી,1965માં કરવામાં આવી હતી.
- આયોગમાં અધ્યક્ષ, સભ્ય સચિવ, એક સભ્ય(સરકાર) અને બે સભ્યો(બિન–સરકારી) હોય છે.બિન–સરકારી સભ્યો ખેતી સમુદાયના પ્રતિનિધિઓ હોય છે અને સામાન્ય રીતે ખેડૂત સમુદાય સાથે સક્રિય સંબંધ ધરાવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- CACPદર વર્ષે ભાવ નીતિ અહેવાલના રૂપમાં સરકારને પોતાની ભલામણો રજૂ કરે છે, જે અંતર્ગત CACPપાંચ જૂથ (ખરીફ પાક, રવિ પાક, શેરડી, કાચો જૂટ અને કોપરા) માટે અલગ અહેવાલો રજૂ કરે છે.
- CAPC વર્ષમાં 2 વખત અર્થાત ખરીફ અને રબી પાકો માટે વાવણી પહેલા ન્યુનતમ ટેકાના ભાવ(Minimum Support Prices-MSP) માટેની ભલામણ કરે છે.
- CAPC દ્વારા 22 પાકો માટે MSPની ભલામણ કરવામાં આવે છે.

## દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત

- રિઝર્વ બેંક દ્વારા મુંબઈમાં તેની દ્વિ–માસિક નાણાંકીય નીતિની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય રિઝર્વ બેંકે મુખ્ય વ્યાજ દર જાળવી રાખ્યા છે.
- રિવર્સ રેપો રેટ પહેલાની જેમ 3.35% અને રેપો રેટ 4% રહેશે.
- નાણાકીય નીતિ સમિતિએ ઓછામાં ઓછા વર્તમાન નાણાકીય વર્ષ અને આગામી વર્ષ સુધી યથાવત સ્થિતિ જાળ વવાનો નિર્ણય લીધો છે કારણ કે ભારતીય અર્થવ્યવસ્થા COVID-19 રોગચાળા સામે લડવાના નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરી રહી છે.
- રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે મોટી જાહેરાત કરી હતી કે ડિસેમ્બર, 2020થી RTGS દ્વારા પૈસા ટ્રાન્સફરની સુવિધા 24 કલાક માટે આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે બજારમાં સહભાગીઓને પ્રવાહિતા અને સરળ નાણાકીય શરતો માટે ખાતરી આપવાના ઉદ્દેશ્ય સાથે રિઝર્વ બેંક તમામ જરૂરી પગલાં લેવા તૈયાર છે.
- RBI એ જણાવ્યું છે કે GDP વૃદ્ધિ દર ચાલુ નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટર સુધીમાં સકારાત્મક તબક્કામાં પ્રવેશી શકે છે.

## ભારતીય અર્થવ્યવસ્થામાં સંકોચન

- તાજેતરમાં જ વર્લ્ડ બેંકે તેના 'સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટ'માં કોરોના વાયરસ રોગચાળો અને તેના કારણે લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉનને ટાંકીને કહ્યું હતું કે નાણાકીય વર્ષ 2020-21માં ભારતીય અર્થવ્યવસ્થાના GDP માં 9.6% ના સંકોચનનું કારણ બની શકે છે.

### ભારતની અર્થવ્યવસ્થાની સ્થિતિ વિશે

- જૂન, 2020ની શરૂઆતમાં, વર્લ્ડ બેંકે નાણાકીય વર્ષ 2020-21માં ભારતીય અર્થવ્યવસ્થાના 3.2%ના સંકોચનનો અંદાજ મૂકયો હતો, જે હવે વધારી દેવામાં આવ્યો છે.
- ઉત્પાદન અને નિકાસ ઉદ્યોગને લાંબા સમય સુધી તણાવનો સામનો કરવો પડશે, જ્યારે બાંધકામ ઉદ્યોગમાં વૃદ્ધિની સંભાવના પણ નહિવત છે. આનું મુખ્ય કારણ એ છે કે આ ઉદ્યોગો મોટે ભાગે સ્થળાંતર કામદારો પર આધારિત છે અને સ્થળાંતર કામદારો હજી શહેરમાં પાછા ફર્યા નથી.

### ભારતીય અર્થવ્યવસ્થાના સંકોચનના કારણ વિશે

- ભારતીય અર્થતંત્ર કોરોના વાયરસ રોગચાળાની શરૂઆત પહેલા જ ખૂબ જ ધીરે ધીરે વિકાસ કરી રહ્યુ હતુ.
- 'નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ(NSO) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, નાણાકીય વર્ષ 2019-20ના બીજા ક્વાર્ટરમાં(જુલાઈ–સપ્ટેમ્બર) GDP ગ્રોથ દર ઘટીને 4.5% થયો છે, જે છેલ્લા 26 ક્વાર્ટરમાં સૌથી નીચલા સ્તરનું હતું.
- ત્યારબાદ, કોરોના વાયરસ રોગચાળાની શરૂઆત અને આ રોગચાળાને રોકવા માટે સરકારે લીધેલા પગલાંની માંગ અને સપ્લાય બંને પર ગંભીર અસર પડી છે.
- રોગચાળાને કાબૂમાં લેવા રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને લીધે, દેશની તમામ આર્થિક પ્રવૃત્તિઓ આંશિક અથવા સંપૂર્ણ રૂપે અટકી ગઈ હતી અને ઉત્પાદન બંધ થઈ ગયું હતું, તેથી અર્થવ્યવસ્થાની સ્થિતિ વધુ કથળી હતી.
- હાલમાં ભારત સરકાર અને અર્થવ્યવસ્થા સમક્ષ સૌથી મોટો પડકાર આવકને લઈને છે, જ્યાં એક તરફ સરકારની આવક ઓછી આર્થિક પ્રવૃત્તિને કારણે ઓછી થઈ છે, બીજી તરફ સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુને વધુ ખર્ચ કરવો પડશે. અપેક્ષા મુજબ, મર્યાદિત સંસાધનોના મહત્તમ ઉપયોગ માટે સરકારને એક મોટો પડકાર છે.

### ભારતીય અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિ વિશે

- લગભગ ચાર મહિનાના દેશવ્યાપી લોકડાઉન છતાં, ભારત કોરોના વાયરસના સંદર્ભમાં વિશ્વમાં બીજા ક્રમે છે, પરંતુ રોગચાળા અને લોકડાઉનને પરિણામે આર્થિક પ્રવૃત્તિ અટકી ગઈ છે, જેનાથી સરકારને આવકના ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે.
- તાજેતરના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલથી જૂન) ભારતના કુલ ઘરેલુ ઉત્પાદનમાં રેકોર્ડ 23.9% સંકુચિતતા નોંધાઈ હતી.જે પાછલા દાયકામાં ભારતીય અર્થતંત્રનું સૌથી ખરાબ પ્રદર્શન છે.
- ભારતનો વિકાસ મુખ્યત્વે ખાનગી વપરાશ પર આધારિત છે. આંકડા મુજબ, વર્ષ 2008-09થી વર્ષ 2017-18ના નાણાકીય વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થા સરેરાશ 6.7%ના દરે વૃદ્ધિ પામી છે, પરંતુ તે પછી અર્થવ્યવસ્થાના વિકાસ દરમાં ઘટાડો થવાનું શરૂ થયો. નાણાકીય વર્ષ 2019-20માં ભારતીય અર્થતંત્રનો જીડીપી વૃદ્ધિ દર 4.2% રહ્યો હતો.
- અર્થતંત્રની આ સ્થિતિ માટે મુખ્યત્વે બે કારણો જવાબદાર હતા–
- નોન–બેંકિંગ ફાઇનાન્સિયલ કંપનીઓની નબળાઈ, જે ભારતીય અર્થવ્યવસ્થામાં ક્રેડિટનો મોટો સ્રોત છે.

### ખાનગી વપરાશ વૃદ્ધિ દરમાં ઘટાડો

- આંકડા દર્શાવે છે કે ખાનગી વપરાશનો કુલ વપરાશ, જે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસ માટે સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે, તેમાં અત્યાર સુધીમાં કુલ 27% નો ઘટાડો જોવાયો છે, ઉપરાંત ખાનગી ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલા રોકાણોમાં કુલ 47% નો ઘટાડો થયો છે, જે અર્થતંત્રનો બીજો સૌથી મોટો પરિબળ છે.

## RBI અને RTGS(Real Time Gross Settlement System)

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી ઘોષણા મુજબ, ઉંચા મૂલ્યના વ્યવહારો માટે ઉપયોગમાં આવતી RTGS સિસ્ટમને ડિસેમ્બર મહિનાથી 24 કલાક ઉપલબ્ધ કરવામાં આવશે.
- વર્તમાનમાં પ્રત્યેક મહિનાના બીજા અને ચોથા શનિવાર સિવાય સપ્તાહના બધા કાર્યકારી દિવસોમાં ગ્રાહકો માટે RTGSની સુવિધા સવારના 7 થી સાંજના 6 વાગ્યા સુધી ઉપલબ્ધ છે.
- ડિસેમ્બર,2019માં, 'રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર'(NEFT) ગ્રાહકો માટે 24 કલાક અને 365 દિવસ ઉપલબ્ધ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- જુલાઈ,2019થી, RBI એ દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહિત કરવાના હેતુથી NEFT અને RTGS દ્વારા ટ્રાન્ઝેકશન પર શુલ્ક લગાવવાનુ બંધ કરી દીધું હતું.

### Back to basics: RTGS(Real Time Gross Settlement System) વિશે

- RTGS ગ્રાહકોના ખાતામાં વાસ્તવિક સમયમાં પૈસા ટ્રાન્સફર કરવાની સુવિધાને સક્ષમ બનાવે છે અને મુખ્યત્વે મોટા વ્યવહારો માટે વપરાય છે.
- અહીં 'રીઅલ ટાઈમ' અથવા વાસ્તવિક સમયનો અર્થ સૂચનો મેળવવા તેમજ તેમની પ્રક્રિયાને સંદર્ભિત કરે છે.જ્યારે 'ગ્રોસ સેટલમેન્ટ' અથવા કુલ સમાધાન સૂચવે છે કે પૈસાના ટ્રાન્સફર સૂચનાઓનો વ્યક્તિગત રીતે નિકાલ કરવામાં આવે છે.
- RTGS મૂળભૂત રીતે ઉચ્ચ–મુલ્યના વ્યવહારો માટે વપરાય છે. આ પ્રક્રિયા દ્વારા સ્થાનાંતરિત લઘુત્તમ રકમ બે લાખ રૂપિયા છે, જ્યારે તેના દ્વારા સ્થાનાંતરિત મહત્તમ રકમની કોઈ મર્યાદા નથી.

### રાષ્ટ્રીય ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર(NEFT) વિશે

- NEFTએ દેશવ્યાપી ચુકવણી પ્રણાલી છે જે ઈલેક્ટ્રોનિક માધ્યમથી રૂપિયાના સ્થાનાંતરણની સુવિધા આપે છે.
- વર્ષ 2005માં રજૂ થયેલ NEFT સિસ્ટમ, ગ્રાહકોની સંખ્યા તેમજ તાજેતરના વર્ષોમાં તેની લોકપ્રિયતામાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે.
- આ સિસ્ટમ અંતર્ગત, એક વ્યક્તિ, પેઢી અને કંપની ઈલેક્ટ્રોનિક રીતે પૈસા અન્ય બેંક શાખામાં ખાતા ધરાવતા અન્ય વ્યક્તિ, પેઢી અથવા કંપનીના બેંક ખાતા અને દેશમાં સ્થિત કોઈપણ અન્ય બેંક શાખામાં ટ્રાન્સફર કરી શકે છે.

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## બિજિંગ ઘોષણા અને લિંગ સમાનતા

- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ બિજિંગ ઘોષણા અને પ્લેટફોર્મ ફોર એકશનની 25મી વર્ષગાંઠ પર લિંગ સમાનતામાં ભારતની.પલબ્ધિઓને ઉજાગર કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સંબોધન કર્યુ હતું.
- આ ઉચ્ચ–સ્તરીય બેઠક સભ્ય દેશો માટે બિજિંગ ઘોષણાના અમલીકરણ માટે રાજકીય ઈચ્છાશક્તિ અને નેતૃત્વ પ્રદર્શન કરવાની તક છે.
- બિજિંગ ઘોષણા એ લિંગ સમાનતાના સિદ્ધાંતો પર 15 સપ્ટેમ્બર, 1995ના રોજ અપનાવવામાં આવેલ ઠરાવ છે.

### લિંગ સમાનતા માટે ભારતના પ્રયત્નો

- કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણીથી સંબંધિત, ઘરેલું હિંસાથી મહિલાઓને સુરક્ષિત રાખવા, બાળકોને જાતીય ગુનાઓથી સુરક્ષિત કરવા જેવા સંબંધિત ભારતીય કાયદાઓ મહિલા સશક્તિકરણ અને બાળ સુરક્ષાના પ્રબળ હિમાયતીઓ છે.
- સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓને અનામત અને બેટી બચાવો બેટી પઢાઓ જેવી યોજનાઓ, ઔપચારિક બેંકિંગ સિસ્ટમ હેઠળ '200 મિલિયનથી વધુ મહિલાઓ'ને જોડવા સાથે મહિલા સશક્તિકરણમાં એક પરિમાણ સ્થાપિત કરવામાં આવ્યું છે.
- કોરોના મહામારી દરમિયાન મહિલાઓની સલામતી અને સુખાકારીની ખાતરી કરવા માટે, તબીબી, માનસિક, કાનૂની, પોલીસ અને આશ્રય સુવિધાઓ પૂરા પાડતા વન સ્ટોપ સેન્ટર જેવા અનેક પગલાંઓ લેવામાં આવ્યા છે.
- આ ઉપરાંત, રોગચાળા દરમિયાન, નબળા સંજોગોમાં મહિલાઓની સમુદાયની સંભાળ માટે, ખાસ કરીને સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ માટે વધુ સારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

### લિંગ સમાનતા સંદર્ભે રહેલા પડકારો

- નીચે દર્શાવેલા મુદ્દાઓ અને પડકારો આજે પણ લિંગ સમાનતામાં અવરોધ બની રહ્યા છે.

1. જાતિ અને ધાર્મિક વિભાજન.
2. ઘરેલુ હિંસા જેવા મુદ્દાઓ હજી પણ ભારતીય સમાજમાં ગંભીરતાથી હાજર છે.
3. જન ધન એકાઉન્ટ મહિલાઓને મર્યાદિત આર્થિક સ્થિરતા પ્રદાન કરી રહ્યા છે.
4. શિક્ષણ અને ગુણવત્તાયુક્તત અભ્યાસક્રમમાં મહિલાઓની મર્યાદિત ભાગીદારી, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ નોંધણી દરમાં મહિલાઓની સ્થિતિ.
5. મહિલાઓને જમીની સ્તરે પરામર્શ, તબીબી, કાનૂની, આશ્રય અને અન્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં અસમર્થતા.
6. મહિલાઓની અડધી વસ્તી છે, પરંતુ મહિલાઓની જરૂરિયાતો અને સલામતીને અપાતી પ્રાથમિકતાનો અભાવ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના બજેટ પરથી જોઈ શકાય છે, જ્યાં મહિલા સેવાઓ અને સશક્તિકરણ અને ગુના નિવારણ માટે ફાળવવામાં આવેલ રકમ બજેટના ફક્ત 4% રહી છે.

### Back to basics : બિજિંગ ઘોષણા વિશે

- ચીનની રાજધાની બિજિંગમાં સંયુક્ત રાષ્ટ્રની આગેવાની હેઠળ 1995માં ચોથા વિશ્વ મહિલા સંમેલનનું આયોજન થયું હતું. સંયુક્તત રાષ્ટ્ર દ્વારા આ પરિષદમાં મહિલા અધિકાર અંગેના બિજિંગ ઘોષણાપત્રને પણ અપનાવવામાં આવ્યું હતું. અન્ય 3 વિશ્વ મહિલા સંમેલનો નીચે મુજબના હતા.

1. પ્રથમ સંયુક્ત રાષ્ટ્રની વિશ્વ મહિલા પરિષદ (મેકિસકો), 1975
2. બીજી સંયુક્ત રાષ્ટ્રની વિશ્વ મહિલા પરિષદ (કોપનહેગન), 1980
3. ત્રીજુ સંયુક્ત રાષ્ટ્રની વિશ્વ મહિલા સંમેલન (નૈરોબી), 1985

- મેકિસકો સંમેલનમાં, સૌથી વધુ દેશોના પ્રતિનિધિઓએ પુરુષો અને સ્ત્રીઓમાંના અસમાનતાને નાબૂદ કરવા માટે સરકારના ચાલુ પ્રયાસોને માર્ગદર્શન આપવા માટે એક વર્લ્ડ એકશન પ્લાન બનાવ્યો હતો.
- બિજિંગ પરિષદમાં પ્લેટફોર્મ ફોર એકશન (Platform for Action–PFA) અપનાવવામાં આવ્યું હતું.
- પ્લેટફોર્મ ફોર એકશન એ મહિલાઓ સામેના તમામ પ્રકારનાં ભેદભાવને સમાપ્ત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આર્થિક અને સામાજિક વિકાસ સંગઠન (ECOSOC ) અને મહિલાઓ સામેના તમામ ભેદભાવ નાબૂદી પરના સંમેલન (Convention on the Elimination of All Forms of Discrimination Against Women–CEDAW) દ્વારા અપાયેલી સંબંધિત દરખાસ્તોને મંજૂરી આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બોન્ગોસાગર

- ભારતીય નૌકાદળ અને બાંગ્લાદેશી નૌકાદળ વચ્ચે દ્વિપક્ષીય નૌકાદળ કવાયત, બોંગોસાગર(બોન્ગોસાગર)ની બીજી આવૃત્તિ, બંગાળની ખાડીમાં 3 ઓક્ટોબર, 2020ના રોજ યોજવામાં આવી હતી.
- તેનો હેતુ વ્યાપક દરિયાઈ કસરતો અને કામગીરી દ્વારા આંતર–કાર્યક્ષમતા અને સંયુક્ત ઓપરેશનલ કુશળતા વિકસાવવાનો છે.

### બોન્ગોસાગરની મુખ્ય બાબતો

- બોન્ગોસાગર નૌકાદળની પહેલી આવૃત્તિ વર્ષ 2019માં યોજાઈ હતી.
- બોન્ગોસાગર નૌકાદળના કવાયતના આ સત્રમાં બંને દેશોના વહાણો સપાટીયુદ્ધ કવાયત, નાવિક કલા વિકાસ અને હેલિકોપ્ટર કામગીરીમાં ભાગ લેશે.
- ભારતીય નૌકાદળની સ્વદેશી રીતે બનાવવામાં આવેલી એન્ટિ–સબમરીન વોરફેર કોર્વેટ આઈએનએસ કિલ્ટન (INS Kiltan) અને સ્વદેશી ઉત્પાદિત ગાઈડેડ–મિસાઈલ કોર્વેટ આઈએનએસ ખુકરી (INS Khukri) અભ્યાસમાં ભાગ લઈ રહ્યા છે.
- બાંગ્લાદેશી તરફથી બીએનએસ અબુ બકર (BNS Abu Bakr) અને બીએનએસ પ્રોટોય (BNSProttoy) આ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે.

### ભારત-બાંગ્લાદેશ સંયુક્ત પેટ્રોલ (કોર્પટ) [ IN-BN CoordinatedPatrol (CORPAT)]:

- 4 થી 5 ઓક્ટોબર, 2020 દરમિયાન ભારતીય નૌકાદળ અને બાંગ્લાદેશી નૌકા બંગાળની ખાડીમાં સંયુક્ત પેટ્રોલિંગ (કોર્પટ)ની ત્રીજી આવૃત્તિમાં પણ ભાગ લેશે.
- જેમાં બંને દેશોના નૌકા એકમો આંતરરાષ્ટ્રીય દરિયાઈ બાઉન્ડ્રી લાઈન–(International Maritime Boundary Line-IMBL)નું સંયુક્ત રૂપે પેટ્રોલિંગ કરશે.
- સંયુક્ત પેટ્રોલિંગથી બંને દેશોની નૌકાદળો વચ્ચે પરસ્પર સમજણમાં સુધારો થયો છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવાનાં પગલાં અમલમાં મૂકવાની તૈયારી દર્શાવી છે.
- અત્યાર સુધી ભારત દ્વારા બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડ સાથે સંયુક્ત પેટ્રોલિંગ કવાયત હાથ ધરવામાં આવી છે.

## ન્યુ કેલેડોનીયા લોકમત

- દક્ષિણ પેસિફિક મહાસાગરમાં ફ્રેન્ચ વસાહત ન્યૂ કેલેડોનીયામાં તાજેતરના લોકમત સંગ્રહમાં, 53.25% લોકોએ ફ્રાન્સથી અલગ થવાનું સમર્થન આપ્યું હતું.
- 4 ઓક્ટોબર, 2020ના રોજ યોજાયેલા લોકમતમાં કુલ 85.6% લોકોએ મતદાન કર્યું હતું.
- નોંધપાત્ર વાત એ છે કે, વર્ષ 2018ના લોકમતમાં, 56.4% લોકોએ ફ્રાંસની સાથે રહેવાને સમર્થન આપ્યું હતું, જ્યારે,3.6% લોકોએ ફ્રાન્સથી અલગ સ્વતંત્ર 'ન્યૂ કેલેડોનીયા'ની તરફેણમાં મત આપ્યા હતા.
- આ લોકમત સ્થાનિક સંઘર્ષને અંકુશમાં રાખવા 1998માં બનાવવામાં આવેલા 'નૌમિઆ એકોર્ડ' નો એક ભાગ છે.

### ન્યુ કેલેડોનીયા

- વર્ષ 1774માં, બ્રિટિશ સંશોધક જેમ્સ કૂકે સ્કોટલેન્ડના લેટિન નામ 'કેલેડોનીયા'ના આધારે ટાપુનું નામ ન્યુ કેલેડોનીયા રાખવામાં આવ્યું હતું.
- 1853માં, ફ્રાન્સના શાસક સમ્રાટ નેપોલિયન–3 એ ન્યુ કેલેડોનીયા પર વિજય મેળવ્યો અને ઘણા દાયકાઓ સુધી તેને જેલની વસાહત તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યું.
- ન્યૂ કેલેડોનિયા એ સંયુક્ત રાષ્ટ્રના 17 'સ્વ–સંચાલિત પ્રદેશો' પૈકી એક છે, જ્યાં બિન–વસાહતીકરણની પ્રક્રિયા હજી પૂર્ણ થઈ નથી.
- સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરના અધ્યાય XI હેઠળ, 'સ્વ–સંચાલિત વિસ્તારો'ને એવા ક્ષેત્રો/પ્રાંત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે જ્યાં લોકોને સંપૂર્ણ સ્વ–શાસનનો અધિકાર નથી.
- ન્યૂ કેલેડોનીયા ઉપરાંત, તેમાં બ્રિટીશ વર્જિન આઈલેન્ડસ, બર્મુડા, પશ્ચિમ સહારા વગેરેનો સમાવેશ થાય છે.
- ન્યૂ કેલેડોનીયા પાસે સત્તા વહેંચણીના સિદ્ધાંતના આધારે એક કારોબારી છે, જે પ્રદેશની કોંગ્રેસ દ્વારા ચૂંટાય છે. આ કારોબારીમાં, કોંગ્રેસના તમામ પક્ષોને તેમની બેઠકોની સંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે છે.
- કારોબારીની ચૂંટણી પછી, પ્રમુખ તેના સભ્યોમાંથી ચૂંટાય છે.
- 'ન્યુ કેલેડોનીયા' મોટા ભાગની બાબતોમાં સ્વાયત્તતા છે, પરંતુ સંરક્ષણ જેવી બાબતો માટે તે હજી પણ ફ્રાન્સ પર ખૂબ આધાર રાખે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ફ્રાંસના રાષ્ટ્રપતિને 'ન્યૂ કેલેડોનીયા' ના વડા તરીકે માનવામાં આવે છે.

### ન્યૂ કેલેડોનીયાનું મહત્ત્વ

- આ ક્ષેત્રમાં સૌથી વધુ માથાદીઠ આવક હોવા ઉપરાંત, ન્યૂ કેલેડોનિયા પણ ખનિજ સંસાધનોથી સમૃદ્ધ માનવામાં આવે છે. એક અંદાજ મુજબ વિશ્વની કુલ નિકલ ધાતુના આશરે 10% ન્યુ કેલેડોનીયામાં હાજર છે.
- ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં નિકલ એક મહત્ત્વપૂર્ણ ઘટક છે, જેના કારણે ફ્રાન્સ દ્વારા આ ક્ષેત્રને વ્યૂહાત્મક, રાજકીય અને આર્થિક મહત્ત્વની સંપત્તિ તરીકે જોવામાં આવે છે.
- હાલમાં, આ ક્ષેત્રમાં ચીનની વધતી પ્રવૃત્તિ વચ્ચે, વ્યૂહાત્મક દ્રિષ્ટકોણથી આ ટાપુ ફ્રાન્સ માટે ખૂબ મહત્ત્વનો છે.
- નોંધપાત્ર રીતે, ન્યુ કેલેડોનીયાની નિકાસનો મોટો ભાગ (મોટાભાગે નિકલ ધાતુઓ) ચીનને આપવામાં આવે છે.

## FinCEN અને FIU-IND

- તાજેતરમાં, યુનાઈટેડ સ્ટેટસના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના ફાઈનાન્સિયલ ક્રાઈમ્સ એન્ફોર્સમેન્ટ નેટવર્ક (FinCEN) એ બેંકો દ્વારા 2100 જેટલા 'શંકાસ્પદ પ્રવૃત્તિ અહેવાલો' (SARs) રેકોર્ડ કર્યા છે.
- FinCEN અહેવાલમાં વર્ષ 1999 અને 2017ની વચ્ચે ઓછામાં ઓછા 2 ટ્રિલિયન ડોલરના વ્યવહારોની ઓળખ કરવામાં આવી છે અને બેન્ક અને નાણાકીય સંસ્થાઓના પાલન અધિકારીઓ દ્વારા મની લોન્ડરિંગ અથવા અન્ય ગુનાહિત પ્રવૃત્તિના શક્ય પુરાવા તરીકે ઓળખવામાં આવી છે.

### શંકાસ્પદ પ્રવૃત્તિ અહેવાલ(SARs)

- SARs એ શંકાસ્પદ પ્રવૃત્તિઓની જાણ કરવા માટે USA FinCENને બેન્કો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા જમા કરાયેલ દસ્તાવેજ છે.
- વ્યવહારની ઘટનાના 30 દિવસની અંદર કોઈપણ પ્રકારના ગુનાહિત નાણાં અથવા કાળા નાણાં ; આંતરિક વેપાર ; સંભવિત મની લોન્ડરિંગ ; આતંકવાદી ધિરાણ ; કોઈપણ વ્યવહાર જે શંકા પેદા કરે છે તેની જાણ કરવી પડે છે.
- તેનો ઉપયોગ ગુનાખોરીને શોધવા માટે થાય છે, પરંતુ કાયદાકીય કેસો સાબિત કરવા માટે સીધા પુરાવા તરીકે ઉપયોગ કરી શકાતા નથી.
- આ બેંકિંગ વ્યવહારની વિગતો છે જે રાઉન્ડ-ટ્રિપિંગ, મની લોન્ડરિંગ અથવા શેલ જેવી કંપનીઓ સાથે વ્યવહાર કરવાના સ્પષ્ટ સંકેત આપે છે.
- FinCEN કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે SARs વહેંચે છે, જેમાં FBI, યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સનો સમાવેશ થાય છે.

### મહત્ત્વ

- FinCEN અહેવાલમાં પત્રવ્યવહાર બેંક( Correspondent Bank) ચલણને લગતા જોખમોને પ્રકાશિત કરે છે.
- 'પત્રવ્યવહાર બેંક ' એ એવી નાણાકીય સંસ્થાને સંદર્ભિત કરે છે કે જે સામાન્ય રીતે અન્ય દેશોમાં અન્ય લોકોને સેવાઓ પૂરી પાડે છે.
- 'પત્રવ્યવહાર બેંક' એ મધ્યસ્થી અથવા એજન્ટ તરીકે કામ કરે છે, વ્યવસાયિક સ્થાનાંતરણની સુવિધા આપે છે, વ્યવસાયિક વ્યવહાર કરે છે, થાપણો સ્વીકારે છે અને બીજી બેંક વતી દસ્તાવેજો એકત્રિત કરે છે.

### ભારતમાં FinCEN જેવી વ્યવસ્થા

- અલગ અલગ કેસોમાં ભારતીય એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવતી વ્યક્તિઓ અને કંપનીઓને FinCENનાં SARs હેઠળ લાવવામાં આવ્યા છે.
- 2G કૌભાંડ, અગસ્ટા-વેસ્ટલેન્ડ કૌભાંડ વગેરે જેવા કેસોમાં નામવાળી ભારતીય કંપનીઓના વ્યવહાર સાથે સંબંધિત તમામ કેસો FinCEN સાથે સૂચિબદ્ધ થયા છે.
- ભારતમાં ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ-ઈન્ડિયા (FIU-IND) એ યુનાઈટેડ સ્ટેટસના FinCEN જેવું જ કાર્ય કરે છે.
- FIU-IND એજન્સી નીચેના દસ્તાવેજો મેળવવા માટે અધિકૃત છે:

1. કેશ ટ્રાન્ઝેકશન રિપોર્ટ (CTR)
2. શંકાસ્પદ ટ્રાન્ઝેકશન રિપોર્ટ (STR)
3. ક્રોસ બોર્ડર વાયર ટ્રાન્સફર રિપોર્ટ

- આ અહેવાલો ખાનગી અને જાહેર ક્ષેત્રની બેંકો પાસેથી દર મહિને પ્રાપ્ત થાય છે.
- ભારતમાં બેંકોએ 10 લાખ રૂપિયા અથવા તેના સમકક્ષ, વિદેશી ચલણથી સંબંધિત તમામ વ્યવહારો અથવા 10 લાખનો સમાવેશ કરેલા સંકલિત વ્યવહારોની શ્રેણી અથવા વિદેશી ચલણમાં તેના સમકક્ષ હોય તેને FIU-IN ઉપર માસિક CTRના રૂપમાં જમા કરવાની રહે છે.

- CTR અને STRનું વિશ્લેષણ FIU-IND દ્વારા કરવામાં આવે છે.
- FIU-INDને મની લોન્ડરિંગ, કરચોરી અને આતંકવાદી ધિરાણના સંભવિત કેસોની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન અને ટેક્સ ઓથોરિટી જેવી એજન્સીઓ સાથે શંકાસ્પદ વ્યવહારો વહેંચવામાં આવે છે.
- FIU-INDના 2017-2018ના અહેવાલમાં જણાવાયું છે કે તેને 14 લાખ STR મળ્યા છે જે ગયા વર્ષે નોંધાયેલા STRની સંખ્યા કરતા ત્રણ ગણા છે.

## કવાડ દેશોના વિદેશમંત્રીઓની બેઠક

### કવાડ દેશોના વિદેશમંત્રીઓની બેઠક વિશે

- જાપાનની રાજધાની ટોકયોમાં કવાડ દેશોના જૂથની વિદેશમંત્રીઓની બેઠક મળી રહી છે.
- અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ભારત કવાડ ગ્રુપમાં સામેલ છે.
- વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે આ બેઠકમાં વૈશ્વિક રોગચાળા COVID-19 પછી પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાઓ અને સંકલિત પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવશે.
- પ્રાદેશિક મુદ્દાઓ અને મુક્ત અને સમાવિષ્ટ ભારત–પ્રશાંત ક્ષેત્રના મહત્ત્વ પર પણ ચર્ચા કરવામાં આવશે.
- કવાડ વિદેશ મંત્રીઓની આ બીજી બેઠક હશે.
- વર્ષ 2019 ની શરૂઆતમાં, કવાડ વિદેશ મંત્રીઓની બેઠક સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બહાર થઈ હતી.
- ભારતના વિદેશ મંત્રી એસ.કે. જયશંકર જાપાન અને ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરશે. બેઠક દરમિયાન પરસ્પર હિતના દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે.

## એલાયન્સ ફોર ઇનોવેશન્સ ઈન એપીડેમિક પ્રેપરેશન

- 'એલાયન્સ ફોર ઈનોવેશન્સ ઈન એપીડેમિક પ્રેપરેશન (CEPI)' એ વૈશ્વિક પહેલ છે જેણે 'ટ્રાંસલેશન હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈંસ્ટીટયુટ(THSTI), ફરીદાબાદની કોવીડ–19 વેકિસનના પરીક્ષણ માટે આકલન કરી રહેલ છ પ્રયોગશાળાઓમાં પસંદગી કરવામાં આવી છે.

### વૈશ્વિક આકલન પરિયોજનાની છ પ્રયોગશાળાઓ વિશે

- CEPI નેટવર્ક શરૂઆતમાં કેનેડા, યુકે, ઇટલી, નેધરલેન્ડ, બાંગ્લાદેશ અને ભારતની છ પ્રયોગશાળાઓનો સમાવેશ કરશે.
- બધી પ્રયોગશાળાઓ સમાન રીએજન્ટસનો ઉપયોગ કરશે અને રસીના વિકાસ અને પરીક્ષણ માટે પસંદ કરેલા ઉમેદવારોની રોગપ્રતિકારક પ્રતિક્રિયાને માપવા માટે પ્રોટોકોલોના સામાન્ય સેટને અનુસરશે.
- આ રસી પરીક્ષણ પ્રક્રિયાને સુમેળમાં લાવવામાં આવશે અને વિવિધ રસી પરીક્ષણો માટે ઉમેદવારોની તુલના અને સૌથી અસરકારક ઉમેદવારની પસંદગીને ઝડપી બનાવશે.
- THSTI માટે તે હિતાવહ છે કે તે વૈશ્વિક ધોરણો સાથે સમાનતા રાખતા રસી વિકાસ માટે યોગ્ય વિશ્લેષણ પ્રદાન કરશે.

### એલાયન્સ ફોર ઇનોવેશન્સ ઈન એપીડેમિક પ્રેપરેશન(CEPI) વિશે

- CEPI એક વૈશ્વિક ભાગીદારી છે જે ભવિષ્યના રોગચાળાને અટકાવવા માટે રસી વિકસાવવા વર્ષ 2017માં શરૂ કરવામાં આવી હતી.
- નોર્વે અને ભારત સરકાર, બિલ એન્ડ મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશન, વેલકમ ટ્રસ્ટ અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા CEPIની સ્થાપના દાવોસ, સ્વિટ્ઝરલેન્ડ ખાતે કરવામાં આવી હતી.
- બાયોટેકનોલોજી વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અને ભારત સરકાર 'IndCEPI મિશન' દ્વારા રોગચાળાના નિવારણ માટે રસીની ઉપયોગિતા પર ભાર મૂકે છે.

### ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઇન્સ્ટિટયૂટ (THSTI)

- તે ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીની સ્વાયત સંસ્થા છે.
- તે ફરીદાબાદ,હરિયાણા ખાતે આવેલ છે.

## ભારત-અમેરિકા સંબંધ

- પ્રથમ વખત, અમેરિકન એરક્રાફ્ટ P-8Aને LEMOA હેઠળ ભારતીય ટાપુઓ સુધી પ્રવેશની મંજુરી આપવામાં આવી હતી. દ્વિપક્ષીય લોજિસ્ટક્સ સપોર્ટ એગ્રીમેન્ટ હેઠળ રિફ્યુ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

અલ કરવા માટે યુ.એસ. નેવીનું લાંબા અંતરનું દરિયાઈ પેટ્રોલ એરક્રાફ્ટ P-8A સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં અંદમાન અને નિકોબાર આઈલેન્ડના પોર્ટ બ્લેર પર પહોંચ્યું હતું.

## LEMOA(Logistic Exchange Memorandum of Agreement) વિશે

- LEMOA કરાર પર વર્ષ 2016માં ભારત દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરાર ભારત અને યુ.એસ. સેનાઓની એકબીજાની સૈન્ય સુવિધાઓ સુધીની પહોંચને સરળ બનાવે છે. પરંતુ તેને સ્વચાલિત અથવા ફરજિયાત બનાવતા નથી.
- આ કરાર બંને દેશોના સૈન્યને મુખ્યત્વે ચાર ક્ષેત્રો જેમકે, પોર્ટ ઓફ કોલ, સંયુક્ત કવાયત, તાલીમ અને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત જેવા ક્ષેત્રોમાં સુવિધાઓ પૂરી પાડે છે.
- વિદેશી નૌકાદળો સાથે સૌથી વધુ માહિતીનું આદાનપ્રદાન કરવુ અને તેનો ઉપયોગ કરવો જે LEMOA નો સૌથી મોટો લાભ ભારતીય નૌકાદળ માટે છે.

## હિંદ મહાસાગર ક્ષેત્રમાં વિદેશી રાજ્યો સાથે ભારતનો સહયોગઃ

- જુલાઈમાં, ભારતીય નૌકાદળના જહાજો અને યુ એસ વિમાનવાહક જહાજો વચ્ચે PASSEX નામના યુદ્ધાભ્યાસની દરખાસ્ત કરવામાં આવી હતી, જે આ મહિનાના અંતમાં પૂર્ણ થવાની સંભાવના છે.
- કવાડ દેશો સાથે ભારતની દરિયાઈ જાગૃતિ સંવાદ હિંદ મહાસાગર ક્ષેત્ર અને ઈન્ડો–પેસિફિકમાં વધુ સારી દરિયાઈ જાગૃતિ માટે માહિતી વહેંચણી પર કેન્દ્રિત દ્વિપક્ષીય ધોરણે ઝડપથી વધ્યો છે.
- ભારત ત્રણેય દેશો ઓસ્ટ્રેલિયા, જાપાન અને યુએસ સાથે લોજિસ્ટક કરાર કરે છે. ભારતે ઓસ્ટ્રેલિયા અને જાપાન સાથે દરિયાઈ માહિતી વહેંચણી કરાર અને યુએસ સાથે સમાન કરાર પર પણ સહી કરી છે.

## ભારત અને યુએસ વચ્ચે સંધિઓ અને કરારો

- જનરલ સિક્યુરિટી ઓફ મિલિટરી ઈન્ફર્મેશન એગ્રીમેન્ટ(GSOMIA) નામના પ્રથમ કરાર પર બંને દેશો દ્વારા વર્ષ 2002 માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- બંને દેશોની 2 + 2 વાટાઘાટો દરમિયાન તાજેતરમાં સહી થયેલ COMCOSA કરાર, સંદેશાવ્યવહાર અને માહિતીથી સંબંધિત CISMOA નું ભારત–વિશિષ્ટ સંસ્કરણ છે.
- COMCASA ને યુ.એસ. માં CISMOA (કમ્યુનિકેશન અને ઈન્ફર્મેશન સિક્યુરિટી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ) પણ કહેવામાં આવે છે.
- છેલ્લો કરાર જિઓસ્પેટિયલ કોઓપરેશન(BECA) છે જે બંને દેશો વચ્ચે લશ્કરી અને નાગરિક હેતુઓ માટે જમીન, દરિયાઈ અને એરોનોટિકલ પરની ત્રણેય પ્રકારની માહિતીની આપ–લે કરવામાં સહાય માટે વૈધાનિક માળખું નક્કી કરશે.

# પરમાણુ હથિયાર અને ભારત

- તાજેતરમાં, કેન્દ્રીય વિદેશ સચિવે ઉચ્ચ–સ્તરીય બેઠક દરમિયાન પરમાણુ શસ્ત્રોના નાબૂદીની ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી.
- 'આંતરરાષ્ટ્રીય અણુ શસ્ત્ર પૂર્ણ નાબૂદી દિવસ' નિમિત્તે ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધન કરતાં કેન્દ્રીય વિદેશ સચિવે ભેદભાવ વિના પરમાણુ શસ્ત્રોના નાબૂદીને સમર્થન આપ્યું હતું.

## ભારત અને પરમાણુ નીતિ વિશે

■ **નો ફર્સ્ટ યુઝ નીતિ વિશે**

- કેન્દ્રીય વિદેશ સચિવે કહ્યુ હતુ કે પહેલા પરમાણુ હથિયારો ધરાવતા દેશ વિરુદ્ધ 'નો ફર્સ્ટ યુઝ' એટલે કે પરમાણુ હથિયરોનો પ્રથમ ઉપયોગ ન કરવાનો અને બિન–પરમાણુ હથિયર ધરાવતા દેશો પર પરમાણુ હથિયારનો ઉપયોગ ન કરવા પર ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી.
- તેમણે કહ્યું કે પરમાણુ નિઃશસ્ત્રીકરણ અને અપ્રસાર પ્રણાલીને મજબુત બનાવવાના વૈશ્વિક પ્રયાસોમાં ભારત મહત્વનું ભાગીદાર રહ્યું છે.
- કેન્દ્રીય વિદેશ સચિવની વાતથી સ્પષ્ટ થાય છે કે ભારતે તેની 'નો ફર્સ્ટ યુઝ પોલિસી' માં કોઈ ફેરફાર કર્યો નથી.
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રીએ વર્ષ 2019ની ચૂંટણી પછી ભારતની પરમાણુ નીતિમાં પરિવર્તન લાવવાનો સંકેત આપ્યો હતો, અને આગામી દિવસોમાં 'નો ફર્સ્ટ યુઝ પોલિસી' પ્રત્યેના ભારતના વલણને ભવિષ્યના સંજોગો પર નિર્ભર હોવાનું દર્શાવ્યું હતું.

## બહુપક્ષીય પ્રયત્નોની ભૂમિકા વિશે

- કેન્દ્રીય વિદેશ સચિવે 'નિઃશસ્ત્રીકરણ સંમેલન (The Conference on Disarmament-CD)ને વિશ્વની

એકમાત્ર બહુપક્ષીય નિઃશસ્ત્રીકરણ કરાર મંચ તરીકે ગણાવી હતી અને ભારતને વ્યાપક પરમાણુ શસ્ત્રો પરિષદ હેઠળ આ મંચ દ્વારા વાતચીત કરવા સમર્થન વ્યક્ત કર્યું હતું.

- નિઃશસ્ત્રીકરણ પરિષદમાં વિશેષ સંયોજક અથવા CD/1299ના રિપોર્ટના (24 માર્ચ, 1994) આધાર પર ભારત 'ફિશાઈલ મટિરિયલ કટ–ઓફ સંધિ'ની દ્રષ્ટિએ વાટાઘાટો કરવા પણ પ્રતિબદ્ધ છે.
- CD/1299 અંતર્ગત આયોજિત ચર્ચા દ્વારા, 'સંધિની વાટાઘાટો કરવાની પહેલને પરમાણુ શસ્ત્રો અથવા અન્ય અણુ વિસ્ફોટક ઉપકરણો માટે ફિશાઈલ મટિરિયલના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાની દિશા આપવામાં આવી હતી.'

### નિઃશસ્ત્રીકરણ પરિષદ(CD-The Conference on Disarmament) વિશે

- નિઃશસ્ત્રીકરણ પરિષદ(CD) એ બહુપક્ષીય નિઃશસ્ત્રીકરણ વાટાઘાટ મંચ છે જે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા માન્યતા પ્રાપ્ત છે.
- તે હાલમાં પરમાણુ નિઃશસ્ત્રીકરણ, અવકાશમાં હથિયારો પર રોકથામ, નવા વિનાશના શસ્ત્રોના નવા પ્રકારો અને રેડિયોલોજીકલ શસ્ત્રોના વિકાસના ક્ષેત્રમાં કામ કરે છે.

### આંતરરાષ્ટ્રીય પરમાણૂ શસ્ત્ર સંપૂર્ણ નાબૂદી દિવસ વિશે

- વર્ષ 2013માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા 26 સપ્ટેમ્બરને 'આંતરરાષ્ટ્રીય અણુ શસ્ત્રો પૂર્ણ નાબૂદી દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ઘોષણાનો હેતુ પરમાણુ નિઃશસ્ત્રીકરણ અંગે સહકાર અને જન જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.

## ભારત-જાપાન વચ્ચે વ્યુહાત્મક સંવાદ

- તાજેતરમાં ભારત–જાપાનના વિદેશ મંત્રીઓના 13માં વ્યૂહાત્મક સંવાદ દરમિયાન બંને દેશો દ્વારા સાયબર સિક્યુરિટીના ક્ષેત્રમાં 'સહકાર મેમોરેન્ડમ' પર હસ્તાક્ષર કરવા સહમતિ વ્યક્ત કરવામાં આવી છે. જે ભારત અને જાપાનની વચ્ચે 5G ટેકનોલોજી, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અને કૃત્રિમ બુદ્ધીમતા જેવા ક્ષેત્રના સહયોગમાં પ્રોત્સાહન આપશે.

### ભારત-જાપાન વચ્ચે વ્યુહાત્મક સંવાદના મુખ્ય મુદ્દા

1. **સાયબર સુરક્ષા ક્ષેત્રે સમજુતી વિશે**

- આ સહકાર કરાર બંને દેશોના પારસ્પરિક હિતના ક્ષેત્રમાં સહયોગ વધારવામાં મદદ કરશે. જેમાં સાયબરસ્પેસ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ, નિર્ણાયક માળખાગત સુરક્ષા, ઉભરતી તકનીકોમાં સહકાર, સાયબર સુરક્ષા જોખમો/ઘટનાઓ વિશેની માહિતી વહેંચણી અને તેનો સામનો કરવા માટે જરૂરી ઉપાય વગેરેનો સમાવેશ થાય છે.

2. **સહકાર મેમોરેન્ડમના મહત્વ વિશે**

- કોરોના વાયરસ મહામારીએ વિશ્વભરની કંપનીઓને ડિજિટલ ટેકનોલોજી અને તકનિક પર નિર્ભર બનાવી દીધી છે. આથી સાયબર હુમલાનુ પણ જોખમ વધારે રહેલુ છે.
- આવી સ્થિતિમાં જો ભારતીય કંપનીઓ પર આયોજિત રીતે સાયબર હુમલા કરવામાં આવે તો તે માત્ર કંપનીઓ માટે જ નુકસાનકારક નથી, પરંતુ ભારતીય અર્થવ્યવસ્થાને પણ ઘણું નુકસાન પહોંચાડી શકે છે. તેથી, ભારતની સુરક્ષા અને વિકાસની દ્રષ્ટિએ આવા કરારો ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- કેન્દ્રીય કેબિનેટે સાયબર સુરક્ષા અંગે જાપાન સાથેના કરારને એવા સમયે મંજૂરી આપી છે, જ્યારે ભારત અને ચીન વચ્ચે સરહદ પર વિવાદ ચાલી રહ્યો છે અને સંભવિત સાયબર હુમલાને રોકવા સરકારે ચીનની 100થી વધુ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ મુકયા છે.

3. **ભારત-પ્રશાંત ક્ષેત્ર પર ચર્ચા વિશે**

- ભારત અને જાપાનના વિદેશમંત્રીઓ વચ્ચે વ્યૂહાત્મક વાટાઘાટો દરમિયાન બંને દેશો માટે ભારત–પ્રશાંત ક્ષેત્રના મહત્વ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.
- ભારત અને જાપાન બંને ભારત–પ્રશાંતની નીતિ અને દ્રષ્ટિ માટે સમાન છે. ઈન્ડો–પેસેફિક ક્ષેત્ર પ્રત્યે બંને દેશોના વલણ કાયદાના શાસન અને સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના આદર પર આધારિત છે.
- ભારત અને જાપાન બંને માટે ભારત–પ્રશાંત ક્ષેત્રમાં ચીનની વધતી આક્રમકતાનો સામનો કરવો જરૂરી છે.
- નવેમ્બર, 2019માં ભારતે પૂર્વ એશિયા સમિટમાં 'ઈન્ડો–પેસિફિક મહાસાગર પહેલ'ની શરૂઆત કરી હતી. જાપાન હવે આ પહેલમાં અગ્રેસર ભાગીદાર બન્યું છે અને સંયુક્તપણે ભારત–પેસિફિક તરફના બંને દેશોના અભિગમોને આગળ વધારવા સંમત થયા છે.

### ભારત-જાપાન સંબંધ વિશે

- ભારત અને જાપાન વચ્ચે ભૂતકાળમાં લોજિસ્ટકસ કરાર પર હસ્તાક્ષર થયા હતા, જેનો ઉદ્દેશ બંને દેશોના સશસ્ત્ર સૈન્ય

વચ્ચે સેવાઓ અને પુરવઠામાં સમન્વય કરવાનો હતો.

- ભારત અને જાપાન બંને ક્વાડ(QUAD- Quadrilateral Security Dialogue) પહેલનો ભાગ છે.
- 'ચતુર્ભુજ સુરક્ષા સંવાદ' એટલે ક્વાડ ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો અનૌપચારિક વ્યૂહાત્મક સંવાદ છે.
- તાજેતરમાં ભારત,ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના વિદેશમંત્રીઓની બેઠક ટોકયો,જાપાન ખાતે મળી હતી.
- ભારત–જાપાન ડિજિટલ ભાગીદારી ઓકટોબર,2018માં ભારતના વડાપ્રધાનની જાપાનની મુલાકાત દરમિયાન શરૂ કરવામાં આવી હતી.
- 'ભારત–જાપાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર(CEPA- India Japan Comprehensive Economic Partnership Agreement)ને ઓગસ્ટ, 2011માં લાગુ કરવામાં આવ્યો હતો જેમાં વસ્તુ, સેવા, રોકાણ, બૌદ્ધિક સંપત્તિ હક, કસ્ટમ પ્રક્રિયા અને અન્ય વેપાર–સંબંધિત મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.
- ભારતઅનેજાપાનવચ્ચેJIMEX,શિન્યુમૈત્રી(SHINYUU Maitri) અને 'ધર્મ ગાર્ડીયન' જેવી દ્વિપક્ષીય સૈન્ય કવાયતનું આયોજન કરવામાં આવે છે.
- બંને દેશો અમેરિકા સાથેની 'મલાબાર કવાયત'માં પણ ભાગ લે છે.

## UNCDF અને મહિલાઓનુ આર્થિક સશક્તિકરણ

- તાજેતરમાં 'યુનાઈટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડ(UNCDF)' અને 'મહિલા વિશ્વ બેંક' દ્વારા વિશ્વના ઉભરતા બજારો અને અવિકસિત દેશોમાં મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે એક વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે.
- UNCDF અને મહિલા વિશ્વ બેન્કિંગની આ ભાગીદારી દ્વારા, વિશ્વભરના નીતિ નિર્માતાઓ અને નાણાકીય સેવા પ્રદાતાઓએ નાણાકીય સંસાધનોમાં મહિલાઓની પહોંચ વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી છે.
- હાલમાં વૈશ્વિક સ્તરે 1 અબજથી વધુ મહિલાઓ ઔપચારિક નાણાકીય વ્યવસ્થાની પહોંચની બહાર છે.

### આવશ્યકતા અને મહત્વ

- એક અનુમાન મુજબ વર્તમાન વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મહિલાઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરવાની સંભાવના વધારે છે.
- કોવિડ–19 રોગચાળાના કારણે લિંગ સમાનતાના ક્ષેત્રમાં થયેલ પ્રગતી દાયકા જેટલી પાછળ જવાનુ જોખમ ઉભુ થયું છે.
- સ્ત્રીઓ માટે ઔપચારિક નાણાકીય વ્યવસ્થા અને સંગઠિત ક્ષેત્રની રોજગારની અછતને કારણે COVID-19 દ્વારા ઉદ્ભવેલા પડકારોનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ રહેશે.
- સ્ત્રીઓનો નાણાકીય સમાવેશ વૈશ્વિક અર્થતંત્રમાં ટકાઉ વિકાસ અને સ્થિતિસ્થાપકતા લાવવાની મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.

### મહિલાઓના નાણાકીય સમાવેશ માટેના સામાન્ય પ્રયત્નો વિશે

- ડિજિટલ નાણાકીય ઉકેલ અને નવીન ફાઈનાન્સ સિસ્ટમમાં તેમની સામૂહિક શક્તિઓની ગોઠવણ સાથે વૈશ્વિક પહોંચના માધ્યમથી UNCDF તથા 'મહિલા વિશ્વ બેંક' દ્વારા મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને વિશ્વના સૌથી પડકારજનક બજારોમાં તેમની ભાગીદારીના અવરોધોને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.
- આ અંતર્ગત, મહિલા ઉદ્યમીઓ માટે ભંડોળ વધારવા માટે રોકાણના માધ્યમો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- ઉપરાંત, નાણાકીય સમાવેશને વિસ્તૃત કરવા ડિજિટલ નાણાકીય ઉકેલોનો ઉપયોગ કરવા અને તેને આગળ વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવશે.
- COVID-19 દ્વારા ઉભા થયેલ પડકારોને ધ્યાનમાં રાખીનેUNCDF અને 'મહિલા વિશ્વ બેંક નાણાકીય સેવાઓ સુધી મહિલાઓની પહોંચને સુનિશ્ચિત કરવા ઉકેલ, તક અને ભાગીદારીને ઓળખવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### મહિલા સશક્તિકરણ અને ભારત વિશે

- બેઈજિંગ ઘોષણા અને 'પ્લેટફોર્મ ફોર એકશનની 25મી વર્ષગાંઠ પર UN જનરલ એસેમ્બલીને સંબોધન કરતા કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીએ લિંગ સમાનતા માટે ભારતના પ્રયત્નો અને સિદ્ધિઓને દોરવી હતી.
- ભારત દ્વારા મહિલા સશક્તિકરણ માટે સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓને અનામત અને 'બેટી બચાવો, બેટી પઢાઓ જેવી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

યોજનાઓ અને ઔપચારિક બેંકિંગ સિસ્ટમ હેઠળ '200 કરોડથી વધુ મહિલાઓ'ને જોડવા જેવી અનેક મહત્વપૂર્ણ પહેલની શરૂઆત કરી છે.

- આ સાથે, 'પ્રધાનમંત્રી જન ધન યોજનાની(PMJDY)' ભૂમિકા ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને સીધી નાણાકીય વ્યવસ્થા સાથે જોડવામાં મહત્વની રહી છે. PMJDY હેઠળ ખોલવામાં આવેલા લગભગ 40.35 કરોડ બેંક ખાતાઓમાં થી, 63.6% ગ્રામીણ વિસ્તારોના છે અને આ યોજનામાં મહિલાઓની ભાગીદારી 55.2% રહી છે.

### મહિલા વિશ્વ બેંકિંગ વિશે

- મહિલા વિશ્વ બેંક એક બિન–નફાકારક સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1979 માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા મહિલાઓ, તેમના પરિવારો અને સમુદાયોની આર્થિક સ્થિરતા અને સમૃદ્ધિની ખાતરી કરવા માટે ઉભરતા બજારમાં નાણાકીય સમસ્યાનુ સમાધાનઅને નીતિગત વાતાવરણની અભિકલ્પના સાથે તેમાં રોકાણ કરવાનુ કાર્ય કરે છે.
- આ સંસ્થા હાલમાં 28 દેશોની 51 સંસ્થાઓ સાથે કામ કરે છે જેમાં ઓછી આવક ધરાવતી મહિલાઓને નાણાકીય સેવાઓ સાથે જોડવા અને તેમના આર્થિક સમાવેશ અને આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- મહિલા વિશ્વ બેંકનુ મુખ્ય મથક ન્યુ યોર્ક, અમેરિકા ખાતે આવેલ છે.

### યુનાઇટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડ(UNCDF) વિશે

- UNCDFએ યુનાઇટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે જે અવિકસિત દેશોમાં નાણાકીય કાર્ય કરવામાં કુશળતા ધરાવે છે.
- તેની સ્થાપના વર્ષ 1966 માં યુનાઈટેડ નેશન્સ હેઠળની એક સ્વાયત્ત સંસ્થા તરીકે થઈ હતી.
- UNCDF જાહેર અને ખાનગી સંસાધનો દ્વારા ગરીબી ઘટાડવા અને સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે.
- UNCDFનું મુખ્ય મથક ન્યુયોર્કમાં આવેલ છે.



# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## બ્રાહ્મોસ મિસાઇલ (BrahMos Missile)

- 30 સપ્ટેમ્બર, 2020ના રોજ, સપાટીથી સપાટીની સુપરસોનિક ક્રુઝ મિસાઇલ બ્રાહ્મોસનું સફળતાપૂર્વક ઓડિશા, બાલાસોરથી સ્વદેશી બૂસ્ટર અને એરફ્રેમ વિભાગો સાથે ઘણા અન્ય 'મેડ ઇન ઇન્ડિયા' ઉપ પ્રણાલીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### Back to basics : બ્રાહ્મોસ મિસાઇલ વિશે

- બ્રાહ્મોસ મિસાઇલ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને રશિયાના સંઘીય રાજ્ય એકમક સાહસ 'એનપીઓ માશીનોસ્ટ્રોયેનિયા' (NPO Mashinostroyenia- NPOM) દ્વારા સંયુક્ત રીતે રશિયાના એરોસ્પેસ એન્ટરપ્રાઇઝ દ્વારા વિકસાવવામાં આવી છે.
- બ્રહ્મોસનું નામ બ્રહ્મપુત્રા અને મોસ્કવા નદીઓ પર રાખવામાં આવ્યું છે.
- બ્રાહ્મોસ મિસાઇલ એક મધ્યમ–અંતરની રેમજેટ સુપરસોનિક ક્રુઝ મિસાઇલ છે જેને સબમરીન, યુદ્ધ જહાજો, લડાકુ વિમાનો અથવા જમીન પરથી લોન્ચ કરી શકાય છે.
- બ્રાહ્મોસ લેન્ડ–એટેક ક્રુઝ મિસાઇલ (BrahMos Land-Attack Cruise Missile- LACM)ની મહત્તમ ગતિ મેક 2.8 છે. જે ધ્વનિની ગતિ કરતા 3 ગણા વધારે છે.
- આ મિસાઇલનું વજન આશરે 2.5 ટન છે અને તેની રેંજ લગભગ 300 કિ.મી. છે.
- મિસાઇલ હવામાનની સ્થિતિને ધ્યાનમાં લીધા વગર દિવસ અને રાત બંને કામ કરે છે .
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટસ' સિદ્ધાંત પર કાર્ય કરે છે એટલે કે લોંચ પછી તેને વધુ માર્ગદર્શનની જરૂર નથી.
- જોકે, મિસાઇલ ટેકનોલ ટેકનોલોજી કંટ્રોલ રીજીમ (MTCR)માં ભારતના પ્રવેશથી બ્રહમોસ મિસાઇલની રેંજ વધારીને 450 કિ.મી.–600 કિ.મી કરવામાં આવશે.

## એસ્ટરોઇડ માઇનિંગ રોબોટ

- ચીન એસ્ટરોઇડસના ખનન માટે અંતરિક્ષમાં રોબોટ મોકલી રહ્યું છે.
- આ રોબોટ આ વર્ષના અંત સુધીમાં મોકલવામાં આવશે. ચીન એસ્ટરોઇડસ પરના મૂલ્યવાન ખનિજ સંસાધનોના ખાણકામ પર નજર રાખી રહ્યું છે.
- ઓરિજિન સ્પેસ (Origin Space) નવેમ્બરમાં લોંગ માર્ચના રોકેટથી લોન્ચ કરવામાં આવશે.
- એસ્ટરોઇડ કિંમતી ખનિજ સંસાધનોથી ભરેલા છે, તેથી ચીનનું ધ્યાન સોના, ચાંદી અને કોબાલ્ટ જેવા મૂલ્યવાન સંસાધનો પર છે. ચીન પણ અવકાશ સંશોધનને ઝડપથી આગળ વધારવા માટે આવા પગલાં લઈ રહ્યું છે.
- ઓરિજિન સ્પેસ બેઇજિંગ સ્થિત એક ખાનગી કંપની છે. આ ખરેખર માઇનિંગ માટેનું પૂર્વ ક્રુસેડર મિશન છે. તેનું સંચાલન ચીની રાષ્ટ્રીય અવકાશ વહીવટી તંત્ર કરશે.
- તેનું નામ નીઓ-1 રાખવામાં આવ્યું છે, જે માઇનિંગ માટે જરૂરી ટેકનોલોજીનું પરીક્ષણ કરશે. વિશ્વના શક્તિશાળી દેશો અવકાશમાં ખાણકામ પર નજર રાખી રહ્યા છે. એસ્ટરોઇડ ખનન એ એક વિજ્ઞાન સાહિત્ય ફિલ્મ જેવું છે, જે એકદમ વિવાદિત છે. જો આ પ્રોજેક્ટ સફળ થાય છે, તો ટ્રિલિયન ડોલરનો ઉદ્યોગ ખુલી શકે છે.

## ભારતમાં કોવીડ-19 રસીના ઉત્પાદનમાં વૃદ્ધિ

- તાજેતરમાં પૂણે સ્થિત 'સીરમ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા–SII' એ COVID-19 રસીનું ઉત્પાદન 100 મિલિયન ડોઝથી વધારીને 200 મિલિયન ડોઝ કરવાની જાહેરાત કરી છે.

### રસીના ઉત્પાદનમાં વૃદ્ધિ સંબંધે મહત્વની બાબતો

- SIIને COVID-19 રસી ઉત્પન્ન કરવા માટે બિલ અને મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશન અને વેકસીન એલાયન્સ ગેવી (GAVI) પાસેથી મળતી નાણાકીય સહાય બમણી કરવામાં આવી છે.
- નોંધપાત્ર વાત એ છે કે હાલમાં અમેરિકન રસી ઉત્પાદક કંપની નોવાવાકસ અને ઓકસફર્ડ યુનિવર્સિટી અને SII દ્વારા એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસિત COVID-19 રસીના ઉત્પાદન માટેના કરારો કરવામાં આવ્યા છે.
- આ કરાર અંતર્ગત, રસીની એક માત્રાની કિંમત માટેની મહત્તમ મર્યાદા 3 અમેરિકી ડોલર નક્કી કરવામાં આવી છે.
- આ ઉપરાંત, જૂનમાં, એસ્ટ્રાઝેનેકા અને 'ગેવી' (GAVI) વચ્ચે સમજૂતીની ઘોષણા કરવામાં આવી હતી, જે અંતર્ગત ઓકસફોર્ડ–યુનિવર્સિટી દ્વારા એસ્ટ્રાઝેનેકા રસીના 300

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ડોઝના ઉત્પાદન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

### ઉત્પાદનમાં વૃદ્ધિ અને નાણાકીય સહાયથી થતા લાભ

- આ ભંડોળ દ્વારા SII એસ્ટ્રાઝેનેકા અને નોવાક્સ દ્વારા પરવાનો અપાયેલી રસીના નિર્માણને ઝડપથી વેગ આપશે.
- જો એસ્ટ્રાઝેનેકા અને નોવાક્સ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા તેમની રસી અને પૂર્વ–લાયકાત માટે સંપૂર્ણ લાઈસન્સ મેળવવામાં સક્ષમ છે, તો આ રસી બજારમાં ઉપલબ્ધ થશે.
- SIIના ભંડોળમાં વધારો કર્યા પછી 'ઓછી અને મધ્યમ આવક દેશો' (Low and Middle Income Countries-LMIC)માં ઓછામાં ઓછા 61 દેશો માટે COVID-19 રસી (3 ડોલરના દરે)ના 200 મિલિયન ડોઝની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાશે .
- આ ભાગીદારી અંતર્ગત, જો એસ્ટ્રાઝેનેકાના તમામ પરીક્ષણો સફળ થાય છે, તો આ રસી 'ગવી' પહેલના ભાગ રૂપે, ભારત સહિત 61 પાત્ર દેશોમાં ઉપલબ્ધ થશે.

### કોવેક્સ વિશે

- કોવાક્સ એ 'એક્સેસ ટુ COVID-19 ટૂલ્સ (Access to COVID-19 Tools- ACT) એક્સેલેરેટર'ની ત્રણ કલમમાંથી એક છે.
- WHO, યુરોપિયન કમિશન અને ફ્રાન્સના સહયોગથી COVID-19 રોગચાળાને નાથવા એપ્રિલ 2020માં તે શરૂ કરવામાં આવી હતી.
- ACT–એક્સલેટર એ COVID-19 રસી ઉત્પાદનના વિકાસ અને વેગ માટે અને COVID-પરીક્ષણ, ઉપચાર અને રસીઓને સમાન વપરાશની ખાતરી કરવા માટે વૈશ્વિક સહકાર માટેનું માળખું છે. તેમાં ત્રણ સ્તંભ છે – રસી (કોવાક્સ), સારવાર અને નિદાન.
- કોવેક્સ GAVI, WHO અને મહાગઠબંધન તૈયારી ઈનોવેશન્સ માટેનું જોડાણ (Coalition for Epidemic Preparedness Innovations- CEPI) દ્વારા સહ–આગેવાનીમાં છે.
- COVAX પહેલ અંતર્ગત રસીના વિકાસ પછી, આ પહેલમાં ભાગ લેનારા તમામ દેશો 2021 ના અંત સુધીમાં 2 અબજ ડોઝ બનાવવાનું લક્ષ્ય રાખીને તેની પહોંચ સુનિશ્ચિત કરશે, જે સંભવત ઉચ્ચ જોખમ અને સંવેદનશીલ છે આ રોગચાળાને પહોંચી વળવા માટે તૈનાત લોકો અને આરોગ્ય કર્મચારીઓને બચાવવા તે પૂરતું હશે.

### રસીની ઉપલબ્ધતા સંબંધે માહિતી

- હાલમાં, વૈશ્વિક સ્તરે COVID-19નો સામનો કરવા માટે લગભગ 170 વિવિધ રસીઓ વિકસિત કરવામાં આવી રહી છે, પરંતુ તેમાંથી મોટાભાગની સફળ થવાની સંભાવના નથી.
- રસીની સફળતાની શકયતા વધારવા માટે, કોવાક્સ હેઠળ આ રસીઓનો વિશાળ અને વૈવિધ્યસભર પોર્ટફોલિયો બનાવવામાં આવ્યો છે.
- એકવાર આ રસીઓની સલામતી અને અસરકારકતા સાબિત થઈ જાય પછી, કોવાકસમાં શામેલ દેશો રસીના આ પોર્ટફોલિયોમાં પ્રવેશ મેળવી શકશે.
- આ માટે, ગવી દ્વારા 'કોવેક્સ સુવિધા' (COVAX Facility) ની સ્થાપના કરવામાં આવી છે, જેના દ્વારા સ્વ–નાણાંકીય અને નાણાં પૂરા પાડતી અર્થવ્યવસ્થાઓ ભાગ લઈ શકે છે.
- 'કોવિક્સ સુવિધા' હેઠળ જ ગાવી દ્વારા ગાવી કોવાક્સ એડવાન્સ માર્કેટ કમિટમેન્ટ નામના એક અલગ ભંડોળ મિકેનિઝમની સ્થાપના કરવામાં આવી છે, જેના દ્વારા ઓછી આવક ધરાવતા દેશોમાં કોવીડ-19 રસી ઉપલબ્ધતાની સહાય પૂરી પાડવામાં આવશે.

### ગાવી, રસી જોડાણ વિશે

- ગાવી એ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જેની સ્થાપના વર્ષ 2000માં કરવામાં આવી હતી.
- તેનો હેતુ વિશ્વના સૌથી ગરીબ દેશોમાં રહેતા બાળકો માટે નવી રસીઓની પહોંચ સુનિશ્ચિત કરવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રને સાથે લાવવાનો છે.
- તેના મુખ્ય ભાગીદારોમાં WHO, યુનિસેફ, વર્લ્ડ બેંક અને બિલ અને મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશન વગેરે શામેલ છે.
- ગાવીએ પ્રાથમિક આરોગ્ય સંભાળ (Primary Health Care- PHC)ને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે અને તે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા નિર્ધારિત ટકાઉ વિકાસ લક્ષ્યો (Sustainable Development goals-SDGs) હેઠળ સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.
- 'જુન 2019માં ગાવી બોર્ડ દ્વારા રસીકરણથી કોઈને ન છુટવા દેવા (Leave No-One Behind with Immunisation) નો દ્રષ્ટિકોણ અને રસીના યોગ્ય અને ટકાઉ ઉપયોગમાં વધારો કરીને લોકોના સ્વાસ્થ્ય અને જીવનને બચાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને 'લોકોની તંદુરસ્તી અને જીવન' બચાવવાના લક્ષ્ય સાથે એક નવી પંચવર્ષીય વ્યૂહરચના 'ગાવી 5.0' ને મંજૂરી આપી છે.

## વિજ્ઞાન અને તકનીકી સૂચકાંકો

- ભારત સરકારના વિજ્ઞાન અને તકનીકી વિભાગ (DST) એ ઓગસ્ટ 2020માં વર્ષ 2019-20 માટે નવીનતમ વિજ્ઞાન અને તકનીકી સૂચકાંકો (Science and Technology Indicators –STI) બહાર પાડયા હતા.
- નવીનતમ વિજ્ઞાન અને તકનીકી સૂચકાંકો અનુસાર, નવીનતાના સંદર્ભમાં ભારત હજી પણ ઉત્કૃષ્ટ સ્તરે પહોંચ્યું નથી.
- વિજ્ઞાન અને તકનીકીના ક્ષેત્રમાં કુશળ હોવા છતાં, દેશમાં અનન્ય સારા વિચારોની અભાવ હોય તેવું લાગે છે, તેથી કોઈ પણ ભારતીય ઉત્પાદન અથવા વ્યવસાયિક મોડેલ વૈશ્વિક સ્તરે તેની ઓળખ બનાવી શકયું નથી.

### STI રિપોર્ટની મુખ્ય બાબત

- STIના અહેવાલમાં બહાર આવ્યું છે કે 2005-06 થી 2017-18ની વચ્ચે દેશમાં કુલ 510000 પેટન્ટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી પરંતુ તેમાંના 75%થી વધુ વિદેશી સંસ્થાઓ અથવા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી હતી. એટલે કે, આ 13 વર્ષોમાં ભારતીયો દ્વારા ફક્ત 24% પેટન્ટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી.
- વૈશ્વિક બૌદ્ધિક સંપદા સંગઠન– WIPO મુજબ, પેટન્ટ અરજીઓ દાખલ કરવાના મામલામાં ભારત 7માં ક્રમે છે.

### IBM ઇન્સ્ટીટ્યુટ ફોર બિઝનેસ વેલ્યુ રિપોર્ટ

- IBM ઈન્સ્ટીટ્યુટ ફોર બિઝનેસ વેલ્યુ દ્વારા એક અહેવાલમાં જણાવાયું છે કે ભારત એક વિશાળ બજાર અને મજબૂત વસ્તી વિષયક વિષય ધરાવતો દેશ છે છતાં, અહીંયા મોટાભાગના સ્ટાર્ટ–અપ્સ નિષ્ફળ ગયા છે કારણ કે તેમની પાસે નવી તકનીકોના આધારે અગ્રણી વિચારોનો અભાવ છે અને અનન્ય વ્યવસાયિક મોડલ્સ પણ નથી.
- IBM મુજબ, ભારતીય સ્ટાર્ટ–અપ્સ અન્ય જગ્યાએથી સફળ વિચારોની નકલ કરવાનું પસંદ કરે છે અને સ્થાનિક બજારોમાં આ સફળ વિભાવનાઓને નાના પાયે અમલમાં મૂકીને મૂલ્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- સફળ વિચારોની નકલ બીજી જગ્યાએથી કરવામાં અથવા તેમના જુગાડને પ્રોત્સાહન આપવા માટે ભારતીયો ખૂબ ગર્વ લે છે.

### જુગાડ આધારિત નવીનતા

- કેટલાક વિશ્લેષકો દ્વારા તેને ફ્રુગલ ઈનોવેશન (Frugal Innovation) પણ કહેવામાં આવે છે. જ્યારે કેટલાક માને છે કે આ આપણી સર્જનાત્મકતાને પ્રતિબિંબિત કરે છે, પરંતુ શું અમે કોઈ સ્ટાર્ટ–અપ બનાવ્યું છે જેની કિંમત 1 અબજ ડોલરથી વધુ હોય ?
- ભારત સરકારે 100થી વધુ ચાઈનીઝ એપ્લિકેશન્સ પર પ્રતિબંધ મૂકયા પછી, ધ્યાન આપ્યું નથી કે પ્રતિબંધિત એપ્લિકેશનો માટે કોઈ ભારતીય વિકલ્પ હોય.
- નોંધપાત્ર વાત એ છે કે, ચીન એ યુનાઈટેડ સ્ટેટસ અને જાપાન કરતા પણ આંતરરાષ્ટ્રીય પેટન્ટ અરજીઓ ફાઈલ કરવાના સંદર્ભમાં ઘણા સમયથી ટોચ પર છે, જેના કારણે વૈશ્વિક સ્તરે ઘણાં ચિની ઉત્પાદનોની માન્યતા પ્રાપ્ત થઈ છે.

### ભારતીયો દ્વારા પેટન્ટ એપ્લિકેશનમાં ઘટાડો થવાના કારણો

- ભારતીયો દ્વારા પેટન્ટ એપ્લિકેશનમાં ઘટાડો થવા માટે વિશ્લેષકો દ્વારા નીચેના કારણો આપવામાં આવ્યા છેઃ

1. ખાનગી ક્ષેત્ર અને ભારત સરકાર દ્વારા રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ઓછું રોકાણ
2. ઉચ્ચ શિક્ષણની દયનીય સ્થિતિ
3. વિવિધ ક્ષેત્રોમાં કુશળ કર્મચારીઓની અછત અને અયોગ્યતા

### સમસ્યાઓનું સમાધાન

- અગ્રણી સંસ્થાઓ, ખાસ કરીને યુનિવર્સિટીઓમાં સંશોધન સામગ્રીને અપગ્રેડ કરવી જોઈએ.
- રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવાની જરૂર છે.
- શુદ્ધ સંશોધનને એપ્લાઈડ રિસર્ચનો એક ભાગ બનાવવો જોઈએ જેથી તે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ થઈ શકે અને નવીનતાને પ્રોત્સાહન મળી શકે.

### આગળનો માર્ગ

- જુગાડ જેવી નવીનતાઓ ટૂંકા ગાળાના ઉકેલો પૂરા પાડે છે પરંતુ નવીનતાને આગળ વધારવા માટે શુદ્ધ સંશોધન જરૂરી છે, જ્યારે ભારતીય લોકો નવા અને મૂળ વિચારો સાથે આવે ત્યારે તે શકય છે.
- વિકાસશીલ દેશોના અનુભવ સૂચવે છે કે વિજ્ઞાન અને તકનીકી નવીનતા નીતિઓ કે જે રાષ્ટ્રીય વિકાસ વ્યૂહરચનામાં સારી રીતે સંકલિત છે તે સંસ્થાકીય અને સંગઠનાત્મક ફેરફારો સાથે મળીને ઉત્પાદકતા વધારવા, મક્કમ સ્પર્ધાત્મકતામાં સુધારો કરવા, ઝડપી વિકાસને ટેકો આપવા અને રોજગાર પેદા કરવામાં મદદ કરી શકે છે.

## વિજ્ઞાન અને તકનીકી પર મંત્રીસ્તરીય ઓનલાઇન સંમેલન

- 3 ઓક્ટોબર, 2020ના રોજ, કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા 17મી વાર્ષિક વિજ્ઞાન ટેકનોલોજી અને સોસાયટીની વિજ્ઞાન અને તકનીકી સંબંધી મંત્રીસ્તરીય ઓનલાઈન રાઉન્ડ ટેબલ પરિષદમાં વૈજ્ઞાનિક ડેટા વહેચવા પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

### પરિષદથી સંબંધિત અન્ય મુદ્દાઓ

- વિજ્ઞાન તકનીકી પર મંત્રીસ્તરીય ઓનલાઈન રાઉન્ડ ટેબલ કોન્ફરન્સની મેજબાની જાપાન દ્વારા કરવામાં આવી હતું.
- પરિષદમાં આંતરરાષ્ટ્રીય સંશોધન અને વિકાસ સહકાર, સામાજિક વિજ્ઞાન અને માનવતા અને વિજ્ઞાનની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી હતી.
- તેમાં વિશ્વના 50 જેટલા દેશોના વિજ્ઞાન અને તકનીકીના વડાઓએ ભાગ લીધો હતો.
- સંમેલનમાં COVID-19 દ્વારા ઉદ્દભવેલા પડકારોનો સામનો કરવા વિજ્ઞાન અને તકનીકમાં આંતરરાષ્ટ્રીય સહયોગથી ઉદભવેલ તકોની જાણકારી મેળવવામાં આવી હતી.
- આ મંત્રી પરિષદમાં ભારતના વિજ્ઞાન અને તકનીકી વિભાગના સચિવશ્રીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેમણે વિજ્ઞાન અને તકનીકી સહયોગ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાનમાં ભારત દ્વારા લેવામાં આવતી મુખ્ય પહેલ અંગે પ્રકાશ પાડયો હતો.
- આર્જેન્ટના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, ઇન્ડોનેશિયા, ભારત, ઇરાક, રશિયા, દક્ષિણ આફ્રિકા અને અન્ય દેશોએ આ ઉચ્ચ પ્રધાન બેઠકમાં ભાગ લીધો હતો.

## શૌર્ય મિસાઇલ

- પરમાણુ સક્ષમ શૌર્ય મિસાઈલનું પરીક્ષણ ભારતે 03 ઓક્ટોબર 2020ના રોજ ઓડીસાના બલાસોરથી સફળતાપૂર્વક કર્યુ હતું.
- શૌર્ય મિસાઈલ કે–મિસાઈલ (K-Missile Group) જૂથની છે.

### શૌર્ય મિસાઈલની મુખ્ય બાબતો

- આ મિસાઈલ અરિહંત વર્ગની પરમાણુ સબમરીનથી લોન્ચ કરવામાં આવી છે.
- શૌર્ય મિસાઈલ એ ટૂંકી રેન્જ SLBM K -15 સાગરિકા ભૂમિ સંસ્કરણ છે, જેની રેન્જ ઓછામાં ઓછી 750 કિમી છે.

### કે-મિસાઇલ જૂથ વિશે

- કે–મિસાઈલ જૂથ મુખ્યત્વે સબમરીન–લોન્ચ થયેલ બેલિસ્ટિક મિસાઈલો છે.
- તેને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવી છે.
- આ મિસાઈલ જૂથ સાથે જોડાયેલી મિસાઈલોનું નામ ડો.એ.પી.જે. અબ્દુલ કલામના નામ પર રાખવામાં આવ્યું છે.

### કે-મિસાઇલ જૂથની શરૂઆત

- નૌકા પ્લેટફોર્મ દ્વારા શરૂ કરવામાં આવેલી મિસાઈલોના વિકાસની શરૂઆત 1990ના દાયકાના અંતમાં ભારતના પરમાણુ પરીક્ષણ કાર્યક્રમને પૂરું કરવાની દિશામાં થઇ હતી.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ જમીન, સમુદ્ર અને હવા આધારિત પ્લેટફોર્મથી પરમાણુ શસ્ત્રો લોન્ચ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવાનો છે.
- આ મિસાઈલો સબમરીનથી લોન્ચ કરવામાં આવી હોવાથી, તે જમીનથી શરૂ કરવામાં આવેલી મિસાઈલો કરતા હળવી અને નાની હોય છે.
- અગ્નિ મિસાઈલો મધ્યમ અને ઇન્ટરકોંટિએન્ટલ વર્ગની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલો છે.
- જ્યારે કે–મિસાઈલ જૂથની આ મિસાઈલો મુખ્યત્વે સબમરીન–લોન્ચ થયેલ મિસાઈલો છે જે ભારતની અરિહંત–વર્ગના પરમાણુ સંચાલિત પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાશે. ઉપરાંત, તેના કેટલાક ભૂમિ અને હવા પરથી લોન્ચ કરવાના સંસ્કરણો પણ DRDO દ્વારા વિકસાવવામાં આવ્યા છે.
- ભારતે 3500 કિ.મી.ની શ્રેણી સાથે અનેક કે-4 મિસાઈલો વિકસિત અને તેનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.
- કે–મિસાઈલ જૂથની મોટાભાગની મિસાઈલોને કે-5 અને કે-6 નામ આપવામાં આવ્યું છે જેની રેંજ 5000 થી 6000 કિ.મી.ની વચ્ચે છે.
- કે -15 અને કે -4 મિસાઈલો 2010ની શરૂઆતમાં વિકસિત અને પરીક્ષણ કરવામાં આવી હતી.

## સુપરસોનિક મિસાઈલ અસિસ્ટેડ રિલીઝ ઓફ ટોરપિડો

- 5 ઓક્ટોબર, 2020ના રોજ 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન(DRDO)' દ્વારા ઓડિશાના વ્હીલર આઈલેન્ડ (એપીજે અબ્દુલ કલામ આઈલેન્ડ) પરથી 'એંટી સબમરીન વોરફેર(ASW)' 'સુપરસોનિક મિસાઈલ અસિસ્ટેડ રિલીઝ ઓફ ટોરપિડો (SMART- Supersonic Missile

Assisted of Torpedo)'નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યુ હતું.

### SMART(Supersonic Missile Assisted of Torpedo) વિશે

- SMART 'એન્ટિ–સબમરીન વોરફેર' સ્થાપિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી છે.
- મિસાઈલની ઉડાન માટે રેન્જ અને ઉંચાઈ, ટોર્પિડોનું અલગ થવું અને વેલોસિટી રિડકશન મિકેનિઝમની સહિતની તમામ પ્રક્રિયાઓનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે.
- SMART એ ટોરપિડો રેન્જથી ઘણી દૂર એન્ટિ–સબમરીન વોરફેર કામગીરી માટે લાઇટવેઇટ એન્ટી સબમરીન ટોરપિડો સિસ્ટમનું એક મિસાઇલ સહાયક પ્રકાશન છે.
- આ પરીક્ષણમાં હાઈબ્રીડ ટેકનોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વર્તમાન સિસ્ટમને અપગ્રેડ કરવામાં મદદ કરે છે અને ફાયરપાવર પણ વધારે છે.
- SMARTને યુદ્ધ જહાજ અથવા ટ્રક આધારિત કોસ્ટલ બેટરીથી લોંચ કરવામાં આવે છે જે એક નિયમિત સુપરસોનિક મિસાઇલની જેમ કાર્ય કરે છે.

### SMARTનું વ્યૂહાત્મક મહત્વ

- સ્વદેશી રીતે વિકસિત સ્માર્ટ ટોર્પિડો સિસ્ટમ દેશની દરિયાઈ વ્યૂહાત્મક ક્ષમતાઓને મજબૂત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

## ભૌતિકશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર

### ભૌતિકશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર 2020 વિશે

- 6 ઓક્ટોબર, 2020ના રોજ બ્લેક હોલ વિશે આપણી સમજણ વધારવા બદલ ત્રણ વૈજ્ઞાનિકો રોજર પેનરોઝ, રેનહાર્ડ ગેનઝેલ અને આંદ્રેઆ ગેઝને ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યાં હતાં.
- રોજર પેનરોઝના જણાવ્યા મુજબ બ્લેક હોલની રચના સાપેક્ષતાના સામાન્ય સિદ્ધાંતની મજબૂત આગાહી કરનાર છે.
- જર્મન રેનહાર્ડ ગેનઝેલ અને અમેરિકન એંડ્રીયા ગેઝને આપણી ગેલેક્સીના કેન્દ્રમાં 'સુપરમેસીવ કોમ્પેક્ટ ઓબ્જેક્ટ'ની શોધ માટે રોજર પેનરોઝ સાથે મળીને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- ગેનઝેલ અને ગેઝે આકાશગંગાના મધ્ય ક્ષેત્રમાં સૌથી તેજસ્વી તારાઓની ભ્રમણકક્ષાના ચોક્કસ માપદંડો અને તેમના અધ્યયનોએ બતાવ્યું કે સહેજ અસામાન્ય માર્ગ અને તારાઓની ગતિ ખૂબ મોટી પરંતુ અદ્રશ્ય પદાર્થની હાજરી દ્વારા જ સમજાવી શકાય છે. જેને હવે 'ધનુ A*(Sagittarius A *) સુપરમેસીવ બ્લેક હોલ તરીકે ઓળખવામાં આવે છે. જેનુ દ્રવ્યમાન સૂર્ય કરતા ચાર મિલિયન ગણુ વધારે છે અને આપણા સૌરમંડળના કદ જેટલા વિસ્તાર સુધી મર્યાદિત છે.

### ધનુ A* (SagittariusA *) વિશે

- ધનુ A * એ બે બ્લેક હોલમાંથી એક છે, જેની છબીઓને ઈવેન્ટ હોરાઈઝન ટેલિસ્કોપ પ્રોજેક્ટ દ્વારા લેવામાં આવી છે.
- બ્લેક હોલ કંઈ પણ ઉત્સર્જીત કે વિકીર્ણીત કરતા નથી. આથી તેમની છબીને કેપ્ચર કરવાની કોઈ રીત નથી.
- પરંતુ તેમની મર્યાદાની બહારનો વિસ્તાર, જેને 'ઈવેંટ હોરાઈજન' કહેવામાં આવે છે, જેમાં મોટા પ્રમાણમાં ગેસ, વાદળો અને પ્લાઝમાની હાજરી હોય છે.તે તમામ પ્રકારના રેડિયેશન, શ્યમાન પ્રકાશને પણ બહાર કાઢી શકે છે.

## વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક(VAIBHAV) સમિટ, 2020

- 5 ઓક્ટોબર, 2020ના રોજ ICAR–ભારતીય કૃષિ સંશોધન સંસ્થા વતી 'વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક(VAIBHAV) સમિટ–2020ના ભાગરૂપે 'પરિશુદ્ધ ખેતીઅંતર્ગત 'પરિશુદ્ધ ખેતી માટે સેંસર અને સેંસિંગ વિષય પર એક સત્રનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### VAIBHAV, 2020 વિશે

- આ સત્રમાં 38 પેનલ સભ્યો સહિત 1019 લોકોએ ભાગ લીધો હતો.
- વૈભવ એ ભારત સરકારની વિદેશી અને ભારતીય વૈજ્ઞાનિકો/શિક્ષણવિદોની વિચારસરણી પદ્ધતિઓ અને ચર્ચા અને રચનાત્મક સંવાદ દ્વારા સંશોધન અને વિકાસની સંસ્કૃતિને એક સાથે લાવવા, નક્કર પરિણામો માટે પરિવર્તન સંબંધિત સંશોધન/શૈક્ષણિક સંસ્કૃતિનું આયોજન કરવા અને આત્મનિર્ભર ભારતના પ્રયત્નોને વેગ આપવા વિજ્ઞાન અને ટેકનોલોજીના પાયાને મજબૂત બનાવવાની એક પહેલ છે.
- કૃષિ અને ઘણી પ્રક્રિયાઓથી સીધા સંબંધિત 'કૃષિ–અર્થતંત્ર અને ખાદ્ય સુરક્ષા' વિષય પર ચર્ચા કરવા માટે કુલ 18 પાયાકીય બાબતોની ઓળખ કરવામાં આવી છે.
- 'પરિશુદ્ધ ખેતી' હેઠળ સેન્સર, રિમોટ સેન્સિંગ, ડીપ લર્નિંગ અને કૃત્રિમ બુદ્ધિમતા અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સમાં થયેલ વિકાસને વ્યવહારમાં લાવીને દક્ષતા અને પર્યાવરણીય નિરંતરતાનો સંવર્દ્ધીત ઉપયોગ કરીને જમીન, છોડ અને પર્યાવરણના દેખરેખ દ્વારા કૃષિ ઉત્પાદકતા વધારવા પર ચર્ચા કરવાનો છે.

### Back to basics :- વૈભવ સમિટ અને પરિશુદ્ધ કૃષિ વિશે

■ **વૈભવ સમિટ**

➤ તે પ્રવાસીય ભારતીય અને દેશના વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદોની વૈશ્વિક સમિટ છે.

➤ તેનો ઉદેશ્ય ઉભરતા પડકારોને હલ કરવા વૈશ્વિક ભારતીય સંશોધનકારોની કુશળતા અને જ્ઞાનનો લાભ મેળવવા માટે એક વ્યાપક રોડમેપ બનાવવાનો છે.

➤ ભારતમાં શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો સાથે સહયોગ અને સહકારી સાધનો વિશે ઉંડાણથી વિચાર કરવો.

➤ આયોજક: આ સમિટ વિવિધ વિજ્ઞાન અને ટેકનોલોજી તથા શૈક્ષણિક સંગઠનોનો એક સંયુક્ત પ્રયત્ન છે. જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન(DRDO) સહિતના શૈક્ષણિક સંગઠનોનો સંયુક્ત પ્રયાસ છે.

■ **પરિશુદ્ધ કૃષિ**

➤ પરિશુદ્ધ કૃષિ એ કૃષિ સંચાલનનો એક અભિગમ છે જે પાક અને જમીનને શ્રેષ્ઠ આરોગ્ય અને ઉત્પાદકતા માટે જે જોઈએ તે સુનિશ્ચિત કરવા માટે માહિતી તકનીકનો ઉપયોગ કરે છે.

➤ પરિશુદ્ધ કૃષિનું લક્ષ્ય પર્યાવરણની નફાકારકતા, સ્થિરતા અને સલામતીની ખાતરી આપવાનુ છે.

## રસાયણશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર

### વર્ષ 2020 ના રસાયણશાસ્ત્રના નોબલ પુરસ્કાર વિશે

➤ 7 ઓક્ટોબર, 2020ના રોજ ફ્રાન્સની 'ઈમેન્યુએલ ચાર્પિટીયર' અને અમેરિકાની 'જેનિફર એ ડૌડના'ને વર્ષ 2020 માટે રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

➤ 'ઈમેન્યુએલ ચાર્પિટીયર' અને 'જેનિફર એ ડૌડના' દ્વારા વિકસિત 'ક્રિસ્પર–કેસ9 જીનેટીક સીજર્સ'નો ઉપયોગ પ્રાણીઓ, છોડ અને સુક્ષ્મસજીવોના 'ડિઓકિસરીબોન્યુ ક્લિક એસિડ'ને ખૂબ ઉચ્ચ ચોકસાઈથી બદલવામાં કરી શકાય છે.

➤ ચાર્પિટીયર દ્વારા'સ્ટ્રેપ્ટોકોકસ પ્યોજેન્સ નામના બેક્ટેરિયા જે મનુષ્યને સૌથી વધુ નુકસાન પહોંચાડે છે તેનો અભ્યાસ કરતી વખતે પહેલાથી અજ્ઞાત અણુ 'ટ્રાંસ–એકિટવેટિંગ ક્રિસ્પર RNA(TracrRNA)ની શોધ કરવામાં આવી હતી.

➤ ચાર્પિટીયર દ્વારા વર્ષ 2011માં આ શોધ પ્રકાશિત કરવામાં આવી હતી.

➤ વર્ષ 2011થી તેમણે જેનિફર એ. ડૌડના એક અનુભવી બાયોકેમિસ્ટ્રી નિષ્ણાત સાથે સંયુક્ત રીતે કામ કર્યુ છે.

### સ્ટ્રેપ્ટોકોકસ પ્યોજેન્સ વિશે

➤ સ્ટ્રેપ્ટોકોકસ પાયોજેન્સ અથવા ગ્રુપ એ સ્ટ્રેપ્ટોકોકસ એક આકસ્મિક 'ગ્રામ–પોજિટિવ કોકસ' છે જે સાંકળ તરીકે વિકસે છે અને મનુષ્યમાં ઘણા સંક્રમણનું કારણ બને છે, જેમાં કાકડાનો સોજો કે દાહ, સ્કાર્લેટ ફીવર, સેલ્યુલાઈટિસ, એરિસીપેલાસ, પોસ્ટ–સ્ટ્રેપ્ટોકોકલ ગ્લોમેર્યુલોનફ્રાઈટિસ, નેક્રોટાઈઝિંગ ફાસિઆઈટિસ(માયકોટીસ) અને માઈક્રોનક્રોસિસ વગેરેનો સમાવેશ થાય છે.

### ટ્રાંસ-એકિટવેટિંગ ક્રિસ્પર RNA(TracrRNA) વિશે:

➤ ટ્રાંસ–એકિટવેટિંગ ક્રિસ્પર RNA એ મોલેક્યુલર બાયોલોજીમાં એક નાનો ટ્રાંસ–એન્કોડેડ RNA છે.

➤ સૌપ્રથમ વાર તે માનવીય પેથોજેન સ્ટ્રેપ્ટોકોકસ પાયોજેન્સમાં મળી આવ્યું હતું.

## DNA બારકોડીંગ

➤ ભારતના વડાપ્રધાનની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 'પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલયહેઠળ'ની 'ઝૂલોજિકલ સર્વેક્ષણ ઓફ ઈન્ડીયા (ZSI)'અને કેનેડિયન બિન–લાભકારી સંસ્થા 'ઈન્ટરનેશનલ બારકોડ ઓફ લાઈફ' (i-BOL) વચ્ચે જુન, 2020માં હસ્તાક્ષર થયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ(MoU) વિશે માહિતી આપી હતી.

### DNA બારકોડીંગ વિશે

➤ DNA બારકોડિંગ એ ચોક્કસ જીનમાંથી DNAના નાના ભાગનો ઉપયોગ કરીને પ્રજાતિઓની ચોક્કસ ઓળખ કરવાની એક પદ્ધતિ છે.

➤ DNA બારકોડિંગને લગતા પ્રયત્નો માટે ZSI અને iBOL એકઠા થયા છે.

➤ આ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ હેઠળ 'ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાબાયોસ્કેન(BIOSCAN)' અને 'પ્લેનેટરી બાયોડિવર્સીટી મિશન(PBM)' જેવા વૈશ્વિક સ્તરના કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે.

## Back to Basic:'ઇન્ટરનેશનલ બારકોડ ઓફ લાઇફ'(i-BOL) વિશે

- i-BOL એ DNA બારકોડ પુસ્તકાલય, અનુક્રમ સુવિધાઓ, માહિતી પ્લેટફોર્મ, વિશ્લેષણાત્મક પ્રોટોકોલ અને જૈવવિવિધતાના સૂચિકરણ અને મૂલ્યાંકન માટે જરૂરી આંતરરાષ્ટ્રીય સમર્થન દ્વારા જૈવવિવિધતામાં પરિવર્તન લાવવાની ઈચ્છા ધરાવતુ વિશ્વના દેશોનુ એક અનુસંધાન ગઠબંધન છે.
- i-BOLની સ્થાપના વર્ષ 2008 માં કરવામાં આવી હતી.
- i-BOL એ 'બારકોડ 500K' ફ્લેગશિપ પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે જ્યારે બીજો પ્રોગ્રામ 'બાયોસ્કેન' (BIOSCAN) હજી પ્રગતિમાં છે.
- 'બારકોડ 500K' કાર્યક્રમની સફળતાના આધાર પર 'BIOSCAN' નામના કાર્યક્રમ હેઠળ વર્ષ 2026 સુધી 2.5 મિલિયન પ્રજાતિઓનો બારકોડ ડેટાબેસ તૈયાર કરવામાં આવશે.

## એન્ટી-રેડિયેશન મિસાઇલ: રુદ્રમ

- ભારતે એન્ટી રેડિએશન મિસાઈલ 'રુદ્રમ' નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

### રુદ્રમ વિશે

- 'રુદ્રમને ભારતના 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સં ગઠન(DRDO) દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવી છે.
- ઓડિશાના બાલાસોર ખાતે સુખોઇ–30 લડાકુ વિમાનથી રુદ્રમ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- 'ન્યુ જનરેશન એન્ટી રેડિએશન મિસાઈલ(રુદ્રમ–1) એ ભારતની પહેલી સ્વદેશી રેડિએશન મિસાઈલ છે જે ભારતીય વાયુ સેના માટે DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- રુદ્રમ મિસાઈલ એ ભારતીય વાયુસેના માટે હવાઈ સરહદોને અસરકારક રીતે સુરક્ષિત કરવા દુશ્મનની હવા સંરક્ષણ પ્રણાલીનો નાશ કરવા માટેનું એક મહત્વપૂર્ણ શસ્ત્ર છે.
- આ મિસાઈલ એ બાબતનો પુરાવો છે કે ભારતે લાંબા અં તરની એર–લોન્ચ એન્ટી રેડિએશન મિસાઈલો વિકસાવવા માટે સ્વદેશી ક્ષમતા સ્થાપિત કરી લીધી છે.

## કેલ્શિયમ નાઈટ્રેટ અને બોર્નેટેડકેલ્શિયમ નાઈટ્રેટ

- 9 ઓક્ટોબર, 2020 ના રોજ, 'ગુજરાત રાજ્ય ખાતર અને કેમિકલ્સ ઇન્ડિયા લિમિટેડ (GSFC)' એ 'બોર્નેટેડ કેલ્શિયમ નાઇટ્રેટઅને 'કેલ્શિયમ નાઇટ્રેટની સ્વદેશી વિવિધતા શરૂ કરી હતી. દેશમાં પ્રથમ વખત આ રસાયણોનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આટલા વર્ષોથી આ રસાયણો અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવતા હતાં.

### કેલ્શિયમ નાઇટ્રેટ વિશે

- કેલ્શિયમ નાઇટ્રેટનો ઉપયોગ પાણીમાં દ્રાવ્ય ખાતર તરીકે થાય છે. તેનો ઉપયોગ સિમેન્ટ કોંક્રિટની તાકાતમાં અને ગંદા પાણીના ઉપચારોમાં પણ થાય છે.
- તે બહુ–ઉદ્દેશીય ખાતર છે જેનો ઉપયોગ વનસ્પતિઓને મેક્રોન્યુટ્રિએન્ટ, નાઈટ્રોજન અને રોગોને રોકવા માટે કરવામાં આવે છે. ઉપરાંત, છોડને સ્વસ્થ બીજ પેદા કરવા માટે કેલ્શિયમ આવશ્યક છે.

### બોર્નેટેડ કેલ્શિયમ નાઇટ્રેટ વિશે

- બોરોન છોડના કાર્યોમાં નિર્ણાયક ભૂમિકા ધરાવે છે. તેમાં સેલ દિવાલની સ્થિરતા, રચનાત્મક અને કાર્યાત્મક અખંડિતતાની રચના અને જાળવણી શામેલ છે. બોરોન બીજ સેટ અને પરાગાધાનમાં મદદ કરે છે.
- બોરોનની ઉણપ એ સમગ્ર વિશ્વમાં માઈક્રો પોષક તત્ત્વોની ઉણપ છે. તેનાથી પાકના ઉત્પાદનમાં મોટું નુકસાન થાય છે. બોરોનની ઉણપ કોષના વિસ્તરણને અવરોધે છે અને ફળદ્રુપતામાં ઘટાડો કરે છે. પાંદડાઓની મહત્તમ બોરોન સામગ્રી 20 થી 100PPM ની વચ્ચે હોવી જોઈએ.

### વર્તમાન દ્રશ્ય

- હાલમાં GSFC, પ્રતિ વર્ષ 10,000 ટન કેમિકલ્સ બનાવવાની ક્ષમતા ધરાવે છે. ત્રણ મહિનામાં, ઉત્પાદન વધીને 15000 ટન પ્રતિ વર્ષ પૂર્ણ થવાની ધારણા છે.આગામી 12 મહિનામાં ઉત્પાદન વધારીને 30,000 ટન કરવાની યોજના છે.
- આટલા વર્ષોથી ભારત નોર્વે,ઇઝરાઈલ અને ચીનથી રસાયણોની આયાત કરે છે. આયાત કરવા ઉપરાંત,GSFC તેને અન્ય દેશોમાં વેચે છે. વર્ષ 2019 માં 4600 ટન જેટલા રસાયણો આયાત કરવામાં આવ્યા અને વેચાયા હતા.
- વર્ષ 2019 માં ભારતે 1.25 લાખ ટન કેલ્શિયમ નાઇટ્રેટની આયાત કરી હતી. તેમાંથી 76% ચીનથી આયાત કરવામાં આવ્યું હતું.

## આંબેડકર સામાજિક ઇનોવેશન અને ઇન્ક્યુબેશન મિશન (Ambedkar Social Innovation & Incubation Mission)

- 30 સપ્ટેમ્બર 2020ના રોજ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્કિરણ પ્રધાને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં નવીનતા અને સાહસને પ્રોત્સાહન આપવાના હેતુથી વેન્ચર કેપિટલ ફંડ અંતર્ગત આંબેડકર સામાજિક ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન મિશન (Ambedkar Social Innovation & Incubation Mission- ASIIM) શરૂ કર્યુ.

### અનુસૂચિત જાતિ માટે સાહસ મૂડી ભંડોળ(Venture Capital Fund for SCs)

- કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે અનુસુચિત જાતિ/જુદા જુદા સક્ષમ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા અને તેમને 'રોજગાર આપનાર' બનાવવા અને સક્ષમ બનાવવાના ઉદ્દેશથી વર્ષ 2014-15 માટે અનુસૂચિત જાતિ માટે વેન્ચર કેપિટલ ફંડ શરૂ કર્યુ છે.
- આ ભંડોળનો હેતુ અનુસૂચિત જાતિના ઉદ્યમીઓની સંસ્થાઓને રાહત નાણાં પૂરા પાડવાનો છે.
- આ ભંડોળ હેઠળ અનુસૂચિત જાતિના ઉદ્યમીઓ દ્વારા પ્રોત્સાહિત 117 કંપનીઓને ધંધાકીય સાહસ સ્થાપવા માટે આર્થિક સહાયની મંજૂરી આપવામાં આવી છે.

### 'આંબેડકર સોશ્યલ ઇનોવેશન એન્ડ ઇન્ક્યુબેશન મિશન' (ASIIM):

- આ પહેલ અંતર્ગત દેશના વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સ દ્વારા આગામી ચાર વર્ષમાં 1000 અનુસૂચિત જાતિ(SC)ના યુવાનોને સ્ટાર્ટ–અપ આધારિત આઈડિયા સાથે ઓળખવામાં આવશે.
- ત્યારબાદ તેમને ઈક્વિટી ફંડિંગ તરીકે 3 વર્ષમાં 30 લાખ રૂપિયાનું ભંડોળ આપવામાં આવશે જેથી તેઓ તેમના પ્રારંભિક સ્થાપનાના વિચારને વ્યવસાયિક સાહસમાં રૂપાંતરિત કરી શકે.
- સફળ સાહસ માટેના વધુ ભંડોળ માટે, તેઓ 'અનુસૂચિત જાતિ માટેના વેન્ચર કેપિટલ ફંડ'માંથી 5 કરોડ રૂપિયા સુધીના સાહસ ભંડોળ માટે લાયક બનશે.

## વિશ્વાસ યોજના: એક વ્યાજ સબવેંશન યોજના

- કેન્દ્ર સરકાર અનુસૂચિત જાતિ (SC) અને અન્ય પછાત વર્ગ (OBC) સમુદાયોના ગરીબ પરિવારો માટે વ્યાજ સબવેંશન યોજના શરૂ કરવા માટે તૈયાર છે.
- સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય ત્રણ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા સ્વ–સહાય જૂથો અથવા SC અને OBC પરિવારો માટે VISVAS (Vanchit Ikai Samooh aur Vargon ki Aarthik Sahayta) યોજના શરૂ કરશે.

### યોજનાના ઉદ્દેશો

- આ યોજનાનો ઉદ્દેશ વંચિત વર્ગના કુટુંબોને ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો કરવા માટે વધુ ધિરાણની ખાતરી કરવાનો છે.
- આ વ્યાજ સબવેંશન યોજના હેઠળ, બેંકોને વંચિત વર્ગને લોન આપવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આ યોજના દ્વારા સરકાર વંચિત લોકો પરના વ્યાજનો બોજ ઘટાડવા માંગે છે.

### યોજના સાથે સંબંધિત અન્ય મુદ્દાઓ

- કેન્દ્ર સરકારે પ્રથમ વર્ષ માટે 3,28,500 લાભાર્થીઓની ઓળખ કરી છે. તેમાં 1.98 લાખ SC અને 1.27 લાખ OBC લાભાર્થીઓનો સમાવેશ થાય છે.
- આ યોજના હેઠળ, SC અને OBC વર્ગના સ્વ–સહાય જૂથો વાર્ષિક 5%ના દરે, લાખ રૂપિયા સુધીની લોન લઈ શકશે અને SC, OBC વર્ગના વ્યક્તિ 5% વાર્ષિક વ્યાજના દરે 2 લાખ રૂપિયા સુધીની લોન લઈ શકે છે.
- અપેક્ષા રાખવામાં આવે છે કે કેન્દ્ર સરકાર આ યોજના હેઠળ 65 કરોડ રૂપિયાનું રોકાણ કરી શકે છે, જે ગરીબ SC અને OBC વર્ગને આપવામાં આવતા 5% વાર્ષિક વ્યાજ દરની લોનની જોગવાઈને 1,075 કરોડ સુધી વધારવામાં મદદ કરી શકે છે.

### યોજનાના લાભો

- આ યોજના ત્વરિત તરલતા આપવામાં મદદ કરશે કારણ કે આ યોજના દ્વારા વ્યક્તિઓ અને સ્વ: જૂથોના ઓપરેટિંગ

ખાતામાં સીધા લાભ ટ્રાન્સફર દ્વારા નાણાં જમા કરવામાં આવશે.

## ડેટા ગવર્નન્સ ક્વોલિટી ઇન્ડેક્સ

- તાજેતરમાં જાહેર કરવામાં આવેલા 'ડેટા ગવર્નન્સ ક્વોલિટી ઈન્ડેક્સ'(Data Governance Quality Index- DGQI) અહેવાલમાં કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલય હેઠળ 'ખાતર વિભાગને 16 આર્થિક મંત્રાલયો/ વિભાગમાં બીજું સ્થાન પ્રાપ્ત થયું છે.'
- ખાતર વિભાગને ડેટા ગવર્નન્સ ક્વોલિટી ઈન્ડેક્સના સર્વેક્ષણ રિપોર્ટમાં કુલ 5 માંથી 11 અંક પ્રાપ્ત થયા છે.
- આ સાથે, આ સર્વેક્ષણ અહેવાલમાં ખાતર વિભાગને 65 મંત્રાલયો/વિભાગોમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો છે.
- આ સર્વેક્ષણ નીતિ આયોગના 'Development Monitoring and Evaluation Office'( DMEO) દ્વારા હતો સંચાલિત કરવામાં આવ્યો હતો.

### ડેટા ગવર્નન્સ ક્વોલિટી ઇન્ડેક્સ (Data Governance Quality Index- DGQI) વિશે

- DGQIમાં ગુણ નક્કી કરવા માટે વિવિધ મંત્રાલયો/વિભાગોમાં ડેટા સજ્જતાના સ્તરની સ્વ–આકારણી આધારિત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.
- આ માટે, ડેટાની તત્પરતાનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ મંત્રાલયો / વિભાગો દ્વારા માનક માળખા પર એક સર્વે શરૂ કરવામાં આવ્યો હતો.
- આ સર્વે દરમિયાન સ્પષ્ટ અને અવ્યવહારુ તુલના ટાળવા માટે મંત્રાલયો/વિભાગોને છ વર્ગો (વહીવટી, વ્યૂહાત્મક, માળ ખાગત, સામાજિક, આર્થિક અને વૈજ્ઞાનિક)માં વહેંચવામાં આવ્યા હતા.
- આ સર્વેક્ષણ માટે, DGQI એ છ મુખ્ય થીમ હેઠળ ઓનલાઈન પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હતી.

1. ડેટા સંગ્રહ
2. ડેટા ગુણવત્તા
3. ટેકનોલોજીનો ઉપયોગ
4. ડેટા વિશ્લેષણ, ઉપયોગ અને પ્રસાર,
5. ડેટા સુરક્ષા
6. માનવ સંસાધન ક્ષમતા અને બાબતોનું અધ્યયન

- આ સર્વેક્ષણ દરમિયાન, 65 મંત્રાલયો / વિભાગો પાસેથી 250 કેન્દ્રિય ક્ષેત્રની યોજના(Central Sector Schemes- CS) / કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓ(Centrally Sponsored Schemes –CSS) યોજનાઓના પાલન સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રિય ક્ષેત્રની યોજનાને 100% સંપૂર્ણ નાણાકીય ભંડોળ પૂરું પાડવામાં આવે છે. જયારે કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓના અમલીકરણ માટે કેન્દ્ર અને રાજ્ય દ્વારા સંયુક્ત રીતે નાણાંની વ્યવસ્થા કરવામાં આવે છે.

### DGQIનો હેતુ અને અસર

- આ સર્વેક્ષણનો હેતુ કેન્દ્રિય ક્ષેત્રની યોજના અને કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓના અમલીકરણમાં વિવિધ મંત્રાલયો/વિભાગોની કામગીરીનું આકારણી કરવાનો હતો.
- વિવિધ મંત્રાલયો/વિભાગો વચ્ચે હકારાત્મક સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનું અને તેમને એકબીજાની શ્રેષ્ઠ પદ્ધતિઓથી શીખવા માટે પ્રોત્સાહિત કરવાનો પણ હેતુ છે.
- આ ઈન્ડેક્સ સરકારની નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણ માળખાને સુધારવામાં મદદરૂપ થશે.

### વિકાસ મોનીટરીંગ અને મૂલ્યાંકન કચેરી (Development Monitoring and Evaluation Office- DMEO) વિશે

- વિકાસ મોનીટરીંગ અને મૂલ્યાંકન કચેરીની સ્થાપના સપ્ટેમ્બર 2015માં અગાઉના 'કાર્યક્રમ મૂલ્યાંકન કચેરી' અને 'સ્વતંત્ર મૂલ્યાંકન કચેરી'ને વિલય કરીને કરવામાં આવી હતી.
- DMEO એ નીતિ આયોગની એક જોડાયેલ ઓફિસ છે, જેનો ઉદ્દેશ નીતિ આયોગના દેખરેખ અને મૂલ્યાંકન સંબંધિત કાર્યો હાથ ધરવા અને દેશમાં એક દેખરેખ અને મૂલ્યાંકન ઈકોસિસ્ટમ બનાવવાનો છે.
- DMEOનું નિશ્ચિત લક્ષ્ય એ છે કે સરકારી કાર્યક્રમોની ઉચ્ચ–સ્તરની દેખરેખ અને મૂલ્યાંકન શકય બને જેનાથી સેવા વિતરણની અસરકારકતા, કાર્યક્ષમતા, સમાનતા, ટકાઉપણું, પરિણામો અને અસરોમાં વધારો થઈ શકે.

## પર્યટન સંજીવની યોજના

- આસામમાં કોરોના વાયરસના રોગથી પ્રભાવિત પર્યટન ઉદ્યોગને પુનર્જીવિત કરવા માટે, આસામ સરકારે પર્યતન સંજીવની યોજનાની જાહેરાત કરી છે
- તેના અંતર્ગત પર્યટન ઉદ્યોગમાં રસ ધરાવતા ઉદ્યમીઓને 1 લાખથી લઈને 20 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના પર્યટન સાથે સંકળાયેલા ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવાનો છે, જેથી રાજ્યના પર્યટન ઉદ્યોગને નવી દિશા મળે.

➤ આ યોજનાના ભાગ રૂપે, લાભાર્થીઓને કુલ પાંચ વર્ષ માટે લોન આપવામાં આવશે, જ્યારે તેમને પ્રારંભિક એક વર્ષમાં કોઈ વ્યાજ ચૂકવવું પડશે નહીં. પ્રથમ વર્ષના વ્યાજની ચુકવણી સરકાર દ્વારા જ કરવામાં આવશે.

➤ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે 'ટૂરિઝમ સારથી' નામની યોજનાનું ઉદ્ઘાટન પણ કર્યું છે, જે બુકિંગ, ટૂર પેકેજ અને હોટલ વગેરે જેવી આસામ પર્યટન વિશે સંપૂર્ણ માહિતી પ્રદાન કરશે.

## નેશનલ સ્ટાર્ટઅપ પુરસ્કાર, 2020

➤ 6 ઓક્ટોબર, 2020ના રોજ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા નેશનલ સ્ટાર્ટઅપ પુરસ્કારની પ્રથમ આવૃત્તિના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

### રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ પુરસ્કાર વિશે

➤ ભારત સરકારના 'ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ(DPIIT)' દ્વારા ઉત્કૃષ્ટ સ્ટાર્ટઅપ્સ અને ઈકોસિસ્ટમ સક્ષમ બનાવનારની ઓળખ કરવા અને તેઓને પુરસ્કૃત કરવા 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ પુરસ્કાર'ની શરૂઆત કરવામાં આવી છે.

➤ આ એવોડર્સની પ્રથમ આવૃત્તિ માટે 12 ક્ષેત્રોમાંથી અરજીઓ મંગાવવામાં આવી હતી. તેઓને કુલ 35 કેટેગરીમાં પેટા–વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

➤ આ 12 ક્ષેત્રોમાં કૃષિ, શિક્ષણ, એન્ટરપ્રાઈઝ ટેકનોલોજી, ઊર્જા, નાણાં, ખોરાક, આરોગ્ય, ઉદ્યોગ–4.0, અવકાશ, સુરક્ષા, પર્યટન અને શહેરી સેવાઓનો સમાવેશ થાય છે.

➤ ગ્રામીણ વિસ્તારોમાં સકારાત્મક અસર ઉભી કરતા અને મહિલાઓની આગેવાની હેઠળ અને શૈક્ષણિક કેમ્પસમાં આવેલા હોય તેવા ક્ષેત્રોમાંથી પણ સ્ટાર્ટઅપની પસંદગી કરવા માટેની જોગવાઈ છે.

### પુરસ્કાર રકમ

➤ પુરસ્કાર પ્રાપ્ત કરનાર સ્ટાર્ટઅપને 5 લાખ રૂપિયાની રકમ સાથે સંભવિત પાઈલટ પ્રોજેક્ટ અને વર્ક ઓર્ડર માટે સંબંધિત જાહેર અધિકારીઓ અને કોર્પોરેટરની સામે પોતાના નિરાકરણો રજૂ કરવાની તક આપવામાં આવશે.

➤ મજબુત સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ, ઈન્ક્યુબેટર અને એક્સિલરેટરને 15-15 લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવશે.

### રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ પુરસ્કાર, 2020ના પરિણામો વિશે

➤ નીચે દર્શાવેલા ક્ષેત્રોને રાષ્ટ્રીય સ્ટાર્ટ–અપ પુરસ્કાર, 2020 અંતર્ગત પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

| ક્ષેત્ર | પુરસ્કાર પ્રાપ્ત કરનાર |
|---|---|
| કૃષિ ઉત્પાદકતા ક્ષેત્રે | ન્યુ ડિઝાઈન અને ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડ |
| લણણી પછીના ક્ષેત્રે | ઈન્ટેલો લેબ પ્રાઈવેટ લિમિટેડ |
| સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે | એલોય ઈ–સેલ પ્રાઈવેટ લિમિટેડ |
| સેટેલાઈટ ટેક્નોલોજી ક્ષેત્રે | બેલાટ્રિક્સ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ |

## પ્રાણી સંગ્રહાલયોને સુધારવા અને વિસ્તૃત કરવાની યોજના

➤ તાજેતરમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે વન્યપ્રાણી સપ્તાહ, 2020 નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું હતું કે સરકાર પબ્લિક–પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા દેશભરના 160 પ્રાણી સંગ્રહાલયોને સુધારવાનું અને વધુ સારા બનાવવાનુ કાર્ય કરશે.

### પ્રાણી સંગ્રહાલયોને સુધારવા વિશે

➤ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશના તમામ પ્રાણી સંગ્રહાલયોમાં સુધારો કરવા અને તેમના વિકાસની ખાતરી કરવા માટે નવી નીતિ ઘડવામાં આવી રહી છે અને આગામી બજેટ દરમિયાન તેના માટે નાણાં ફાળવવામાં આવશે.

➤ રાજ્ય સરકારો, નિગમો, વ્યવસાયો અને સામાન્ય લોકો આ યોજનાના મુખ્ય તત્ત્વો તરીકે શામેલ થશે. આ યોજના મુલાકાતીઓને ખાસ કરીને વિદ્યાર્થીઓ, બાળકો અને આવનારી પેઢીને વન્યપ્રાણીસૃષ્ટિ, પ્રકૃતિ અને માણસો વચ્ચે સુમેળ સ્થાપિત કરવામાં મદદ કરશે.

➤ આ સિવાય કેન્દ્રીય મંત્રીએ પ્રાણીસૃષ્ટિના સંચાલન અને કલ્યાણ માટે કામ કરવા માટે પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરીને 'પ્રાણી મિત્ર એવોર્ડ' પણ આપ્યા હતા.

➤ આ એવોર્ડ ચાર કેટેગરીમાં આપવામાં આવે છે જેમાં ઉત્કૃષ્ટ ડિરેક્ટર/ક્યુરેટર, ઉત્કૃષ્ટ પશુચિકિત્સક, ઉત્કૃષ્ટ જીવવિજ્ઞાની/શિક્ષણવિદ અને ઉત્કૃષ્ટ એનિમલ ગાર્ડનો સમાવેશ થાય છે.

➤ 'સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી' દ્વારા પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓ અને કર્મચારીઓને પ્રાણી સંચાલન તરફ કામ કરવા પ્રોત્સાહિત કરવા માટે 'પ્રાણીસંગ્રહ મિત્ર એવોર્ડ'ની સ્થાપના કરવામાં આવી છે.

### વન્યજીવન સપ્તાહ વિશે

- ભારતમાં દર વર્ષે ઓકટોબરના પહેલા અઠવાડિયામાં વન્યજીવન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ પ્રાણીઓ અને પક્ષીઓના સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.
- વન્યપ્રાણી સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વર્ષ 1952 માં પ્રથમ વખત વન્યપ્રાણી સપ્તાહની શરૂઆત કરવામાં આવી હતી.

### ભારતમાં પ્રાણી સંગ્રહાલય વિશેઃ

- સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા સબમિટ કરેલા ડેટા મુજબ, દેશભરમાં કુલ 145 માન્ય પ્રાણી સંગ્રહાલય છે.
- પશ્ચિમ બંગાળના કોલકાતા શહેરમાં વર્ષ 1854 માં સ્થાપિત થયેલ 'સંગેમરમર પેલેસ ઝૂ' હાલમાં દેશનું સૌથી પ્રાચીન પ્રાણી સંગ્રહાલય છે.
- ભારતમાં પ્રાણી સંગ્રહાલયનું સંચાલન 'વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, 1972ની જોગવાઈ અનુસાર કરવામાં આવે છે અને 'રાષ્ટ્રીય ઝૂ નીતિ, 1998હેઠળ નિર્દેશિત છે.
- 'સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની સ્થાપના વર્ષ 1992માં ભારત સરકાર દ્વારા દેશમાં પ્રાણી સંગ્રહાલયની કામગીરીની દેખરેખ રાખવા અને માન્યતા પ્રાપ્ત વગરના પ્રાણી સંગ્રહાલયની સ્થાપનાને રોકવા માટે કરવામાં આવી હતી.

### સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA) વિશે

- સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી એક વૈધાનિક સંસ્થા છે, જેનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં પ્રાણીઓની જાળવણી અને આરોગ્ય સંભાળ માટેના ઓછામાં ઓછા ધોરણો અને માપદંડોનો અમલ કરવાનો છે.
- સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીનું નેતૃત્વ કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રી દ્વારા કરવામાં આવે છે અને તેમાં કુલ 10 સભ્યો અને એક સભ્ય સચિવ હોય છે.
- આ ઓથોરિટીનો મુખ્ય ઉદ્દેશ સમૃદ્ધ જૈવવિવિધતાના સંરક્ષણમાં રાષ્ટ્રીય પ્રયત્નોને વધુ મજબૂત બનાવવાનો છે.

## સસ્ટેનેબલ રાઇસ પ્લેટફોર્મ(SRP) અને ઈકોલેબલ

- તાજેતરમાં'સસ્ટેનેબલ રાઈસ પ્લેટફોર્મ(SRP)' દ્વારા વૈશ્વિક સ્તરે ગ્રાહકો અને ડાંગર હિસ્સેદારો માટે નવી 'એશ્યોરન્સ સ્કીમ' અને 'ઈકોલેબલ' શરૂ કરવામાં આવી છે. જેનાથી ગ્રાહકો અને દુકાનદારોને ટકાઉ ઉત્પાદિત ડાંગરની ઓળખ કરવામાં મદદ મળશે.

### "SRP-VERIFIED" લેબલ વિશે

- સસ્ટેનેબલ રાઈસ પ્લેટફોર્મ(SRP) દ્વારા "SRP-VERIFIED" લેબલ વિકસિત કરવામાં આવ્યુ છે. જેનો ઉદ્દેશ વિશ્વના સૌથી વધુ ઉગાડવામાં આવતા પાકમાં પર્યાવરણીય પ્રભાવને ઘટાડવાનો છે.
- નવા લેબલ સાથે, ગ્રાહકો ચોખાના ઉત્પાદનના મૂળ દેશને શોધી શકશે. આ યોજનાથી સમગ્ર ચોખા ઉદ્યોગને પણ ફાયદો થશે.
- SRP-VERIFIED ચોખાનો સંગ્રહ કરીને, રિટેલરોની ટકાઉપણાની પ્રતિબદ્ધતાઓ અને આબોહવા પરિવર્તનનાં લક્ષ્યોમાં નોંધપાત્ર ફાળો આપી શકે છે.

### સસ્ટેનેબલ રાઈસ પ્લેટફોર્મ(SRP) વિશે

- સસ્ટેનેબલ રાઈસ પ્લેટફોર્મની સ્થાપના ડિસેમ્બર, 2011માં કરવામાં આવી હતી.
- તે 'યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ' અને 'ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ'ની આગેવાની હેઠળનું વૈશ્વિક મલ્ટી–હિસ્સેદારી ધારક ગઠબંધન છે. જેમાં 100થી વધુ જાહેર, ખાનગી, સંશોધન, નાણાકીય સંસ્થાઓ અને નાગરિક સમાજ સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- વૈશ્વિક ચોખા ક્ષેત્રમાં વેપાર કાર્યક્ષમતા, ઉત્પાદન અને વપરાશ કામગીરી અને સંસાધન કાર્યક્ષમતા અને સપ્લાય ચેઈનમાં સાતત્યને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય છે.

### ન્યુ એંશ્યોરન્સ યોજના વિશે

- ન્યુ એંશ્યોરન્સ યોજના'SRP સ્ટાન્ડર્ડ ફોર સસ્ટેનેબલ રાઈસ કલ્ટીવેશન' પર આધારિત છે. જે ચોખા/ડાંગર માટે વિશ્વના સ્વૈચ્છિક ટકાઉપણાનુ ધોરણ છે.
- ડાંગરની ખેતીમાં શ્રેષ્ઠ પ્રયાસોનો ઉપયોગ કરીને પાણીના વપરાશમાં 20% ઘટાડો થઈ શકે છે અને પૂરના ડાંગરના ખેતરોમાંથી મીથેન ઉત્સર્જન 50% સુધી ઘટાડી શકાય છે.
- આ યોજનાનું સંચાલન જર્મની સ્થિત ગ્લોબલ G.A.P. દ્વારા કરવામાં આવે છે. જે SRP ધોરણ અનુસાર ઉત્પાદકોને નિરીક્ષણ કરવા માટે જવાબદાર લાયક ચકાસણી સંસ્થાઓની મંજૂરીની દેખરેખ રાખે છે.

## ગરીબી પર વિશ્વ બેંકનો રીપોર્ટ

- વર્લ્ડ બેંકે તાજેતરના એક અહેવાલમાં ચેતવણી આપી છે કે વર્ષ 2021 સુધીમાં મહામારીની અસરને કારણે લગભગ 150 મિલિયન લોકો 'આત્યંતિક ગરીબી' ની શ્રેણીમાં આવી શકે છે.

## ગરીબી પર વિશ્વ બેંકના રીપોર્ટ વિશે

- વર્લ્ડ બેંક દ્વારા પ્રકાશિત 'પોવર્ટી એન્ડ શેયર પ્રોસ્પરીટી' અહેવાલ અનુસાર, છેલ્લા 20 વર્ષોમાં આ પહેલીવાર બનશે જ્યારે વૈશ્વિક ગરીબીના દરમાં વધારો થશે.
- રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હાલના રોગચાળાને કારણે શહેરી ગરીબો પર સૌથી વધુ અસર થશે, રોગચાળાની સૌથી વધુ અસર અનૌપચારિક અને ઉત્પાદન ક્ષેત્રે થશે.
- વર્ષ 2020માં, કોરોના વાયરસ રોગચાળાની અસરને કારણે 88 મિલિયનથી 115 મિલિયન લોકો ગરીબીના દુષ્ટ ચક્રમાં ફસાઈ શકે છે. વર્ષ 2021 સુધીમાં, આવા લોકોની સંખ્યા વધીને 150 કરોડ થઈ જશે.
- રોગચાળો અને વૈશ્વિક મંદીના પરિણામે, વિશ્વની લગભગ 1.4% વસ્તી 'અત્યંત ગરીબ' શ્રેણીમાં આવી શકે છે.
- વર્લ્ડ બેંક અનુસાર પ્રતિદિન 1.90 અમેરીકી ડોલરથી નીચેની આવક સ્તર પર જીવનનિર્વાહની સ્થિતિને 'આત્યંતિક ગરીબી' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

## વિકાસશીલ દેશો પર મહામારીની અસર વિશે

- મોટા ભાગના લોકો કે જેઓ 'આત્યંતિક ગરીબી'ની શ્રેણીમાં આવે છે તે સબ–સહારન આફ્રિકા અને દક્ષિણ એશિયા જેવા વિસ્તારોના હશે, જ્યાં ગરીબીનું સ્તર પહેલાથી જ ખૂબ જ ચિંતાજનક છે.
- રિપોર્ટ અનુસાર, રોગચાળાને લીધે ગરીબીના દુષ્ટ ચક્રમાં ફસાયેલા 82% લોકો મધ્યમ આવકવાળા દેશોના હશે.
- અનુમાન મુજબ, રોગચાળાએ દક્ષિણ એશિયાના ગરીબ લોકો પર સૌથી વધુ અસર કરી છે અને એક એવો અંદાજ છે કે 49 મિલિયન લોકો 'આત્યંતિક ગરીબી' ની શ્રેણીમાં આવે છે.
- આ ઉપરાંત, રોગચાળાની અસર સબ–સહારન આફ્રિકા ક્ષેત્ર પર પણ જોવા મળશે, જ્યાં એક અંદાજ મુજબ આશરે 26-40 મિલિયન લોકો 'આત્યંતિક ગરીબી' ની શ્રેણીમાં આવશે.
- વિશ્વ બેંકના આંકડા દર્શાવે છે કે વિશ્વના 20 ગરીબ દેશોમાં થી, લગભગ 18 સબ–સહારન આફ્રિકા ક્ષેત્રના છે.

## ગરીબીમાં વધારાની અસર

- જો ત્વરીત કોઈ નીતિગત કાર્યવાહી કરવામાં નહીં આવે, તો વૈશ્વિક તકરાર/ વિવાદો અને હવામાન પરિવર્તન સહિત કોરોના વાયરસ રોગચાળાના દબાણથી, વર્ષ 2030 સુધીમાં વૈશ્વિક સ્તરે ગરીબીનો અંત લાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું ખૂબ મુશ્કેલ બનશે.
- અહેવાલમાં જણાવાયું છે કે રોગચાળાની અસરને લીધે, વધુ ને વધુ લોકો ગરીબીના દુષ્ટ ચક્રમાં ફસાઈ જશે અને ગરીબીને નાબૂદ કરવા માટે વૈશ્વિક સમુદાયના અત્યાર સુધીના તમામ પ્રયત્નો નબળા પડી જશે.
- રોગચાળાને પરિણામે 'આત્યંતિક ગરીબી'ના દુષ્ટ ચક્રથી દક્ષિણ એશિયા અને સબ–સહારન આફ્રિકા પર સૌથી વધુ અસર જોવા મળી છે, તેથી હવે વિકાસની બાબતમાં આ પ્રદેશો અન્ય દેશો કરતાં વધુ પાછળ રહેશે.

## ભારતમાં ગરીબી વિશે

- વૈશ્વિક બહુપરીમાણી ગરીબી સુચકાંક(MPI),2019 મુજબ ભારતે વર્ષ 2006-2016 દરમિયાન 271 મિલિયન લોકોને ગરીબીમાંથી બહાર લાવ્યા છે.
- વૈશ્વિક બહુઆયામી ગરીબી સુચકાંક, વર્ષ 2005-2006માં, સમગ્ર ભારતમાં 640 મિલિયનથી વધુ લોકો બહુપરીમાણીય ગરીબીની સ્થિતિમાં જીવી રહ્યા હતા, જ્યારે વર્ષ 2016-2017માં આવા લોકોની સંખ્યા ઘટીને 369.55 મિલિયન થઈ ગઈ છે.
- અનુમાન મુજબ, વર્ષ 2016-17માં ભારતની 27.9% વસ્તી ગરીબ હતી. અન્ય દેશોની જેમ, ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબની સંખ્યા શહેરી વિસ્તારો કરતા વધારે છે.

## ગરીબી નાબૂદ કરવા સરકારના તાજેતરના પ્રયત્નો વિશે

- ભારત ઝડપી આર્થિક વિકાસ અને વ્યાપક સામાજિક સુરક્ષા પગલાં દ્વારા તમામ પ્રકારની ગરીબીને નાબૂદ કરવા માટે એક વ્યાપક વિકાસ વ્યૂહરચના અમલમાં મૂકી છે.
- 'પ્રધાનમંત્રી જન ધન યોજના દ્વારા સરકાર સમાજના વંચિત અને નબળા વર્ગ માટે વિવિધ નાણાકીય સેવાઓ જેવી કે મૂળભૂત બચત બેંક ખાતાની ઉપલબ્ધતા, જરૂર આધારિત લોન અને વીમા વગેરેની ખાતરી કરી રહી છે.
- ભારતની ગ્રામીણ વસ્તીને 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ' હેઠળ એક વર્ષમાં 100 દિવસની બાંયધરીકૃત રોજગાર આપવામાં આવે છે.

➤ ભારતના ગરીબ પરિવારો માટે ખાદ્ય સુરક્ષાની ખાતરી માટે સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' પણ લાગું કરવામાં આવી રહી છે.

➤ આ ઉપરાંત 'પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ/શહેરી અને 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી યોજનાઓ દ્વારા સરકાર સામાન્ય લોકો સુધી મૂળભૂત સેવાઓનો વપરાશ સુનિશ્ચિત કરી રહી છે.

## વૈજ્ઞાનિક જ્યોતિ અને 'એંગેજ વીથ સાયન્સ'

➤ 8 ઓક્ટોબર, 2020ના રોજ ભારત સરકારના 'વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ(Department of Science and Technology)' અને IBM ઈન્ડિયા એ DSTની બે પહેલ 'વિજ્ઞાન જ્યોતિ અને 'એંગેજ વીથ સાયન્સ(Engage with Science)ને આગળ વધારવા માટે એકબીજાને સહકાર આપવાની ઘોષણા કરી હતી.

➤ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનયરિંગ અને ગણિત(STEM- Science Technology, Engineering and Mathematics) માં રૂચિ વધારવા,હાલની તકોનો વિસ્તાર કરવામાં આવશે અને IBMની સાથે ભાગીદારીથી દેશના યુવાનોમાં ભણતર અને વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવા માટે લર્નિંગ પ્લેટફોર્મ બનાવવામાં આવશે.

### Back to basics : વિજ્ઞાન જ્યોતિ અને એંગેજ વીથ સાયન્સ વિશે

■ **વિજ્ઞાન જ્યોતિ વિશે**

➤ 'વિજ્ઞાન જ્યોતિ વિદ્યાર્થીઓ'ને STEM શીખવા પ્રોત્સાહિત કરવા અને તેમને STEM કારકિર્દી તરફ પ્રોત્સાહિત કરવા અને ઉચ્ચ શિક્ષણ ધોરણ 9 થી 12 સુધીના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે સમાન તકો ઉભી કરવાનો એક કાર્યક્રમ છે.

➤ DST દ્વારા વિદ્યાર્થીઓને STEM ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે વર્ષ 2019માં 'વિજ્ઞાન જ્યોતિ કાર્યક્રમ' શરૂ કરવામાં આવ્યો હતો.

➤ આ કાર્યક્રમ દ્વારા નજીકની વૈજ્ઞાનિક સંસ્થાઓ, વિજ્ઞાન શિબિરો, પ્રખ્યાત મહિલા વૈજ્ઞાનિકોના પ્રવચનો અને કારકિર્દી પરામર્શ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

➤ જવાહર નવોદય વિદ્યાલય દ્વારા દેશના 58 જિલ્લાઓમાં લગભગ 2900 વિદ્યાર્થીઓની ભાગીદારીથી આ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો છે.

■ **એંગેજ વીથ સાયન્સ વિશે**

➤ 'એંગેજ વીથ સાયન્સઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથે જોડવા માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વૈજ્ઞાનિકો સાથે એક સમુદાયની રચના કરવાની પહેલ છે.

## સ્વામિત્વ યોજના અને સંપત્તિ કાર્ડ

➤ ગ્રામીણ ભારતમાં પરિવર્તન લાવવા અને લાખો ભારતીયોને સશક્ત બનાવવા તરફ ઐતિહાસિક પગલું ભરતા'સ્વામીત્વ(SVAMITVA) યોજના હેઠળ 'સંપત્તિ કાર્ડનું વિતરણ 11 ઓક્ટોબર, 2020 ના રોજથી શરૂ કરવામાં આવશે.

### સંપત્તિ કાર્ડ વિશે

➤ સંપત્તિ કાર્ડના ભૌતિક વિતરણની રજૂઆત સાથે, લગભગ એક લાખ મિલકતધારકો તેમના મોબાઈલ ફોનમાં મોકલેલા એસએમએસ લિંક દ્વારા 'સંપત્તિ કાર્ડ' ડાઉનલોડ કરી શકશે. આ પછી સંબંધિત રાજ્ય સરકારો દ્વારા સંપત્તિ કાર્ડનું ભૌતિક વિતરણ કરવામાં આવશે.

➤ આ લાભાર્થીઓ છ રાજ્યોના 763 ગામોમાંથી છે. જેમાં, ઉત્તરપ્રદેશમાં 346, હરિયાણામાં 221, મહારાષ્ટ્રમાં 100, મધ્યપ્રદેશમાં 44, ઉત્તરાખંડમાં 50 અને કર્ણાટકના 2 ગામોનો સમાવેશ થાય છે.

➤ મહારાષ્ટ્ર સિવાયના તમામ રાજ્યોના લાભાર્થીઓને એક દિવસમાં 'સંપત્તિ કાર્ડ'ની ભૌતિક નકલો મળી જશે.

➤ મહારાષ્ટ્રમાં 'સંપત્તિ કાર્ડ'ની નજીવી કિંમત લેવાની સિસ્ટમ હોવાથી, અહીં કાર્ડ વિતરણ કરવામાં લગભગ એક મહિનાનો સમય લાગશે.

➤ જુદા જુદા રાજ્યોમાં 'સંપત્તિ કાર્ડ' માટે અલગ અલગ નામ આપવામાં આવ્યાં છે. ઉદાહરણ તરીકે, હરિયાણામાં 'ટાઈટલ ડીડ', કર્ણાટકમાં 'ગ્રામીણ સંપત્તિના માલિકીના રેકોર્ડ', મધ્યપ્રદેશમાં 'અધિકાર અભિલેખ', મહારાષ્ટ્રમાં 'સનદ', ઉત્તરાખંડમાં 'સ્વમિત્વ અભિલેખઅને ઉત્તરપ્રદેશમાં 'ઘરૌની'.

- ➢ સંપત્તિ કાર્ડનો લાભ: આ પગલાથી ગામ લોકોને લોન અને અન્ય નાણાકીય લાભ મેળવવા માટે મિલકતને નાણાકીય સંપત્તિ તરીકે ઉપયોગમાં લેવાનો માર્ગ મોકળો કરશે.

## Back to basics : સ્વામીત્વ યોજના(SVAMITVA) વિશે

- ➢ SVAMITVAનું પૂરૂ નામ 'Survey of Villages And Mapping with Improvised Technology In Village Areas' છે.
- ➢ સ્વામીત્વ યોજના 'પંચાયતી રાજ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ કેન્દ્રિય ક્ષેત્રની યોજના છે. 24 મી એપ્રિલ, 2020ના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે તેની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં મકાન માલિકને 'રેકોર્ડ ઓફ રાઈટ' પ્રદાન કરવા અને સંપત્તિ કાર્ડ આપવાનું છે.
- ➢ આ યોજના ચાર વર્ષ (2020-2024)ના સમયગાળા દરમિયાન દેશભરમાં લાગુ કરવામાં આવી છે અને આખરે દેશના લગભગ 6.62 લાખ ગામોને આવરી લેવામાં આવશે.
- ➢ યોજનાના પાયલોટ તબક્કામાં (2020-21) 6 મોટા રાજ્યો (ઉત્તરપ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ અને કર્ણાટક) અને પંજાબ અને રાજસ્થાનના કેટલાક સરહદી ગામોના લગભગ 1 લાખ ગામોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત પંજાબ અને રાજસ્થાનમાં 'સતત ઓપરેટિંગ સિસ્ટમસ્ટેશનોનું નેટવર્ક સ્થાપિત કરવામાં આવશે.
- ➢ આ તમામ છ રાજ્યોએ ડ્રોન સર્વેના અમલીકરણ અને ગ્રામીણ વિસ્તારોના આયોજન માટે 'સર્વે ઓફ ઈન્ડિયા' સાથેના સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. આ રાજ્યોએ ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ/પ્રોપર્ટી કાર્ડ ફોર્મેટ અને ગામડાઓના ડ્રોન આધારિત સર્વેને અંતિમ રૂપ આપ્યું છે.




# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## આર્કિર્ટક ક્ષેત્રમાં આગની ઘટનાઓનું બદલાતું સ્વરૂપ

- તાજેતરના અધ્યયન મુજબ આર્કિર્ટક ક્ષેત્રમાં આગની ઘટનાઓની રીત અને પેટર્ન ઝડપથી બદલાઇ રહી છે અને સ્થિર ટુંડ્રામાં આગની ઘટના તેમજ 'ઝોમ્બી ફાયર'ની ઘટનામાં વધારો જોવા મળી રહ્યો છે.

### બદલાયેલ સ્વરૂપની વિશેષતાઓ

- ઝોમ્બી આગના બનાવોમાં વધારો. ઘણીવાર 'ઝોમ્બી ફાયર' બરફની નીચે શરૂ થાય છે. હકીકતમાં, 'ઝોમ્બી ફાયર' આગની અગાઉની કોઈપણ ઘટનાનો ભાગ છે જે બરફ હેઠળ કાર્બન ધરાવતા પીટની બનેલી જમીન પર સક્રિય રહે છે.
- જ્યારે તે વિસ્તારમાં હવામાન ગરમ હોય છે, ત્યારે આગ ફરી એક વિકરાળ સ્વરૂપ લે છે.
- પીટ એ જમીનની સપાટી પરનો એક પ્રકારનો કાર્બનિક સ્તર છે જે મોટાભાગે ઝાડના છોડ વગેરેમાંથી અંશતઃ વિઘટિત કાર્બનિક પદાર્થોનો સમાવેશ કરે છે.
- નિષ્ણાતોના મતે, ચિંતાની બાબત એ પણ છે કે અગ્નિની ઘટનાઓ હવે આર્કિર્ટકના વિસ્તારોમાં ફેલાઈ રહી છે, જ્યાં અગાઉ આગની શકયતા પ્રમાણમાં ઓછી હતી (દા.ત ટુંડ્રા ઈકોસિસ્ટમ્સ)
- ટુંડ્રા ઈકોસિસ્ટમ એ આર્કટિક અને પર્વતોની ટોચ પર જોવા મળતો એક વિસ્તાર છે, જ્યાં ઝાડ જોવા મળતા નથી.
- આંકડા અનુસાર, 2019 અને 2020માં, આર્કટિક ક્ષેત્રના અગ્નિના પ્રવાહમાં પણ વધારો થયો હતો, જ્યારે આ વિસ્તાર સામાન્ય રીતે વન અગ્નિને અનુકૂળ માનવામાં આવતો નથી.

### આર્કટિક ક્ષેત્રમાં આગના કારણો

- આર્કટિકમાં આગની ઘટનાની રીત અને સ્વરૂપમાં ઝડપી ફેરફાર એ જ કારણ છે કે વર્ષ 2019-20 દરમિયાન શિયાળામાં અને વસંત ઋતુ દરમિયાન આ પ્રદેશમાં તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ હતું.
- મહત્વપૂર્ણ છે કે વર્ષ 2020માં સાઇબિરીયામાં તાપમાનમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો, તેમજ આ વિસ્તારમાં તીવ્ર ગરમીનું મોજું નોંધાયું છે.

### આર્કટિક ક્ષેત્રમાં આગની અસરો

- સતત વધતી આગની ઘટનાઓ અને વધતા તાપમાનને કારણે આર્કિર્ટક ક્ષેત્ર કાર્બનના મુખ્ય સ્ત્રોતમાં ફેરવાઈ શકે છે, જેના કારણે વૈશ્વિક તાપમાનમાં વધારો થઈ શકે છે.
- એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આર્કિટક ક્ષેત્રમાં હાલની જળ સંસ્થાઓ કુદરતી રીતે કાર્બન સિંકનું કાર્ય કરે છે અને તેઓ દર વર્ષે સરેરાશ 5ટ મેગા ટન કાર્બન ડાયોકસાઈડ (CO2) ગ્રહણ કરે છે.
- તાપમાનમાં વધારા સાથે પાણીમાં કાર્બનનું શોષણ પણ ઘટશે.
- જેમ પીટલેન્ડમાં આગ કાર્બન ઉત્સર્જન કરશે અને ગ્લોબલ વોર્મિંગમાં વધારો થશે, તેમ તેમ વધુને વધુ પીટ બનશે અને આ રીતે વન અગ્નિની ઘટનામાં વધારો થશે.
- પીટલેન્ડ એ એક વેટલેન્ડ છે જ્યાં સંપૂર્ણ અને આંશિક વિઘટિત કાર્બનિક પદાર્થો છે.
- ઉપરાંત, આર્કટિકમાં લાગેલી આગ લાંબા સમય સુધી વૈશ્વિક વાતાવરણને અસર કરશે, આ ક્ષેત્રમાં લાંબા સમય સુધી વાતાવરણમાં રહેતાં અગ્નિને કારણે કાર્બન ઉત્સર્જન કરે છે.

### Back to basics : આર્કટિક પ્રદેશ

- આર્કટિક પ્રદેશ ઉત્તર ધ્રુવની આસપાસ ફેલાયેલ એક ભૌગોલિક ક્ષેત્ર છે. જ્યાં માસિક સરેરાશ તાપમાન સમગ્ર વર્ષ દરમિયાન 10° સે.થી નીચે રહે છે.
- આર્કિર્ટકમાં બરફ હેઠળ કાર્બન અને ગ્રીનહાઉસ વાયુઓનો વિશાળ સંગ્રહ છે અને આ ક્ષેત્ર કાર્બન સિંક તરીકે પણ કામ કરે છે.

## અટલ ટનલ

- 3 ઓકટોબર 2020ના રોજ, ભારતીય વડા પ્રધાન દ્વારા હિમાચલ પ્રદેશમાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ અટલ ટનલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું

### અટલ ટનલની મુખ્ય બાબતો

- આ ટનલ હિમાચલ પ્રદેશના લાહુલ અને સ્પીતી જિલ્લામાં મનાલી નજીક સોલંગ ખીણને સિસુ સાથે જોડે છે.
- તે વિશ્વની સૌથી લાંબી હાઇવે ટનલ છે, જે સમુદ્ર સપાટીથી 3000 મીટરની ઉંચાઇએ બનાવવામાં આવી છે.
- આ 9.02 કિમી લાંબી ટનલ રોહતાંગ લાની પશ્ચિમમાં પર્વત કાપીને બનાવવામાં આવી છે જેથી સોલાંગ ખીણ અને સીસુ વચ્ચેના અંતરમાં લગભગ, 6 કિ.મી. ઘટાડો થયો છે. હવે આ

અંતર કાપવામાં ફક્ત 15 મિનિટનો સમય લાગશે તે પહેલા આ સમય, કલાકનો લાગતો હતો.

➤ આ ટનલનું નામ પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના નામ પર રાખવામાં આવ્યું છે.

➤ 3200 કરોડ રૂપિયાના આ ટનલ પ્રોજેકટને બનાવવામાં લગભગ એક દાયકાનો સમય લાગ્યો હતો.

➤ ડબલ લેન અટલ ટનલ જે દેશની સૌથી લાંબી માર્ગ ટનલ છે ત્યાંથી મહત્તમ 80 કિમી/કલાકની ગતિએ લગભગ 3000 કાર અને 1500 ટ્રક પસાર થઈ શકે છે.

## અટલ ટનલનું મહત્ત્વ

■ **સમગ્ર વર્ષ કનેકિટવિટી:**

➤ અટલ ટનલ લદાખ સાથે આખું વર્ષ કનેકિટવિટી તરફનું પ્રથમ પગલું છે. આ ટનલમાં આખા વર્ષ દરમિયાન લદ્દાખને મનાલી અને ચંદીગઢ સાથે જોડવાની સંભાવના છે, કેમ કે તે શિયાળાના મહિનાઓ દરમિયાન બરફવર્ષા કરેલા રોહતાંગ પાસને બાયપાસ કરશે.

■ **વ્યૂહાત્મક:**

➤ આ ટનલ સરહદી વિસ્તારોમાં વર્ષો સુધી જોડાણ પ્રદાન કરીને દેશના સશસ્ત્ર દળોને વ્યૂહાત્મક લાભ પૂરો પાડે છે. તે સૈનિકો અને પુરવઠા માટે આખો દિવસ બચાવશે કારણ કે તેઓ આગળની પોસ્ટસ તરફ આગળ વધી શકશે.

■ **મૂળભૂત સુવિધાઓનો લાભ:**

➤ લદ્દાખના રહેવાસીઓ કે જેમણે આરોગ્ય સંભાળ અને ખાદ્ય પુરવઠા જેવી પાયાની સુવિધાઓ મેળવવા માટે પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો હવે તેઓ આ નવી ટનલનો ઉપયોગ કરીને મનાલી પહોંચી શકશે અને બાકીના દેશ સાથે જોડાશે. પેટ્રોલ અને શાકભાજીનો પુરવઠો જેવી આવશ્યક ચીજવસ્તુઓ પણ આખા વર્ષ દરમિયાન ઉપલબ્ધ રહેવાની સંભાવના છે.

■ **ખેડુતો માટે વરદાન:**

➤ મુસાફરીના સમયના ઘટાડાથી ઘણાને મદદ મળશે, ખાસ કરીને એવા ખેડૂતો કે જેમના વટાણા અને બટાટા જેવા કિંમતી પાક બજારમાં પહોંચતા પહેલા ટ્રકમાં બગડી જશે નહીં.

■ **પર્યટનમાં વધારો:**

➤ લાહૌલ ખીણ અને લદ્દાખના રહેવાસીઓની પર્યટન ક્ષેત્રની આજીવિકાને વેગ મળશે.

## Back to basics : રોહતાંગ પાસ, સોલંગ ખીણ અને સીસુ વિશે

■ **રોહતાંગ પાસ:**

➤ રોહતાંગ પાસ (એલિવેશન 3,978 મી) હિમાચલ પ્રદેશમાં સ્થિત છે.

➤ તે હિમાલયની પીર પંજલ રેન્જ પર હાજર છે.

■ **સોલંગ ખીણ:**

➤ સોલંગ ખીણ નામ સોલાંગ(નજીકનું ગામ) અને નાલા(પાણીનો પ્રવાહ) શબ્દોના સંયોજનથી લેવામાં આવ્યું છે.

➤ તે હિમાચલ પ્રદેશમાં કુલ્લુ ખીણની ટોચ પર સ્થિત એક બાજુની ખીણ છે.

■ **સીસુ:**

➤ સીસુ, જેને ખગલિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારતના હિમાચલ પ્રદેશના લાહુલ ખીણમાં એક નાનકડું શહેર છે. તે મનાલીથી લગભગ 90 કિમી દૂર છે અને ચંદ્ર નદીના દક્ષિણ કાંઠે સ્થિત છે.

# કોરલ રીફ માટે વૈશ્વિક ફંડ

➤ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રની 75મી વર્ષગાંઠ પ્રસંગે કોરલ રીફસ માટે 'યુનાઈટેડ નેશન્સ મલ્ટિ–પાર્ટનર ટ્રસ્ટ ફંડ'ને સત્તાવાર રીતે લોંચ કરવામાં આવ્યુ હતું.

## યુનાઇટેડ નેશન્સ મલ્ટી-પાર્ટનર ટ્રસ્ટ ફંડ વિશે

➤ આ ફંડમાં એ ભાગીદારોનું જોડાણ શામેલ છે જે કોરલ રીફને વધુ અનુકૂળ બનાવવા માટે સંસાધનો એકત્રિત કરવા માટે કહેવામાં આવે છે.

➤ આ વૈશ્વિક ભંડોળનું લક્ષ્ય આગામી 10 વર્ષમાં કોરલ રીફના રક્ષણ માટે 500 મિલિયન ડોલર એકત્રિત કરવાનું અને રોકાણ કરવાનું છે.

➤ આ ભંડોળ એક નાણાકીય સાધન છે જે ખાનગી અને જાહેર બંને માટે નાણાં આપશે. તે વ્યવસાયો અને નાણાકીય સિસ્ટમોને પણ સમર્થન આપશે જે પરવાળાના ખડકો(કોરલ રીફ) અને સંકળાયેલ ઈકોસિસ્ટમ્સના સ્વાસ્થ્ય અને સ્થિરતાને સુધારે છે, સ્થાનિક સમુદાયો અને સાહસોને સશક્ત બનાવે છે.

■ ગ્લોબલ ફંડ ફોર કોરલ રીફ બે ઉદેશો પર કેન્દ્રિત છે

1) કોરલ રીફસના સંરક્ષણ અને પુનઃસંગ્રહ પર કેન્દ્રિત ખાનગી બજાર આધારિત રોકાણો સહિત નવી ધિરાણ પદ્ધતિઓના પુનર્જીવનને સરળ બનાવવા ઉપાય.

2) ગ્રીન કલાયમેટ ફંડ, એડેપ્ટેશન ફંડ અને કોરલ રીફસથી સંબંધિત કલાયમેટ અનુકૂલન માટે બહુપક્ષીય વિકાસ બેન્કો દ્વારા ભંડોળ રજૂ કરવા પર.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ફંડ માટે ભાગીદારી

- ભંડોળ માટે સંસાધનો એકત્રિત કરવાની બહુપક્ષીય પહેલમાં જાહેર, પરોપકારી અને ખાનગી એજન્ટો શામેલ છે, જેમાંથી કેટલાક નીચે મુજબ છે:
- પોલ જી.એલન ફેમિલી ફાઉન્ડેશન
- પ્રિન્સ આલ્બર્ટ–IIઓફ મોનાકો ફાઉન્ડેશનના
- BNP પરીબાસ
- અલ્થેલિયા ફંડસ
- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ(UNDP)
- યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)
- યુનાઈટેડ નેશન કેપિટલ ડેવલપમેન્ટ ફંડ (UNCDF)

### Back to basics

1. **સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) વિશે**
- UNDP સંયુક્ત રાષ્ટ્રની અગ્રણી સંસ્થા છે જે ગરીબી, અસમાનતા અને આબોહવા પરિવર્તનના ભારને સમાપ્ત કરવા માટે સમર્પિત છે. તે ગરીબીને નાબૂદ કરવા અને અસમાનતા ઘટાડવા 170 દેશોમાં નિષ્ણાતો અને ભાગીદારોના વિશાળ નેટવર્ક સાથે કામ કરે છે. તેનું મુખ્ય મથક ન્યુયોર્કમાં આવેલ છે.

2. **યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ(UNEP) વિશે**
- તે સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સી છે. સ્ટોકહોમમાં આયોજિત માનવ પર્યાવરણ પર યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ દરમિયાન વર્ષ 1972માં તેની સ્થાપના કરવામાં આવી હતી. તેનો હેતુ માનવ પર્યાવરણને અસર કરતી તમામ બાબતોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો અને પર્યાવરણીય માહિતીના સંગ્રહ, મૂલ્યાંકન અને પરસ્પર સમર્થનની ખાતરી આપવાનો છે. તેનું મુખ્ય મથક નૈરોબી, કેન્યા ખાતે આવેલ છે.

3. **યુનાઇટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડ(UNCDF) વિશે**
- યુનાઈટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડ (UNCDF) એ અવિકસિત દેશો માટે સંયુક્ત રાષ્ટ્રની મૂડી રોકાણ એજન્સી છે. તે ઓછા વિકસિત દેશોમાં ગરીબો માટે જાહેર અને ખાનગી નાણાં પૂરા પાડવાનું કામ કરે છે. તેની સ્થાપના વર્ષ 1966માં યુનાઈટેડ નેશન્સ હેઠળની એક સ્વાયત્ત સંસ્થા તરીકે થઈ હતી. તેનું મુખ્ય મથક ન્યુયોર્કમાં આવેલ છે.

4. **આંતરરાષ્ટ્રીય કોરલ રીફ પહેલ(ICRI)વિશે**
- આંતરરાષ્ટ્રીય કોરલ રીફ ઈનિશિયેટિવ એ વિવિધ રાષ્ટ્રો અને સંગઠનો વચ્ચેની અનૌપચારિક ભાગીદારી છે જે કોરલ રીફ અને વિશ્વભરના સંબંધિત ઈકોસિસ્ટમ્સને જાળવી રાખવા માટે પ્રયત્નશીલ છે.
- તેમ છતાં તે એક અનૌપચારિક જૂથ છે, જેના નિર્ણયો સભ્યો પર બંધનકર્તા નથી, પરંતુ પર્યાવરણના ટકાઉપણું, અન્ન સુરક્ષા અને સામાજિક અને સાંસ્કૃતિક હિત માટે પરવાળાના ખડકો અને સંકળાયેલ ઈકોસિસ્ટમ્સના મહત્વને દર્શાવવા માટે તેનું કાર્ય કરે છે.
- ICRIના કાર્યને યુએન દસ્તાવેજોમાં નિયમિતપણે સ્વીકારવામાં આવે છે, જે આંતરરાષ્ટ્રીય દ્રશ્યમાં તેની સહકાર અને સહયોગની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે.
- તેની સ્થાપના વર્ષ 1994 માં આઠ દેશો– ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, જાપાન, જમૈકા, ફિલિપાઈન્સ, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટસ દ્વારા કરવામાં આવી હતી.
- હાલમાં ICRIના સભ્યોની સંખ્યા 90ની આસપાસ છે.

### ICRI ના ઉદ્દેશો

- કોરલ રીફ્સ અને તેનાથી સંકળાયેલ ઈકોસિસ્ટમ્સના ટકાઉ સંચાલનમાં શ્રેષ્ઠ અભ્યાસ અપનાવવા પ્રોત્સાહિત કરવું. કરી ક્ષમતા નિર્માણ કરવું.
- વિશ્વભરના તમામ સ્તરે પરવાળાના ખડકોની દુર્દશા પર જાગૃતિ લાવવી.
- ICRI એ 'કોલ ટુ એકશન' અને 'ફ્રેમવર્ક ફોર એકશન' ને પોતાના મૂળ દસ્તાવેજો તરીકે અપનાવ્યું છે.
- ICRIના બંને દસ્તાવેજોમાં ચાર આધારો છે: ઇન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ, વિજ્ઞાન, ક્ષમતા નિર્માણ અને સમીક્ષા.

## કોઝિકોડ-વાયનાડ ટનલ પ્રોજેક્ટ

- 5 ઓક્ટોબર, 2020ના રોજ કેરળના મુખ્યમંત્રી દ્વારા કોઝિકોડને વાયનાડ સાથે જોડતી ટનલ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી.

### કોઝિકોડ-વાયનાડ ટનલ પ્રોજેક્ટ વિશે

- દેશની ત્રીજી સૌથી લાંબી ટનલ તરીકે ઓળખાતી 7 કિમી લાંબી ટનલ, પશ્ચિમ ઘાટના સંવેદનશીલ જંગલો અને ટેકરીઓ કાપીને બનાવવામાં આવેલા 8 કિ.મી. લાંબા માર્ગનો એક ભાગ છે.
- આ ટનલના અંતિમ બિંદુઓમાં મરીપુઝા, થિરુવમદી ગ્રામ પંચાયત (કોઝિકોડ) અને કલ્લડી, મેપાડી પંચાયતનો(વાયનાડ) સમાવેશ થાય છે.
- હાલમાં વાયનાડ પઠાર ચાર રસ્તાઓના માધ્યમથી કેરળના બાકીના ભાગ સાથે જોડાયેલ છે, તેમાંથી એક કોઝિકોડ–મૈસુર (NH-766) સાથે 13 કિ.મી. લાંબો થામરસેરી ઘાટ રોડ છે.

- આ ટનલ વૈકલ્પિક માર્ગ પ્રદાન કરશે કારણ કે ભારે ચોમાસા દરમિયાન થામરસેરી ઘાટ માર્ગ ભૂસ્ખલન દ્વારા અવરોધિત થાય છે.
- આ માર્ગને પહોળો કરવાની દરખાસ્ત કેન્દ્રિય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાસે બાકી છે.

## POP(Persistent Organic Pollutants)અને સ્ટોકહોમ સંમેલન

- કેન્દ્રીય મંત્રીમંડળે 'સતત ઓર્ગેનિક પ્રદુષકો(POP-Persistent Organic Pollutants)' પર 'સ્ટોકહોમ કરાર'માં સૂચિબદ્ધ સાત રસાયણોની ચકાસણીને મંજૂરી આપી છે. આ ઉપરાંત, કેબિનેટે સ્થાનિક નિયમો હેઠળ નિયંત્રિત પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના ઉદ્દેશ સાથે POP સાથે સંબંધિત પોતાની સત્તા 'કેંદ્રીય વિદેશ મંત્રાલય(MEA)' અને 'પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય(MoEFCC)'ને સોંપી દીધી છે.

### સતત ઓર્ગેનિક પ્રદુષકો(POP) વિશે:

- POPs નીચેની લાક્ષણિકતા ધરાવતા ચિહ્નિત રસાયણો છે.
- પર્યાવરણમાં લાંબા ગાળાની હાજરી.
- સજીવોના ફેટી એસિડમાં જૈવ–સંચય.
- માનવ આરોગ્ય અને પર્યાવરણ પર પ્રતિકૂળ અસર.
- POPsના સંપર્કમાં આવવાથી કેન્સર થઈ શકે છે, કેન્દ્રીય અને પેરિફેરલ નર્વસ સિસ્ટમને નુકસાન થાય છે, રોગપ્રતિકારક શક્તિને લગતા રોગો થાય છે, સામાન્ય બાળકો અને શિશુઓના વિકાસને અટકાવી શકે છે.
- આ 'લાંબા અંતરની પર્યાવરણીય પરિવહનની(LERT) પ્રકૃતિ છે.

### Back to basics : સ્ટોકહોમ સંમેલન વિશે

- તે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને POPs થી સુરક્ષિત રાખવા માટેની વૈશ્વિક સંધિ છે.
- આ કરારને વર્ષ 2001માં સ્ટોકહોમ,સ્વીડનમાં સહી કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું અને વર્ષ 2004માં તે અસરકારક બન્યું હતુ.
- સભ્ય દેશો વચ્ચે વ્યાપક વૈજ્ઞાનિક સંશોધન, વિચાર–વિમર્શ અને વાટાઘાટો પછી સ્ટોકહોમ કન્વેશનના વિવિધ જોડાણોમાં POPs ને સૂચિબદ્ધ કરવામાં આવી છે.
- આ સંમેલનને એક ડઝન ખરાબ રસાયણોમાંથી નવ રસાયણ પર પ્રતિબંધ લગાડવા, DDT નો ઉપયોગ મલેરિયા નિયંત્રણ સુધી મર્યાદીત રાખવા અને ડાયોકિસન અને ફયુરેનના અસાવધાનીપૂર્વક કરવામાં આવતા ઉત્પાદન પર અંકુશ લગાવવા લવાયુ હતુ.
- આઠ કીટનાશક (એલ્ડ્રિન, કલોર્ડેન, ડીડીટી, ડિડ્રિન, એન્ડ્રિન, હેપ્ટાકલોર, મિરેકસ અને ટોકસેફિન)
- બે ઔદ્યોગિક રસાયણો (પોલી કલોરિનેટેડ બાયફિનીલ અને હેકસાકલોરોબેન્ઝિન)

### ભારત દ્વારા કરારને મંજૂરી

- ભારતે 13 જાન્યુઆરી, 2006 ના રોજ સ્ટોકહોમ કરારને બહાલી આપી હતી. કલમ–25 (4)ને અનુલક્ષીને, તેને પોતાને ડિફોલ્ટ 'ઓપ્ટ–આઉટ' સ્થિતિમાં મૂકવા માટે સક્ષમ બનાવ્યું, જેથી કરારના વિવિધ જોડાણોમાં સુધારાઓ ત્યાં સુધી અમલમાં નહી આવે જ્યાં સુધી તેની સ્વીકૃતિ/મંજૂરી અથવા મંજૂરીના ફોર્મ સ્પષ્ટપણે યુએન ટ્રસ્ટી/ડિપોઝિટરીને સબમિટ ન કરવામાં આવે.

### મંત્રીમંડળના તાજેતરના નિર્ણય વિશે

- કેન્દ્રીય કેબિનેટે સ્ટોકહોમ કન્વેશન હેઠળ સૂચિબદ્ધ સાત રસાયણોના બહાલીને મંજૂરી આપી છે. આ રસાયણો POPs માટે નીચેની સ્થાનિક જોગવાઈઓ હેઠળ નિયંત્રિત કરવામાં આવે છે:
- સલામત વાતાવરણ પ્રદાન કરવા અને માનવ આરોગ્યના જોખમોને દૂર કરવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયએ 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986'ની જોગવાઈ ઓ હેઠળ 5 માર્ચ, 2018ના રોજ 'લાંબા ગાળાના/કાયમી કાર્બનિક પ્રદૂષકો'ના નિયમનને સૂચિત કર્યુ હતું.
- અન્ય બાબતોમાં, નિયમન દ્વારા નીચેના સાત રસાયણોના ઉત્પાદન, વેપાર, ઉપયોગ, આયાત અને નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જે સ્ટોકહોમ કરાર હેઠળ POPs તરીકે પહેલેથી સૂચિબદ્ધ છે:

1. કલોરડીકોન
2. હેકસાબ્રોમોડીફિનાઈલ
3. હેકસાબ્રોમોડિફિનાઈલ ઈથર અને હેપ્ટાબ્રોમોડિફિનાઈલ
4. ટેટ્રાબ્રોમોડિફિનાઈલ ઈથર અને પેન્ટાબ્રોમોડિફિનાઈલ ઈથર
5. પેન્ટાકલોરોબેંઝિન
6. હેકસાબ્રોમોસાયકલોડોડીકેન
7. હેકસાકલોરોબ્યુટાડીન


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વૈશ્વિક પર્યાવરણ સુવિધા(GEF- Global Environment Facility) વિશે

- GEFની સ્થાપના વર્ષ 1992ની રિયો અર્થ સમિટ દરમિયાન કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક અમેરિકાના વોશિંગ્ટન ડીસી ખાતે આવેલ છે.
- GEFનું સંચાલન સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ, વિશ્વ બેંક અને સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે.
- આ નાણાકીય સિસ્ટમની સ્થાપના આપણા ગ્રહની સૌથી વ્યાપક પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરવા માટે કરવામાં આવી હતી.
- તે હવામાન પરિવર્તન, જૈવવિવિધતા, ઓઝોન સ્તર, વગેરેથી સંબંધિત પ્રોજેક્ટસ માટે વિકાસશીલ દેશો અને સંક્રમણ અર્થતંત્રને ભંડોળ પૂરું પાડે છે.
- તે પાંચ મુખ્ય આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય પરિષદો માટે નાણાકીય સિસ્ટમ પ્રદાન કરે છેઃ

1. ક્લાઈમેટ ચેન્જ પર યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેશન (UNFCCC)
2. જૈવવિવિધતા પર યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન (UNCBD)
3. સસ્ટેનેબલ ઓર્ગેનિક પ્રદુષકો(POPS) પર સ્ટોકહોમ કન્વેશન
4. યુનાઈટેડનેશન્સકન્વેશનટુકોમ્બેટડેસર્ટીફિકેશન(UNCCD)
5. મીનામાતા સંમેલન

## અર્થશોટ એવોર્ડ

- 8 ઓકટોબર, 2020ના રોજ, બ્રિટનના પ્રિન્સ વિલિયમ/ડયુક ઓફ કેમ્બ્રિજે 50 મિલિયન પાઉન્ડના 'અર્થશોટ પુરસ્કાર'ની શરૂઆત કરી હતી.
- ઉદ્દેશઃ તેનો ઉદ્દેશ વિશ્વના કેટલાક ગંભીર પર્યાવરણીય પડકારોના સૌથી નવીન સમાધાનો માટે નાણાં આપવાનું છે.
- આવતા વર્ષથી 10 વર્ષ માટે દર વર્ષે 10 મિલિયનના પાંચ ઈનામો આપવામાં આવશે.
- આ એવોર્ડ એવા લોકોને આપવામાં આવશે કે જેઓ વર્ષ 2030 સુધીમાં વિશ્વની સૌથી ગંભીર પર્યાવરણીય સમસ્યાઓના ઓછામાં ઓછા 50 ઉકેલો રજૂ કરશે.
- આ યોજના ખરેખર વિશ્વના કેટલાક ગંભીર પર્યાવરણીય પડકારોનો સામનો કરવા માટેના સંભવિત ઉકેલો માટે બૌદ્ધિક લોકો અનેસંભવિત સર્વોત્તમ સમાધાનોને એક સાથે લાવવાનો પ્રયાસ છે.
- પ્રિન્સ વિલિયમ અને રોયલ ફાઉન્ડેશન બંને દ્વારા અર્થ શોટ એવોર્ડને સૌથી મોટી પહેલ તરીકે માન્યતા આપવામાં આવી છે.
- ડિસેમ્બર,2019માં પહેલીવાર એવોર્ડ રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2021 થી વર્ષ 2030 સુધી, આ પુરસ્કાર પ્રિન્સ વિલિયમ દ્વારા દર વર્ષે પાંચ વિજેતાઓને આપવામાં આવશે.
- દર વર્ષે 2021 થી 2030 ની વચ્ચે વિશ્વના વિવિધ શહેરોમાં એવોર્ડ સમારોહ યોજાશે, જેમાં 15 વિજેતા (દરેક અર્થશોટ માટે એક) 15 ફાઈનલિસ્ટમાંથી પસંદ કરવામાં આવશે.
- વર્ષ 2021માં પ્રથમ એવોર્ડ સમારોહ લંડનમાં યોજાશે.

### Back to Basics : અર્થશોટ વિશે

- અર્થશોટ એવોર્ડ પૃથ્વી માટેના પાંચ સરળ પરંતુ મહત્વાકાંક્ષી લક્ષ્યોની આસપાસ કેન્દ્રિત છે.જો વર્ષ 2030 સુધીમાં આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવે તો વર્તમાન પેઢીની સાથે ભવિષ્યની પેઢીના જીવનમાં સુધારો થશે.
- આ પાંચ અર્થશોટ નીચે મુજબ છેઃ

1. પ્રકૃતિની જાળવણી અને પુનઃસ્થાપના.
2. શુધ્ધ હવા.
3. મહાસાગરોને પુનર્જીવિત કરવા.
4. કચરા મુક્ત વિશ્વનુ નિર્માણ.
5. આબોહવાને ઠીક કરવી.

## અબૉર્ટિલ્ફુસા નામદફૈંસિસ

- તાજેતરમાં નામદફા ટાઈગર રિઝર્વના એક નાના પ્રવાહના કાંઠે તાજા પાણીની કરચલાની પ્રજાતિ 'અબૉર્ટેલ્ફુસા નામદફૈં સિસ' મળી આવી છે.
- તેના જીનસનું(એબૉર્ટેલ્ફુસા) નામ 'અબોર હિલ્સ'ના નામ પર રાખાવામાં આવ્યું છે. જ્યારે પ્રજાતિનું(નામદફૈંસિસ) નામ 'નામદફા સંરક્ષીત ક્ષેત્રના નામ પર આપવામાં આવ્યું છે.
- જો કે, 'અબૉર્ટેલ્ફુસા નામદફૈંસિસપહેલી વાર વર્ષ 2017માં જોવા મળ્યું હતું જ્યારે 'ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની ટીમે 'હિમાલયની વિવિધતાના લાંબા ગાળાની દેખરેખ કાર્યક્રમ' હેઠળ નમદાફા ક્ષેત્રની મુલાકાત લીધી હતી.

➤ તે હિમાલયના પ્રદેશમાં જોવા મળતું પહેલું 'ગેકાર્સિનુ સિડેછે.તાજા પાણીના કરચલાઓને બે કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છેઃ પોટામિડે અને ગેકાર્સિનુસિડે. બંને જાતિઓના પેટનો આકાર અને કદ અલગ હોય છે.

## દિલ્હી પ્રદુષણ નિયંત્રણ

➤ તાજેતરમાં, 'પર્યાવરણીય પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) ઓથોરિટી' (EPCA- Environment Pollution(Prevention and Control Authority) દ્વારા રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રદિલ્હી સહિતના અન્ય શહેરોમાં 'ગ્રેડડ રિસ્પોન્સ એકશન પ્લાન'(GRAP) હેઠળ નિર્ધારીત હવા પ્રદૂષણ નિયંત્રણ પગલાઓને અમલમાં મૂકવાનો નિર્દેશ કર્યો છે.

### દિલ્હી અને આસપાસના શહેરોમાં પ્રદૂષણ વિશે

➤ EPCA દ્વારા દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના મુખ્ય સચિવોને GRAP હેઠળ સૂચવવામાં આવેલા પ્રદૂષણ નિયંત્રણના પગલાઓને લાગુ કરવા સૂચનાઓ જાહેર કરવામાં આવી છે.

➤ 8 ઓકટોબર, 2020ના રોજ, દિલ્હીમાં હવાની ગુણવત્તા સતત બીજા દિવસે 'ખરાબ' શ્રેણીની રહી હતી.

➤ 8 ઓકટોબરે,2020ના રોજ દિલ્હીમાં 'એર કવોલિટી ઈન્ડેકસ208 પર પહોંચી ગયો હતો.

➤ EPCAએ 15ઓકટોબર,2020 પછી દિલ્હી, ગાઝિયાબાદ, નોઈડા, ગ્રેટર નોઈડા, ફરીદાબાદ અને ગુરુગ્રામ જેવા શહેરોમાં ડીઝલ જનરેટર્સના ઉપયોગ પર પ્રતિબંધ(કટોકટીની સ્થિતિ સિવાય) મૂકવાનો નિર્દેશ આપ્યો છે.

### EPCAના નિર્દેશ વિશે

➤ EPCAએ દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશની સરકારોને 'ખૂબ ખરાબ' અને 'ગંભીર' શ્રેણી હેઠળ 15 ઓકટોબર પછી 'ગ્રેડડ રિસ્પોન્સ એકશન પ્લાન'(GRAP) હેઠળ સૂચવેલ વાયુ પ્રદૂષણ નિયંત્રણ પગલાં લાગુ કરવા સુચના આપી હતી.

➤ ગ્રેડેડ રિસ્પોન્સ એકશન પ્લાન, NCRમાં હવાના પ્રદૂષણને હલ કરવાની યોજના ધરાવે છે. ડિસેમ્બર, 2016માં સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધારે, વિવિધ ગુણવત્તામાં એર કવોલિટી ઈન્ડેકસની અલગ–અલગ શ્રેણીઓમાં લાગુ કરવા ઘડવામાં આવી હતી.

➤ 'કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય' દ્વારા જાન્યુઆરી,2017માં GRAP લાગુ કરવામાં આવી હતી. આ અંતર્ગત, હવાની ગુણવત્તાની ચાર કેટેગરી (મધ્યમથી ખરાબ, ખૂબ ખરાબ, ગંભીર, 'ગંભીર +' અથવા 'કટોકટી') હેઠળ પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં સૂચવવામાં આવ્યા છે.

➤ EPCA દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ, કંપનીઓએ 'હાઈવે' અને 'મેટ્રો' જેવા અન્ય મોટા બાંધકામ પ્રોજેકટ માટે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને પ્રદૂષણ વ્યવસ્થાપન માટે નિયત નિયમો/માર્ગદર્શિકાના પાલન અંગેના એફિડેવિટ આપવા પડશે.

➤ EPCAના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, 'રેડ' અને 'ઓરેન્જ' શ્રેણીના ઉદ્યોગોએ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ/પ્રદૂષણ નિયંત્રણ સમિતિને એફિડેવિટ આપવું પડશે કે તેઓ ફક્ત અધિકૃત ઈંધણનો ઉપયોગ કરશે અને પૂરતા પ્રદૂષણ નિયંત્રણ પગલાં લીધા વિના કાર્ય કરશે નહીં.

### Back to Basics : પર્યાવરણીય પ્રદૂષણ( નિવારણ અને નિયંત્રણ) ઓથોરિટી(EPCA) વિશે

➤ EPCAની રચના પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ 1998 માં 'પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, 1986' હેઠળ કરવામાં આવી હતી.

➤ EPCAની રચનાનો હેતુ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવાનો અને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો કરવા સુપ્રીમ કોર્ટને સમર્થન આપવાનો હતો.

➤ EPCAને પર્યાવરણ સાથે જોડાયેલ બાબતમાં કોઈ પણ વ્યક્તિ, પ્રતિનિધિ મંડળ અથવા સંગઠનની ફરિયાદના આધારે અથવા કોઈ પણ બાબતમાં સુઓમોટો લઈને કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## ભારતી લિપિ

- ભારતી સ્ક્રિપ્ટ એક સામાન્ય સ્ક્રિપ્ટ તરીકે ઘડી છે જે બધી મોટી ભારતીય ભાષાઓને વ્યક્ત કરી શકે છે.

### ભારતી લિપિની મુખ્ય બાબતો

- લિપિ/સ્ક્રિપ્ટ કોઈ ખાસ ભાષા લખવા માટે વપરાયેલા પાત્રોના જૂથનો સંદર્ભ આપે છે. જેમ કે દેવનાગરી, રોમન વગેરે.
- IIT-મદ્રાસ ખાતે શ્રીનિવાસ ચક્રવર્તીની ટીમ દ્વારા ભારતી લિપિ વિકસિત કરવામાં આવેલ છે.
- ભારતી એક સરળ અને સંકલિત સ્ક્રિપ્ટ છે જેનો ઉપયોગ મોટાભાગની મોટી ભારતીય ભાષાઓ લખવા માટે થઈ શકે છે.
- તેને વિવિધ ભારતીય ભાષાઓ / સ્ક્રિપ્ટો અને અંગ્રેજી ભાષાના સરળ અક્ષરોને ઉધાર લઈ સરળ આકૃતિઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ છે.
- સ્ક્રિપ્ટ હિન્દી / મરાઠી, તમિલ, તેલુગુ, ગુજરાતી, પંજાબી (ગુરમુખી), બંગાળી, ઉડિયા, કન્નડ અને મલયાલમને સમર્થન કરે છે.

### ભારતી લિપિ અંતર્ગત તકનીકનો ઉપયોગ

- IIT-મદ્રાસની ટીમે બહુભાષીય ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન(OCR)સિસ્ટમનો ઉપયોગ કરીને ભારતી લિપિમાં દસ્તાવેજો વાંચવાની એક પદ્ધતિ વિકસાવી છે.
- OCR એ એક સિસ્ટમ છે જે ફક્ત ફોર્મ સ્કેન કરીને ઈલેક્ટ્રોનિકલી મુદ્રિત અથવા હસ્તલિખિત અક્ષરોની સંપૂર્ણ આલ્ફાન્યુમરિક ઓળખ પ્રદાન કરે છે.
- ભારતી લિપિ અંતર્ગત આંગળી–જોડણી પદ્ધતિનો ઉપયોગ સુનાવણીથી ક્ષતિગ્રસ્ત વ્યક્તિઓ માટે સંકેતની ભાષા બનાવવા માટે કરી શકાય છે.

### ભારતી લિપિનું મહત્વ

- તે 'વન નેશન–વન સ્ક્રિપ્ટ'ને અનુરૂપ છે.
- રોમન સ્ક્રિપ્ટનો ઉપયોગ ઘણી યુરોપિયન ભાષાઓ (અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, ઈટાલિયન, વગેરે) માટે સામાન્ય સ્ક્રિપ્ટ તરીકે થાય છે જે તે ભાષાઓ બોલતા અને લખતા રાષ્ટ્રોમાં વાતચીતને સરળ બનાવે છે. એ જ રીતે આખા દેશ માટે એક સામાન્ય (ભારતી) સ્ક્રિપ્ટ ભારતમાં અનેક સંચાર અવરોધોને ઘટાડી શકે છે.
- તે ભારતીયની આગામી પેઢીને ભારતીય ભાષાઓમાં સરળતાથી વાંચવામાં મદદ કરી શકે છે.
- તે કોંકણી અથવા તુલુ જેવી ભાષાઓ માટે આદર્શ લિપિ છે જેને પોતાની લિપિ નથી.
- તે ભારતની અસંખ્ય આદિવાસી ભાષાઓ અને ઈશાન ભારતની ભાષાઓ માટે લેખન પ્રણાલી તરીકે કાર્ય કરી શકે છે.
- તે વિદેશી ભારતીયો માટે એક લિપિ લિપિ તરીકે કામ કરી શકે છે જે કામ માટે તેમના વતની રાજ્યની બહાર જાય છે.
- તે લાખો નિવાસી ભારતીય બાળકોને ભારતીય સાહિત્ય સાથે જોડી શકે છે.
- તેનાથી ભારતીય ભાષાઓ માટે બ્રેઈલ સ્ક્રિપ્ટ (અંધ લોકો માટે)ની નવી સિસ્ટમ અને સુનવણી નબળા લોકો માટે 'ફિંગરસ્પીલિંગ સિસ્ટમ'નું નેતૃત્ત્વ કરી શકે છે.
- તે પુખ્ત સાક્ષરતાના કાર્યક્રમોની અવધિને 6 મહિનાથી થોડાં અઠવાડિયા સુધી ટૂંકી કરી શકે છે કારણ કે આ લિપિ શીખવી ખૂબ જ સરળ છે.

## મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રી

- 2 ઓક્ટોબર, 2020ના રોજ, દેશભરમાં મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

### મહાત્મા ગાંધી

- 2 ઓક્ટોબર, 2020ના રોજ મહાત્મા ગાંધીની 151 મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.
- મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ 2 ઓક્ટોબર 1869ના રોજ ગુજરાતના પોરબંદરમાં થયો હતો.
- મહાત્મા ગાંધી એક ભારતીય વકીલ, વસાહતી વિરોધી રાષ્ટ્રવાદી અને રાજકીય નૈતિકવાદી હતા જેમણે બ્રિટિશ શાસનથી ભારતની સ્વતંત્રતા માટેની સફળ ઝુંબેશ જીવવા માટે 'અહિંસક વિરોધ'ની કલ્પનાનો ઉપયોગ કર્યો હતો.

- મહાત્મા ગાંધીએ લંડનના ઈનર ટેમ્પલથી કાયદાની તાલીમ પૂર્ણ કરી.
- 1893માં, તે ભારતીય ઉદ્યોગપતિના કેસની રજૂઆત કરવા માટે ભારતથી દક્ષિણ આફ્રિકા ગયા હતા.
- દક્ષિણ આફ્રિકામાં, ગાંધીજીએ પ્રથમ વખત નાગરિક અધિકાર માટેના અભિયાનમાં અહિંસક વિરોધની કલ્પનાનો ઉપયોગ કર્યો હતો.
- 1917ના ચંપારણ સત્યાગ્રહ એ વાવેતર કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી તિનકાકાઠીયા પદ્ધતિના વિરોધમાં અહિંસક આંદોલન હતું, જેણે ભારતમાં સત્ય અને હિંસા ઉપર ગાંધીજીની ગાંધીની શ્રદ્ધાને મજબૂત બનાવી.
- રોલટ સત્યાગ્રહની શરૂઆત મહાત્મા ગાંધીએ વર્ષ 1919 માં કરી હતી. આ સત્યાગ્રહની શરૂઆત બ્રિટિશ સરકાર દ્વારા લાગુ રોલટ એકટ સામે કરવામાં આવી હતી.
- 1920માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વને સ્વીકારતા, ગાંધીજીએ ગરીબી ઘટાડવા, મહિલાઓના અધિકારોને વધારવા, ધાર્મિક અને વંશીય સંવાદિતામાં વધારો કરવા, અસ્પૃશ્યતાને સમાપ્ત કરવા અને સ્વરાજ અથવા સ્વ–શાસન પ્રાપ્ત કરવા માટે દેશવ્યાપી અભિયાનો કર્યા.
- ઓગસ્ટ 1920 માં, ગાંધીજીએ અસહકાર આંદોલન શરૂ કર્યું, જે ચૌરી–ચૌરાની હિંસક ઘટનાને કારણે વર્ષ 1922માં સમાપ્ત થઈ ગયું.
- 6 એપ્રિલ 1930ના રોજ, ગાંધીજી દ્વારા મીઠાના કાયદાના ઉલ્લંઘન સાથે સવિનય કાનુનભંગ ચળવળની શરૂઆત કરી હતી.
- 8 ઓગસ્ટ, 1942ના રોજ, મહાત્મા ગાંધીએ ભારતમાં બ્રિટિશ શાસનનો અંત લાવવાની જાહેરાત કરી, મુંબઈમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધિવેશનમાં ભારત છોડો આંદોલન શરૂ કરવા હાકલ કરી.
- ગાંધીજીએ ગ્વાલિયા ટાંકી મેદાનમાં આપેલા ભાષણમાં 'કરો અથવા મરો'નું સૂત્ર આપ્યું હતું, જેને હવે ઓગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે ઓળખવામાં આવે છે.
- ગાંધીજી સારા લેખક હતા. ભારતની સ્વતંત્રતા ચળવળ માટે 'હિંદ સ્વરાજ' પુસ્તક વર્ષ 1909માં ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયું.
- ગાંધીજીએ સંપાદિત કરેલા પત્ર/પત્રિકાઓ : 'હરિજન', 'ઈન્ડિયન ઓપીનીયન', 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'.
- 30 જાન્યુઆરી, 1948ના રોજ નાથુરામ ગોડસે દ્વારા ગાંધીજીની હત્યા કરવામાં આવી હતી.

## લાલ બહાદુર શાસ્ત્રી

- લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ 2 ઓકટોબર 1904માં ઉત્તર પ્રદેશના મુગલસરાય (હાલ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર)માં થયો હતો.
- લાલ બહાદુર શાસ્ત્રી એક ભારતીય રાજકારણી હતા, જેમણે ભારતના બીજા વડા પ્રધાન તરીકે સેવા આપી હતી.
- તેમણે 'જય જવાન જય કિસાન'ના નારા લગાવ્યા અને ભારતના ભવિષ્ય ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.
- તેઓ લાલા લાજપત રાય દ્વારા સ્થાપિત પીપલ્સ સોસાયટી (લોકસેવક મંડળ)ના સર્વર્સના આજીવન સભ્ય બન્યા. ત્યાં તેમણે પછાત વર્ગોના ઉત્થાન માટે કામ કરવાનું શરૂ કર્યું અને બાદમાં તે તે સમાજના પ્રમુખ પણ બન્યા.
- તેમણે અસહકાર આંદોલન અને મીઠાના સત્યાગ્રહમાં પણ ભાગ લીધો હતો.
- ભારતની આઝાદી પછી, 1961માં તેઓને ભારતના ગૃહ પ્રધાન અને 'ભ્રષ્ટાચાર વિરોધી સમિતિ' માટે નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમણે પ્રખ્યાત 'શાસ્ત્રી ફોર્મ્યુલા' બનાવી જેમાં આસામ અને પંજાબમાં ભાષા આધારિત હિલચાલ શામેલ છે.
- તેમણે આણંદ, ગુજરાતની અમૂલ દૂધ સહકારી મંડળીને ટેકો આપીને અને રાષ્ટ્રીય ડેરી ડેવલપમેન્ટ બોર્ડની રચના કરીને ભારતમાં શ્વેત ક્રાંતિને પ્રોત્સાહન આપ્યું હતું.
- લાલ બહાદુર શાસ્ત્રીએ 1965માં ભારતમાં હરિત ક્રાંતિને પ્રોત્સાહન આપ્યું અને ભારતના ખોરાકના ઉત્પાદનમાં વધારો કરવાની જરૂરિયાતની રૂપરેખા આપી.
- વર્ષ 1964માં તેમણે શ્રીલંકાના વડા પ્રધાન સિરિમાવો ભંડારાનિકે સાથે સિલોનમાં ભારતીય તમિલની સ્થિતિ અંગે કરાર કર્યો હતો. આ કરાર શ્રીમાવો–શાસ્ત્રી સંધિ તરીકે ઓળખાય છે.
- વર્ષ 1966માં તેમને મરણોત્તર ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા.
- તેમણે 1965ના ભારત–પાકિસ્તાન યુદ્ધને સમાપ્ત કરવા માટે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ મુહમ્મદ અયુબ ખાન સાથે 10 જાન્યુઆરી, 1966ના રોજ તાશ્કંદ ઘોષણા પર હસ્તાક્ષર કર્યા.
- તેમનું તા.11 જાન્યુઆરી 1966ના રોજ તાશ્કંદમાં અવસાન થયું હતું.

icerajkot

# CURRENT AFFAIRS

## Click to Play














































**Continue...**

YouTube

SUBSCRIBE

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## વૃદ્ધ વ્યક્તિઓનો આંતરરાષ્ટ્રીય દિવસ

- 'વૃદ્ધ વ્યક્તિનો આંતરરાષ્ટ્રીય દિવસ' દર વર્ષે 01 ઓક્ટોબરના રોજ મનાવવામાં આવે છે.
- આ દિવસનો હેતુ વૃદ્ધાવસ્થાના પ્રભાવ વિશે જાગૃતિ ફેલાવવાનો છે અને વૃદ્ધ લોકો માટે ગૌરવ સાથે જીવન જીવવા માટેની તક પૂરી પાડવાનો છે. આ ઉપરાંત લોકોને સંવેદના અને વૃદ્ધો સાથે દુર્વ્યવહાર જેવા અસરગ્રસ્ત મુદ્દાઓથી વાકેફ કરવામાં આવે છે.
- વર્ષ 2020ના આ દિવસની થીમ 'રોગચાળોઃ વૃદ્ધ લોકો વૃદ્ધાવસ્થા અને વૃદ્ધાવસ્થાનો સામનો કરવા માટે પોતાને બદલવા માટે તૈયાર છે' (Pandemics: Do They Change How We Address Age and Ageing) રાખવામાં આવી છે .
- આ દિવસ સમાજમાં ફાળો આપનારા એવા વૃદ્ધ લોકોના સન્માન માટે ઉજવવામાં આવે છે.
- 1, ડિસેમ્બર 1990ના રોજ, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા (ઠરાવ 45/106 દ્વારા) 1 ઓક્ટોબરને 'વૃદ્ધ વ્યક્તિઓના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે નામાંકિત કરવામાં આવ્યો હતો .
- સંયુક્ત રાષ્ટ્રના આ નિર્ણયે 'વિયેના ઇન્ટરનેશનલ પ્લાન એકશન પ્લાન ઓન એજિંગ'નું સ્થાન લીધું હતું જે 1982માં વર્લ્ડ એસેમ્બલીમાં એજિંગ પર અપનાવવામાં આવ્યું હતું.
- 1991માં, સંયુક્ત રાષ્ટ્રની મહાસભાનું (ઠરાવ 46/91 દ્વારા) વૃદ્ધ વ્યક્તિઓ માટે સંયુક્ત રાષ્ટ્રના સિદ્ધાંતો અપનાવવામાં આવ્યા.

## વિશ્વ શિક્ષક દિવસ

- વિશ્વ શિક્ષક દિવસ વિશ્વભરમાં 05 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.
- તે આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે પણ ઓળખાય છે.
- વિશ્વના શિક્ષકોની સ્થિતિ સુધારવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ નિર્ણય 1966 માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન વચ્ચે યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો.
- આ દિવસે શિક્ષકો અને નિવૃત્ત શિક્ષકોને તેમના વિશેષ પ્રદાન બદલ સન્માનિત કરવામાં આવે છે.
- દર વર્ષે, વર્લ્ડ ટીચર્સ ડે કાર્યક્રમ યુનિસેફ(UNICEF), યુએનડીપી(UNDP), આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન અને યુનેસ્કો દ્વારા મળીને યોજવામાં આવે છે.
- વર્લ્ડ ટીચર્સ ડે 2020 ની થીમ 'ટીચર્સઃ લીડીંગ ઈન ક્રાઈસીસ, રીઈમેજનીંગ ધ ફ્યુચર'

### ડેયરિંગ સિટી 2020-8

- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ 7 ઓક્ટોબર, 2020ના રોજ પ્રતિષ્ઠિત ડેરિંગ સિટીઝ 2020ના પરિષદનું સંબોધન કર્યુ હતું.
- જર્મન સરકારના સમર્થનથી આ સંમેલનનું આયોજન ICLEI(આંતરરાષ્ટ્રીય સંગઠન) અને જર્મનીના શહેર શહેર બોન દ્વારા કરવામાં આવ્યું છે.
- ખાસ કરીને COVID-19 રોગચાળાના સંદર્ભમાં, 'ડેરિંગ સિટીઝ' એ વાતાવરણની કટોકટી સાથે કામ કરતા શહેરી નેતાઓ માટે આબોહવા પરિવર્તન પરનું વૈશ્વિક મંચ છે.

## મેડિસિન અથવા ફિઝિયોલોજી માટેનું નોબેલ પુરસ્કાર

- 6 ઓક્ટોબર, 2020ના રોજ, અમેરિકન વૈજ્ઞાનિકો 'હાર્વે જે. એલ્ટર અને 'ચાર્લ્સ એમ. રાઈસ' અને બ્રિટીશ વૈજ્ઞાનિક 'માઈકલ હ્યુટનને હીપેટાઈટિસ–C વાયરસ'ની શોધ માટે મેડિસિન અથવા ફિઝિયોલોજી માટે નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- સ્ટોકહોમમાં એવોર્ડની ઘોષણા કરતા, નોબેલ સમિતિએ કહ્યું હતુ કે ત્રણેય વૈજ્ઞાનિકોના કાર્યથી લોહીથી જન્મેલા હેપેટાઇટિસના મોટા સ્ત્રોતને સમજાવવામાં મદદ મળી છે, જેને હિપેટાઇટિસ A અને B વાયરસ દ્વારા સમજાવી શકાતું નથી.
- આ શોધથી હેપેટાઈટિસ C પર નિર્દેશિત એન્ટિવાયરલ દવાઓના ઝડપી વિકાસને પણ વેગ મળ્યો છે.

### હીપેટાઇટિસ-સી વાયરસ વિશે

- હીપેટાઈટિસ C બ્લડબોર્ન વાઈરસથી થાય છે, જે યકૃતને અસર કરે છે. તે ઈન્જેક્ટેબલ દવાઓ, અસુરક્ષિત આરોગ્ય સંભાળ વગેરે દ્વારા ફેલાય છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અંદાજ મુજબ વિશ્વભરમાં 70 મિલિયનથી વધુ લોકો હિપેટાઇટિસથી અસરગ્રસ્ત છે અને દર વર્ષે 4,00,000 લોકો મૃત્યુ પામે છે.

## ઍંટી એર પ્રદૂષણ અભિયાનનો પ્રારંભ

### ઍંટી એર પ્રદૂષણ અભિયાન વિશે

- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્વચ્છ રાષ્ટ્રીય રાજધાની માટે 5 ઓક્ટોબર, 2020ના રોજ 'ઍંટી એરપ્રદૂષણ અભિયાન' શરૂ કર્યું હતુ.
- મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે વૈશ્વિક રોગચાળા COVID-19 દરમિયાન વાયુ પ્રદૂષણ જીવલેણ બની શકે છે કારણ કે આ બંને આપણા ફેફસાંને અસર કરે છે.
- આ અભિયાન અંતર્ગત રાજ્ય સરકારે દિલ્હી શહેરના 13 પ્રદૂષણ હોટસ્પોટસ માટે અલગ યોજનાઓ તૈયાર કરી છે.
- આ અભિયાનના કેન્દ્રિત ક્ષેત્રોમાં વૃક્ષોનું પ્રત્યારોપણ, ઈલેક્ટ્રિક વાહનોને અપનાવવા અને ધૂળ નિયંત્રણ જેવા વિવિધ પગલાંઓનો સમાવેશ થાય છે.
- આ અભિયાનની શરૂઆત કરતાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે જાહેરાત કરી હતી કે સરકાર દ્વારા હવા પ્રદૂષણ સામે લડવા માટે લેવામાં આવતા તમામ પ્રદૂષણ વિરોધી પગલાં પર નજર રાખવા માટે દિલ્હીમાં એક 'વોર રૂમ' બનાવવામાં આવી રહ્યો છે.
- દિલ્હીના મુખ્યમંત્રીએ એવી પણ જાહેરાત કરી છે કે 'ગ્રીન દિલ્હી' નામની એક મોબાઈલ એપ્લિકેશન પણ વિકસિત કરવામાં આવી રહી છે, જે લોકો દ્વારા પ્રદૂષણને લગતી પ્રવૃત્તિઓને દિલ્હી સરકારના ધ્યાન પર લાવવામાં મદદ કરશે.

## સ્ટારલિંક મિશન

- તાજેતરમાં સ્પેસએક્સ દ્વારા ફ્લોરિડા ,યુનાઈટેડ સ્ટેટસના કેનેડી સ્પેસ સેન્ટરથી તેના 13માં સ્ટારલિંક મિશન અંતર્ગત 60 સ્ટારલિંક ઉપગ્રહોને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં લોંચ કરવામાં આવ્યા હતા.

### સ્ટારલિંક મિશન વિશે

- સ્ટારલિંક એ 'સેટેલાઈટ ઈન્ટરનેટ તારામંડળ' છે. જે સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવી રહ્યું છે જે ઉપગ્રહ ઈન્ટરનેટ પહોંચ પ્રદાન કરે છે.
- પ્લેનેટેરિયમમાં મોટા ભાગે 'લો અર્થ ઓર્બિટનાના ઉપગ્રહો હોય છે, જે ટ્રાન્સસીવર્સ સાથે મળીને કામ કરે છે.
- વર્ષ 2020માં સ્પેસએક્સ દ્વારા શરૂ કરાયેલ આ 17મું મિશન છે.
- સ્પેસએક્સે એ અત્યાર સુધીમાં 700 થી વધુ સ્ટારલિંક ઉપગ્રહો લોંચ કર્યા છે.
- આ મિશન માટે ફાલ્કન 9 બૂસ્ટરનો ફરીથી ઉપયોગ કરવામાં આવ્યો છે. મે, 2020માં નાસાના બે અવકાશયાત્રીઓને ફાલ્કન 9 રોકેટનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક મોકલવામાં આવ્યા હતા.

## વર્લ્ડ હેબિટેટ દિવસ

- 5 ઓક્ટોબરે વિશ્વભરમાં વિશ્વ હેબિટેટ(આવાસ) દિવસ, 2020નું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વર્ષે ઈન્ડોનેશિયાના સુરાબાયા શહેર દ્વારા વિશ્વ હેબિટેટનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- વર્લ્ડ હેબિટેટ દિવસ,2020 ની થીમ: 'હાઉસિંગ ફોર ઓલ: એ બેટર અર્બન ફ્યુચર' છે.

### વિશ્વ હેબિટેટ(આવાસ) દિવસ વિશે

- સંયુક્ત રાષ્ટ્ર એ દર વર્ષે ઓક્ટોબરના પ્રથમ સોમવારને 'વિશ્વ આવાસ દિવસ' તરીકે નિયુક્ત કર્યો છે.
- આ દિવસ મુખ્યત્વે માનવ વસાહતોની સ્થિતિ અને પર્યાપ્ત વસવાટ માટેના માનવ અધિકાર પર કેન્દ્રિત છે.
- આ દિવસનો હેતુ વર્તમાન પેઢીને યાદ અપાવવાનો છે કે તેઓ ભાવિ પેઢીના આવાસ માટે જવાબદાર છે.
- વર્ષ 1985માં, સંયુક્ત રાષ્ટ્રએ ઓક્ટોબરના પ્રથમ સોમવારે દર વર્ષે વિશ્વ હેબિટેટ દિવસ તરીકે ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.
- વિશ્વ હેબિટેટ દિવસ વર્ષ 1986માં 'આશ્રયસ્થાન મારો અધિકાર છે' થીમ સાથે પ્રથમ વખત ઉજવવામાં આવ્યો હતો.
- દર વર્ષે આ દિવસની ઉજવણી વિશ્વના વિવિધ શહેરો દ્વારા હોસ્ટ કરવામાં આવે છે અને પ્રથમ વિશ્વ આવાસ દિવસ કેન્યાની રાજધાની નૈરોબી દ્વારા યોજવામાં આવ્યો હતો.

### આવાસની દ્રષ્ટિએ વૈશ્વિક પરિસ્થિતિ

- યુનાઈટેડ નેશન્સના આંકડા મુજબ હાલમાં વિશ્વની 55% વસ્તી એટલે કે લગભગ 4.2 અબજ લોકો શહેરોમાં રહે છે અને આ આંકડો ધીરે ધીરે વધી રહ્યો છે.
- અનુમાન મુજબ, વર્ષ 2050 સુધીમાં શહેરી વસ્તી તેના વર્તમાન કદથી બમણી થઈ જશે અને વિશ્વના 10 લોકોમાંથી 7 લોકો શહેરોમાં વસતા હશે.
- રોગચાળો શરૂ થતાં પહેલાં અંદાજે 1.8 અબજ લોકો ઝૂંપડપટ્ટી, અનૌપચારિક વસાહતો અથવા બેઘર રૂપમાં રહેતા હતા, અને રોગચાળા પછી તેમની સંખ્યામાં વધારો થવાનો અંદાજ છે.

- વિશ્વના લગભગ 3 અબજ લોકો પાસે હાથ ધોવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે.

### આવાસની દ્રષ્ટિએ ભારતીય પરિસ્થિતિ

- આંકડા મુજબ, વર્ષ 2001 સુધી ભારતની લગભગ 27.81% વસ્તી શહેરોમાં રહેતી હતી. વર્ષ 2011 ની વસ્તી ગણતરીમાં આ સંખ્યા વધીને 31.16% (એટલે કે લગભગ 377 મિલિયન) થઈ ગઈ છે અને હાલમાં (વર્ષ 2018 માં) તે 34%ની આસપાસ છે.
- વર્ષ 2001 ની વસ્તી ગણતરીમાં શહેરો અને નગરોની કુલ સંખ્યા 5161 હતી, જે વર્ષ 2011માં વધીને 7936 થઈ ગઈ હતી.

## ભારતીય સાંકેતિક ભાષા

- સાંભળી ન શકતા બાળકો માટે 'ભારતીય સાંકેતિક ભાષા'માં અધ્યાપન સામગ્રીની પહોંચ મળી રહે તે હેતુથી 'ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર (ISLRTC)' અને 'રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ કેન્દ્ર (NCERT)' વચ્ચે સીમાચિહ્ન કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરાર દ્વારા, રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની શૈક્ષણિક પુસ્તકો અને સામગ્રી હવે ભારતીય સાઈન લેંગ્વેજમાં પણ ઉપલબ્ધ કરવામાં આવશે, જેનો અર્થ એ કે ભારતના કોઈપણ ભાગમાં રહેતા અને સાંભળી ન શકતા બાળકો સમાન રૂપે ડિજિટલ ફોર્મેટમાં શૈક્ષણિક પુસ્તકો વાંચી શકશે.

### ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર(ISLRTC)વિશે

- ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર (ISLRTC), સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના વિકલાંગતા સશક્તિકરણ વિભાગની એક સ્વાયત રાષ્ટ્રીય સંસ્થા છે. જે ભારતીય સાંકેતિક ભાષાના ઉપયોગને લોકપ્રિય બનાવવા અને ભારતીય સાંકેતિક ભાષામાં શિક્ષણ અને સંશોધન માટે માનવશક્તિ વિકસાવવા માટેની દિશામાં કામ કરે છે.
- 11 મી પંચવર્ષીય યોજના(2007-2012)માં સૌ પ્રથમ સ્વીકાર કરવામાં આવ્યું હતું કે સુનાવણીની ક્ષતિઓની જરૂરિયાતોને અત્યાર સુધી અવગણવામાં આવી છે. વળી, આ યોજના ભારતીય સાંકેતિક ભાષાના વિકાસ અને પ્રમોશન માટે સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્રના વિકાસની કલ્પના કરે છે.
- ત્યારબાદ તત્કાલીન નાણાંમંત્રી વર્ષ 2011-12ના કેન્દ્રીય બજેટમાં ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્રની રચનાની ઘોષણા કરી હતી.

### રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(NCERT) વિશે

- 'રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' એ ભારત સરકાર દ્વારા વર્ષ 1961 માં રચાયેલી એક સ્વાયત સંસ્થા છે, જે શાળાના શિક્ષણ સાથે સંબંધિત બાબતો પર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને સૂચન અને સહાય આપવા માટે બનાવવામાં આવી હતી.

### NCERTના મુખ્ય ઉદ્દેશો

- શાળા શિક્ષણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન, પ્રોત્સાહન અને સંકલન.
- પાઠ્યપુસ્તકો, સંવાદો અને અન્ય શૈક્ષણિક સામગ્રીનું ઉત્પાદન અને પ્રકાશન.
- શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવું.
- રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદનું મુખ્ય મથક દિલ્હીમાં આવેલ છે.જ્યારે તેના ઘણા ઘટક એકમો દેશના અન્ય ભાગોમાં સ્થિત છે.

## વિશ્વ કપાસ દિવસ, 2020

- 7 ઓક્ટોબર, 2020 ના રોજ કેન્દ્રીય કાપડ મંત્રી દ્વારા વિશ્વ કપાસ દિવસ નિમિત્તે પ્રથમ વખત ભારતીય કપાસ માટે બ્રાન્ડ અને લોગો લોન્ચ કરવામાં આવ્યો હતો.
- હવે ભારતના પ્રીમિયમ કપાસને વિશ્વના કપાસ વેપારમાં 'કસ્તુરી કપાસ' તરીકે ઓળખવામાં આવશે.
- કસ્તુરી કપાસ બ્રાન્ડ ગોરાપણું, તેજસ્વીતા, નરમાઈ, શુદ્ધતા, વિશિષ્ટતા અને ભારતીયતાનું પ્રતિનિધિત્વ કરશે.

### ભારતમાં કપાસ સંબંધિત કેટલાક આંકડા વિશે

- કપાસ એ ભારતનો મુખ્ય વ્યાપારી પાક છે અને કપાસ આશરે 6 મિલિયન ખેડુતોને આજીવિકા પૂરો પાડે છે.
- કપાસની બાબતમાં ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક અને સૌથી મોટો વપરાશકાર દેશ છે.
- ભારત દર વર્ષે લગભગ 6 મિલિયન ટન કપાસનું ઉત્પાદન કરે છે, જે વિશ્વના કપાસના 23% જેટલુ છે.
- ભારત વિશ્વના કુલ જૈવિક કપાસના ઉત્પાદનમાં લગભગ 51% ઉત્પાદન કરે છે, જે ભારતના ટકાઉપણુંના પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે.

### જૈવિક ઉત્પાદનો માટે આંતરરાષ્ટ્રીય ધોરણો પર આધારિત એક પ્રમાણપત્ર સિસ્ટમ વિશે

- જૈવિક ઉત્પાદનોની સ્થિરતા, અખંડિતતા અને અંતિમ તબક્કે ટ્રેસબિલીટી સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત સંસ્થાકીય સિસ્ટમ દ્વારા ચકાસાયેલા તુલનાત્મક આંતરરાષ્ટ્રીય ધોરણો પર આધારિત એક પ્રમાણપત્ર સિસ્ટમ આવશ્યક છે.
- તે મુજબ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ 'કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટસ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી(APEDA)' દ્વારા ટેકસટાઈલ મંત્રાલયે જૈવિક કપાસ માટે એક પ્રમાણપત્ર પ્રણાલી ગોઠવી છે જે સમગ્ર ટેકસટાઈલ વેલ્યુ ચેઈનમાં રજૂ કરવામાં આવશે.

### ભારતમાં કપાસની મુખ્ય જાતો વિશે

- સુવિન :– તે ભારતમાં ઉત્પાદિત વિશ્વના સૌથી લાંબા અને શ્રેષ્ઠ સુતરાઉ રેસા છે અને તે તમિલનાડુમાં જ ઉગાડવામાં આવે છે.
- પ્રાકૃતિક રંગીન કપાસ :– કર્ણાટક રાજ્યના ધારવાડ વિસ્તારમાં ઘાટા બ્રાઉન, મધ્યમ બ્રાઉન, લીલા રંગના કુદરતી રંગનો કપાસ ઉગાડવામાં આવે છે.

### ભારતીય કપાસ નિગમ(CCI- Cotton Corporation of India) વિશે

- CCI એ તમામ કપાસ ઉત્પાદક રાજ્યોમાં 430 કપાસ ખરીદી કેન્દ્રો શરૂ કર્યા છે.જે 72 કલાકમાં ડિજિટલી પેમેન્ટ કરીને ખેડૂતોના ખાતામાં કપાસની ખરીદીની ચુકવણી કરે છે.
- કેન્દ્રીય કાપડ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ 'કંપની એકટ,1956' હેઠળ જાહેર ક્ષેત્રના ઉપક્રમ તરીકે 31 જુલાઈ, 1970ના રોજ CCIની સ્થાપના કરવામાં આવી હતી.

### વિશ્વ કપાસ દિવસ વિશે

- 7ઓકટોબર,2020નારોજ,વર્લ્ડટ્રેડઓર્ગેનાઈઝેશન(WTO) દ્વારા વિશ્વ કપાસ દિવસની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વ કપાસ દિવસની શરૂઆત 7 ઓકટોબર, 2019ના રોજ જિનીવામાં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવી હતી.
- WTOદ્વારા ચાર મુખ્ય સુતરાઉ ઉત્પાદક દેશો બેનિન, બુર્કિના ફાસો, ચાડ અને માલીની વિનંતીથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દેશો 'કોટન–4' જૂથ તરીકે પણ ઓળખાય છે.
- વિશ્વ કપાસ દિવસની વાર્ષિક ઉજવણી 75થી વધુ દેશોમાં ઉગાડવામાં આવતા કપાસના મહત્વને માન્યતા આપવા અને ઘણા ઓછા વિકસિત દેશોમાં રોજગાર નિર્માણમાં તેની કેન્દ્રિય ભૂમિકા નિભાવવા અને આર્થિક સ્થિરતા જાળવવા માટે ઉજવવામાં આવે છે.

## ભારતીય વાયુસેના દિવસ (8 ઓકટોબર)

### ભારતીય વાયુસેના દિવસ વિશે

- ભારતીય વાયુ સેના એ 8 ઓકટોબર, 2020ના રોજ પોતાનો 88મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો
- આ પ્રસંગે એર ચીફ માર્શલ રાકેશકુમાર સિંહ ભદૌરીયાએ જણાવ્યું હતું કે, વાયુસેનાએ પોતાની પ્રતિબદ્ધતા અને ઓપરેશનલ ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે અને જરૂર પડે ત્યારે કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં અસરકારક રીતે વ્યવહાર કરવામાં સક્ષમ છે.
- શ્રી ભદૌરીયાએ જણાવ્યું હતું કે ઉભરતાં સુરક્ષા દૃશ્ય માટે મજબુત એરફોર્સની ખૂબ જ જરૂર છે જેથી તે તમામ મોરચા પર તમામ પ્રકારના યુદ્ધ માટે સક્ષમ છે. તેમણે કહ્યું કે એરફોર્સ તમામ ક્ષેત્રોમાં સ્વનિર્ભર બનવા માટે સ્વદેશી ઉપકરણોની દિશામાં આગળ વધી રહી છે અને એરોસ્પેસના ક્ષેત્રમાં સ્વદેશી તકનીકના વિકાસ પર કામ કરી રહી છે.
- તેમણે કહ્યું કે વાયુસેના પાંચમી પેઢીના લડાકુ વિમાન બનાવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

## SBI ના નવા અધ્યક્ષ

- કેન્દ્રીય મંત્રીમંડળની નિમણૂક સમિતિએ 'દિનેશકુમાર ખારા'ને 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા'ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.
- રજનીશ કુમારની જગ્યાએ તેમની નિમણૂક કરવામાં આવી છે. રજનીશ કુમારે પોતાનો ત્રણ વર્ષનો કાર્યકાળ 06 ઓકટોબર, 2020ના રોજ પૂર્ણ કર્યો હતો.
- નાણાં મંત્રાલયે જાહેર કરેલ જાહેરનામા મુજબ દિનેશકુમાર ખારાનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સિનિયર મોસ્ટ મેનેજિંગ ડિરેકટર, દિનેશકુમાર ખારાના નામની ભલામણ 'બેંક બોર્ડ બ્યુરો દ્વારા કરવામાં આવી હતી.
- જાહેર ક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓના ઉચ્ચ અધિકારીઓની પસંદગી કરતા બેંક બોર્ડ બ્યુરોના સભ્યો દ્વારા SBIના ચાર મેનેજિંગ ડિરેકટરના ઈંટરવ્યુ લેવામાં આવ્યા હતા.

- SBI ના અધ્યક્ષની નિમણૂંક બેંકમાં સેવા આપતા ડિરેક્ટરના જૂથમાંથી થાય છે. દિનેશકુમાર ખારાને ઓગસ્ટ, 2016માં SBIના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. બાદમાં પ્રદર્શન સમીક્ષાના આધારે તેમને વર્ષ 2019માં બે વર્ષનુ સર્વિસ એક્સ્ટેંશન આપવામાં આવ્યું હતું.

## પ્રસાર ભારતી અને ઇફ્કો વચ્ચે સમજૂતી પત્ર

- પ્રસાર ભારતી અને ઈફકોએ નવી કૃષિ ટેકનોલોજી અને નવીનતાઓને પ્રોત્સાહન આપવા અને તેના પ્રસાર માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કરાર મુજબ, ડીડી ખેડૂત હવે કૃષિ ક્ષેત્રમાં પ્રચલિત વિવિધ નવીન અને વિવિધ પ્રકારની તકનીકીઓનું પ્રસારણ કરશે.
- ખેડૂતોના હિત માટે, આ કાર્યક્રમ શ્રેણી 30 મિનિટની હશે અને તે ખૂબ જ સરળ ભાષામાં હશે.
- સરકારના આ પગલાનો હેતુ ખેડુતોને આત્મનિર્ભર બનાવવાનો છે.આનાથી ખેડુતોને નવી કૃષિ તકનીકો અને તેના અમલીકરણ વિશે સમજાવી શકાશે.
- દૂરદર્શનના ડાયરેક્ટર જનરલ મયંક અગ્રવાલે જણાવ્યું હતું કે પ્રસાર ભારતી અને ઈફકો વચ્ચેના આ કરારથી વૈજ્ઞાનિકો દ્વારા લેબોરેટરીમાં કરવામાં આવેલા નવીનતાઓને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

## સાહિત્ય માટે નોબલ પુરસ્કાર

- 8 ઓક્ટોબર, 2020ના રોજ અમેરીકાની કવીયત્રી 'લુઇસ ગ્લુક'ને વર્ષ 2020 માટે સાહિત્યનું નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યું હતુ.
- 'લુઇસ ગ્લુકને આ નોબલ પુરસ્કાર' તેમના અવિચારી કાવ્યાત્મક સ્વર માટે કે જે વ્યક્તિગત અસ્તિત્વને સુંદર રૂપે વ્યક્તિગત કરે છે' તેના માટે આપવામાં આવ્યુ છે.
- લૂઇસ ગ્લુકને વર્ષ 1993માં 'ધ વાઇલ્ડ આઇરિસ' માટે પુલિત્ઝર પુરસ્કાર અને વર્ષ 2014 માં 'ફેઇથફુલ એન્ડ વર્ચ્યુઅસ નાઇટ' માટે નેશનલ બુક એવોર્ડ મળ્યો હતો.
- લૂઇસ ગ્લુકએઓલ્ગા ટોકાર્ઝુક, સ્વેત્લાના એલેક્સીવિચ અને એલિસ મુનરો પછીની ચોથી મહિલા છે, જેણે સાહિત્યમાં નોબલ પુરસ્કાર જીત્યો છે.
- વર્ષ 1968 માં, લુઇસ ગ્લુકનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ફર્સ્ટબોર્ન' પ્રકાશિત થયો હતો જ્યારે તે માત્ર 25 વર્ષની હતી.

## એમ.રાજેશ્વર રાવ

- ભારતીય રિઝર્વ બેંકના એકિઝક્યુટિવ ડિરેક્ટર 'એમ.રાજેશ્વર રાવની RBIના 'ડેપ્યુટી ગવર્નર' તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- એમ. રાજેશ્વર રાવ ચોથા ડેપ્યુટી ગવર્નર તરીકે 'એન.એસ.વિશ્વનાથન'નું સ્થાન લેશે.
- રાજેશ્વર રાવ વર્ષ 1984માં રિઝર્વ બેંકમાં જોડાયા, ત્યારથી તેઓ વિવિધ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે. વર્ષ 2016માં, તેમણે રિઝર્વ બેંકના એકિઝક્યુટિવ ડિરેક્ટરનું પદ સંભાળ્યુ હતુ.
- હાલમાં તેઓ RBIના આંતરિક દેવા સંચાલન, નાણાકીય બજારો, આંતરરાષ્ટ્રીય અને સચિવ વિભાગોના કારભાર સંભાળે છે.

## ગોવા: 'હર ઘર જલ' ધરાવતું પ્રથમ રાજ્ય

- તાજેતરમાં 2.30 લાખ ગ્રામીણ પરિવારોને આવરી લેતા ગ્રામીણ વિસ્તારોમાં 100% કાર્યાત્મક ઘરેલુ નળ જોડાણો પૂરા પાડીને ગોવા દેશમાં 'હર ઘર જલ' ધરાવતું પ્રથમ રાજ્ય બન્યું છે.
- જલ જીવન મિશન હેઠળ ગોવાના ગ્રામીણ વિસ્તારોમાં 100% 'ફંકશનલ ઘરેલુ નળ કનેકશન' ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- આ મિશનનો હેતુ ગ્રામીણ સમુદાયોનું જીવનધોરણ સુધારવાનો અને તેમનું જીવન સરળ બનાવવાનો છે.
- ગોવામાં પાણીની ચકાસણી સુવિધાઓને મજબૂત કરવા માટે 14 પાણીની ગુણવત્તા ચકાસણી પ્રયોગશાળાઓ(Water Quality Testing Laboratories)'રાષ્ટ્રીય પરીક્ષણ અને કેલિબ્રેશન પ્રયોગશાળા માન્યતા બોર્ડમાં માન્યતા પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં છે.
- 'જલ જીવન મિશન' અંતર્ગત, દરેક ગામમાં 5 વ્યક્તિઓ, ખાસ કરીને મહિલાઓને ફીલ્ડ ટેસ્ટ કિટના ઉપયોગની તાલીમ આપવામાં આવશે, જેથી ગામમાં જ પાણીનું પરીક્ષણ થઈ શકે.

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ

- દર વર્ષે '10 ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસમનાવવામાં આવે છે. જેની શરૂઆત 'વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ' દ્વારા કરવામાં આવી હતી.

- આ વર્ષે 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની થીમ 'બધા માટે માનસિક આરોગ્યઃ મહત્તમ રોકાણ, મહત્તમ પહોંચ' છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ માનસિક સ્વાસ્થ્યમાં આપણી ભાવનાત્મક, માનસિક અને સામાજિક સુખાકારીનો સમાવેશ થાય છે. તે વિચારવાની, સમજવાની, અનુભૂતિ કરવાની અને કાર્ય કરવાની આપણી ક્ષમતાને અસર કરે છે.
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ સૌ પ્રથમ વર્ષ 1992માં યુનાઈટેડ નેશન્સના ડેપ્યુટી સેક્રેટરી જનરલ અને વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થના ઉપક્રમે ઉજવવામાં આવ્યો હતો.

## સાગર કવચ

- ભારતીય નૌસેનાએ 'સાગર કવચ' નામની બે દિવસીય દરિયાઈ સુરક્ષા કવાયત હાથ ધરી હતી. ભારતીય નૌકાદળ દ્વારા ભારતીય કોસ્ટગાર્ડ સાથે સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી હતી.
- દરિયાઈ સુરક્ષા તંત્રની તપાસ કરવા અને પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ અર્ધ–વાર્ષિક કવાયત છે.
- ભારતીય કોસ્ટગાર્ડના લગભગ 50 પેટ્રોલિંગ જહાજો અને ભારતીય નૌકાદળના 20 વહાણોએ આ કવાયતમાં ભાગ લીધો હતો.
- ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ ઉપરાંત ગુપ્તચર બ્યુરો, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, મરીન એન્ફોર્સમેન્ટ વિંગ, ફિશરીઝ ડિપાર્ટમેન્ટ, કોચિન શિપયાર્ડ અને કોસ્ટલ ડિસ્ટ્રિક્ટ એડમિનિસ્ટ્રેશન પણ ભાગ લીધો હતો.
- પ્રેક્ટિસ દરમિયાન સહભાગીઓને રેડ અને બ્લુ નામની બે ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા. રેડ ટીમે દરિયાકાંઠાના વિસ્તારોમાં ઘુસણખોરીનો પ્રયાસ કરતી આતંકવાદી પ્રવૃત્તિઓનું અનુકરણ કર્યું હતું. ઘુસણખોરીના પ્રયાસોને તટસ્થ બનાવવા માટે બ્લુ ટીમે દરિયાઈ સુરક્ષા સુરક્ષા દેખરેખ હાથ ધરી હતી.

## નોબલ શાંતિ પુરસ્કાર

- સંયુક્ત રાષ્ટ્રના 'વિશ્વ ખાદ્ય કાર્યક્રમ(WFP-World Food Programme)ને વર્ષ 2020 માટે નોબલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
- 'વિશ્વ ખાદ્ય કાર્યક્રમ(WFP)ને આ સન્માન ભૂખ સામે લડવા, સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ માટેની પરિસ્થિતિમાં સુધારો કરવા અને યુદ્ધ અને સંઘર્ષમાં ભૂખને એક હથિયાર તરીકે ઉપયોગ કરતા અટકાવવાના પ્રયત્નોમાં એક પ્રેરક શક્તિ તરીકે કાર્ય કરવા બદલનોબલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર માટે WFPની પસંદગી દ્વારા, નોબેલ સમિતિએ લોકોનું ધ્યાન વિશ્વના લાખો લોકો તરફ ધ્યાન આપવાનો પ્રયાસ કર્યો છે, જે ભૂખમરાથી પીડિત છે અથવા તેના ભયનો સામનો કરી રહ્યા છે.
- વર્ષ 1901 માં નોબલ શાંતિ પુરસ્કારની સ્થાપના થઈ ત્યારથી WFP 28મી સંસ્થા છે જેને આ સન્માન આપવામાં આવ્યું છે.

### Back to basics : 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ'(WFP) વિશે

- વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ એ સંયુક્ત રાષ્ટ્રની અન્ન–સહાયક શાખા છે. તે વૈશ્વિક સ્તરે ભૂખમરાની સમસ્યા સામે લડવા અને ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે કામ કરતી સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે.
- વર્લ્ડ ફૂડ પ્રોગ્રામની સ્થાપના વર્ષ 1961 માં કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક રોમ,ઈટલી ખાતે છે.
- વર્લ્ડ ફૂડ પ્રોગ્રામનું સંચાલન એક એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા કરવામાં આવે છે, જેમાં 36 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- તેની અધ્યક્ષતા એક એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કરે છે, જેની નિમણૂક સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અને સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠનના ડાયરેક્ટર જનરલ દ્વારા કરવામાં આવે છે. એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની નિમણૂક પાંચ વર્ષની મુદત માટે થાય છે.

### ભારતમાં ખાદ્ય સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં WFP ની ભૂમિકા વિશે

- WFP વર્ષ 1963થી ભારતમાં કાર્યરત છે. ભારતની 'લક્ષિત જાહેર વિતરણ પ્રણાલીમાં(TPDS) સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત, તે લોકો સુધી ખાદ્ય વપરાશને સુધારવા માટે નીતિગત ઈનપુટ, તકનીકી સહાય વગેરે પ્રદાન કરે છે.
- TPDSના અસરકારક અમલીકરણ માટે WFP દ્વારા 'ઓટોમેટિક ગ્રેઈન ડિલિવરી મશીન' (અનાજ સપ્લાય) અને 'મોબાઈલ સ્ટોરેજ યુનિટ' જેવી કેટલીક પહેલની દરખાસ્ત કરવામાં આવી છે.
- WFPના જણાવ્યા અનુસાર, ડિસેમ્બર,2018થી 4,145 ટન 'ફોર્ટિફાઈડ ચોખા'નું ઉત્પાદન કરવામાં આવ્યું છે અને વારાણસીમાં પાયલોટ કાર્યક્રમ હેઠળ ૩ લાખ શાળાના બાળકોને તેનું વિતરણ કરવામાં આવ્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT